सुमति विलास.

સર્વ આર્ય જનોને સારૂ

છપાવી પ્રસિદ્ધ કરનાર

रावळ. देवशंकर रामचंद्र.

વઢવાણવાળા.

अमदावादमां

માણેકચોક આગળ કાગદીઓળની સામે શા૦
હીરાભાઈ પુંજાસાના મકાનમાં "અમદાવાદ
ટાઈમ્સ પ્રેસ"માં

शा. काळीदास सांकळचंदे छाप्यो.

સંવત ૧૯૩૭ સને ૧૮૮૦

કીમત છ આના.

प्रस्तावना.

સર્વ સુજ્ઞ સદ્ગૃહસ્થોને વિનંતી કે–આ સુમતિ વિલાસ નામનું પુસ્તક કે જેમાં સુમતિ એટલે સારી નીતિથી ચાલનાર સજ્જનોને આ ક્ષણભંગુર દુનીયામાં કેવા કેવા ફાયદા થાય છે તે તથા કુમતી એટલે ખોટી બુદ્ધીથી તથા નીચ્ચાં કૃત કરનારની સોબતથી કેવાં કેવાં નઠારાં ફળ નિપજે છે તે મેં મારી અલ્પબુદ્ધિથી ટુંકામાં દર્શાવેલું છે. તથા પરચુરણ વિષયો દાખલ કરેલા છે.

આ મારો પ્રથમનો અભ્યાસ હોવાથી તેની અંદર જે કાંઈ ભુલ થઈ હશે તો તે ક્ષમા કરશો, અને તે મને લખી જણાવશો તેનો હું મોહોટો આભારી થઈશ.

લી૦ શેવક દેવશંકર રાગચંદ્ર.

सूमति विलास.

मंगळाचरण.

શાર્દૂલ વિક્રિડીત છંદ.

વીદ્યાધાર વરીષ્ટ વિઘ્ન હરતા આધાર તારો ધરો;
દીનાનાથ દયાળ દીલ દિનના સૌ દૂખ સ્નેહે હરો;
ત્રાતા છો સુખ સૌ ચહો જગતમાં લીલા અતી તાહરી;
સાક્ષાત પ્રભુ સૃષ્ટિમાં સુખ નિધી પીડા કરોને પરી.
આજુ મંગળ મંગળા ચરણમાં આણંદકારો અતી;
પૂરો સર્વ મનોરથો મુજ તણા હે વીશ્વના શ્રીપતી;
જો હોવે પ્રભુ તાહરી શુભ કૃપા તો કામ સર્વે સરે;
વાણીનો ન વિનોદ વીમળ વળી જાણું જરા ના ખરે;
દેવાધી પ્રભુ દેવ મેર કરિને આપો સદા સૂમતી,
થાવે કાંઈક કાલિ ઘેલિ કવિતા મારી યથા જે મતી;
આપી આ અવની વિશે મનુષ્યને કેવી રિતે ચાલવું;
સૂકાર્યે સુખ દેવ શંકર સદા આનંદમાં મ્હાલવું.

इश्वर स्तुति गीतीछंद.

જય જય જય ગુણત્રાતા, ધ્યાતા સૌ શુભ ચાતા સુખ આપે;
મન ક્રમ વચને તારૂં સારૂં સ્મરણ કરતાં દુખ કાપો.

दोहरा.

પ્રથમ પ્રભૂ પાયે નમી, હેત જોડી હાથ;
અર્જ કરૂં છું એટલી, નેહ ધરો મુજ નાથ.

અકલ નથી કાંઈ એવડી, યથા શક્તિ મુજ જ્ઞાન;
લઘૂ પુસ્તક લાભે કરૂં, ધરિ ઈશ્નું ધ્યાન.
શાણા સમજુ જે શુણો, સંગ પ્રસંગે દોષ;
દરગુજર કરી દેખશો, લેશ ન ધરશો રોષ.

मनहरछंद.

પ્રભુ પૂરો આશ મારી, આજ તો આનંદ કરી;
કરૂં અર્જ એજ, સદા સ્હાય દાસ કીજીએ;
હઈયા કેરી પુરો હામ, સિદ્ધ કરો શુભ કામ:
આપી દામ હામ નીત્ય, નિભાવી તો લીજીએ;
એક છો આધાર મારે, દનિયામાં દુજો કોય;
જાણું નહીં અન્ય ઓથ, ઈશ વિના અન્યની;
નિસ દિન નાથ મારી, ભાળ લયોછો ભાવે કરી;
અંતર આફીને પડી, પરિક્ષા ચૈતન્યની.

समजूती दोहरा.

જનમી જનને જગતમાં, નિશ્ચે જાવું જાણ;
સ્વપ્નું છે સંસાર આ, પળનું નથી પ્રમાણ.
માટે સમજૂ સકળ જન, તજી અનીતી આપ;
ઈશ્વરને આરાધશો, જશે ત્રિવીધી તાપ.

दोहरा.

દુનિયા નામે દેશમાં, વપૂવંતી વિશ્રામ;
શીવસીંઘ સ્નેહે કરે, રાજ કાજ અભિરામ.

રાજ ચલાવે રીતથી, કરે ધ્યાનને પાન;
ઉમર સૌ એળે ગઈ, પેટ નહીં સંતાન.
ઈશ્વરને આરાધીયા, પ્રસન થયા પરમેશ;
વચન કહ્યું વિવેકથી, થશે સપૂત્ર નરેશ.
કામનિને દિવશ રહ્યા, હઈડે હર્ષ અપાર;
નગ્રવાસીઓ નેહથી, બોલે જયજયકાર.
જીવ રહ્યો જુકતે કરી, ગર્ભ પૂર્વા વાસ;
દુખ દિવશ સંભારીને, અર્જ કરી અવિનાસ.

गर्भस्थानमां जीव प्रभूने अर्ज करे छे. दोहरा.

જગત તાત એ જન્મ દે, જનુંની જઠરા માંઈ;
ઊંધે મુસ્તક આચરૂં, અતિ દુખ પામુ આંઈ.
રાત દીવસ રસના રટિશ, હેતે વાર હજાર;
કેસવ કરૂણા મુજ કરો, આ દુખ આણો પાર.
મોહ માયામાં મન નહી, જગત નહીં જંજાળ;
શ્રી હરિ સ્મર્ણુન નિત્ય કરી, કાઢિસ મારો કાળ.
નાથ નજર કર નેહની, ગર્ભવાસ નવ માસ;
ઉગારો મુજ આ સમે, પૂરો સેવક આસ.
મળ મુત્રે મુંઝાઊછુ, હાડ માંસ રૂધીર;
તાપ તાઢ વર્ષા નહિ, સિતળ નહીં સમીર.
અન જળ નિંદ્રા ઉર નહીં, દેખુ ના કાંઈ દ્રષ્ટ;
અંતર ઈસ રમી રહ્યા, કેસવ કાપો કષ્ટ.
ચિત નહિં ચુકું મંત્રમુજ, આરાધુ અવિનાસ;

ઊગારે આપત હરિ, દેવ દિન નિજ દાસ.

पूत्र जन्मनी वधामणीथी थाते क्रिया. दोहरा.

પૂરે માસે માનુની, પ્રસવ્યો પુત્ર અનુપ;
નર નારી રીઝયાં ઘણાં, જોઈ પૂત્રનું રૂપ.
સાકર વેંચિ શેહેરમાં, વિધ વિધ વસ્ત્ર અપાર:
આપ્યા સૌ આનંદથી, પઠતાં નાવે પાર.

गोर पासे नाम पडावी जन्म कुंडळी करावना विषे.

मनहर छंद.

પુરાણીને પ્રીત થકી, જોવરાવા શુભ જોસ;
હેયામાં ધરીને હોંસ, પાસે તેડયા પ્રીતથી.
કુવરનું કહો નામ, પ્રીત કરી પાડીએ શું?
કેવા થાશે કુંવર, કહોને ગુરૂ હિતથી.
પ્રાણપતી પ્રેમ થકી, નામ ધર્યું નેહ થકી;
બહુ ગુણ બુધ્ધિશાળી, થશે રૂડો રાજવી.
ચલાવશે ચાતુરીથી, રાજ કાજ રૂડી રીત;
પ્રાણપતિ પ્રજા તણા, સહુ શીર સાજવી.

शरीर रुपि शेहेरनुं वर्णन. छपा.

રચ્યું નગ્ર રમણિક, વપુવતી વિશ્વ વખાણે;
દસ મુકયાં છે દ્વાર, દ્વારપાળક પરમાણે;
ત્વચા અસ્તીનો કોટ, ઓટ કે આંચ ન લાગે;
જાવક આવક જુથ, ઘંટ ઘડીઆળાં વાગે;

રક્ષક રૂડી રીતથી, નીજ કામો કરતા ફરે;
પ્રાણપતીનું પ્રીતથી, રાત દિવસ રક્ષણ કરે.

बाळक्रिडा. सवैया.

બાળક બાળપણામાં કાલું, વહાલું બોલવું લાગે છે;
સુંદીર સુતનું વદન સુધાકર, દેખી દુખડાં ભાગે છે.
ભૂખ માગ્યું ખાવાને ખાજું, તાજું તાજું આપે છે;
દીકરો દીલમાં મોટો થાવા, તાત તાપણી તાપે છે.

हरिगीतछंद.

છત્રથી થાતી છાંયડી સુખાસને બીરાજતા,
આરૂઢ અશ્વ થતા કો દિન ચઢી ગજપર ગાજતા;
રમતા તે રમત રાજવી જમતા તે ભોજન ભાવતાં,
દિન રૈન પડતાં ચેન સ્નેહે સરસ સુખ ધરાવતાં.

संसार चलाववा वेहेवारीक रीतथी वाकेफगारी मेळवी गृहस्थाश्रम विशे. चोपाई त्रणतालनी,

એમ પુત્ર થયો વર્ષ બાર, ભણ્યો વિદ્યા અતી અનુસાર;
અસ્ત્ર સસ્ત્રને શાસ્ત્ર કથાય, ગુણ ગુર્જરી ભાણીયો રાય.
ઉર્દુ ઈંગ્લીશ હીંદી મરેઠી, તુર્ક તાર્તરી અરબીને પેઠી;
કર્યા કાયદા કળવાણી પૂરી, અન્ય એકે ન રાખી અધુરી.
સીવસીંધે સોંપ્યું સુત રાજ, માત તાત ગયાં તપ કાજ;
મુક્યો પુત્ર વપુવંતી માંહે, અતી સુંદીર શોભાએ જ્યાંહે
રાજ લગામ લીધી હાથ, કરે રાજ વપુવંતી નાથ;

પૂર વાસી જે વર્ણ અઢાર, સુખ સાંતી રહે નરનાર.
અન્ય ઉપાધી નહી નીજ દેશ, એમ રાજ કરે છે નરેશ;
જાર જુલમ ચોર ચોખાર, લુટ્યા પાપીનો આણ્યો પાર.
એવો રાય ભર્યો ગુણ રૂપે, સોભે કામથી અધિકે અનુપેઃ
વધી આબરૂ અવનીમાં સારી, જાંગીરી જુગતેથી વધારી.
માગાં મોકલે મોટેરા રાય, ગુણવંત ગોરીને ચાય;
પતિવૃતા પદમણી નાર, જોવરાવે જગત મોઝાર.
ઓળી કાઢી કરીને ખમીન, વેવીશાળ કરી વાધી પ્રીત;
કેક દેશનો કલ્પીત રાય, બાળા રૂપ બહુ કહેવાય.
સુમતી અને કુમતી નામ, જેનો વિધી વખાણે ભામ;
પુત્રીઓ બન્ને પરમ નીધાન, રૂપે માનુની મુકે માન.
પતિવૃતા બહુ ગુણ બાળા, જોઈ જગત મટે મોહ જવાળા;
એના રૂપથી આડો આંક, રતી રંભા રહે થઈ રાંક.
પ્રતાપી પ્રાણ પતીની સાથ, પરણાવો પાણીગ્રહી હાથ;
જોડી જુગમાં નહી કોય જોય, સુમતી સુંદરી એમ સોય.
ઉર આનંદ અંગ ન માય, વર કન્યાઓ પરણીને જાય;
વપુવંતીમાં વિશ્રામ કીધો ગ્રહસ્થા શ્રમને લાવ લીધો.

सुनीतीवान प्रधाननी सलाह. मंदाक्रांताछंद.

પ્રીત્યે નીત્યે પ્રભુનિ સર્વદા સેવ આનંદકારી,
શાંતીથી શુભ ગુણ સજીને ભાવથી ભક્તિ ધારી;
હાવે ભાવે જગત જન સૌ સાથ લ્યો કીર્તિ સારી,
જાવું નીશ્ચે સમજ પણ, કો ના ધરે ભીતી ભારી.

दुमिलाछंद.

જન જે મન જાણિ લહો ચિતમાં પ્રભુ ભીતર ભીતિ સદા ધરવી;
ગતિકાળ તણી સમજી વસમી ગત ભાવ ધરી ભકતી કરવી;
તજવા તનના દુરગુણ અને ધરણીધર પ્રીત સદા ધરવી;
પ્રભુ પ્રેમ ધરી સજવા ગુણ સાર નકી નિચ સંગતતો હરવો.

दोहरा.

જનમ સાથ જાવું વળી, આપ્યું છે અવિનાશ;
રાય હશો કે રંક પણ, નામ ધર્યું એ નાશ.
સ્વારથ અર્થે સકળ જન, રિધ્ધસિધ્ધ ચિતમાં ચાય;
જાવું નીશ્ચે એક દિન, ચતુર ચિત પ્રભુ ચાય.

सुमतीनी मुलाकात. दोहरा.

સુમતી સાથે સ્નેહથી, ભુવન પધારયા ભુપ;
પ્રાણપતી પ્રેમી થયા, સુમતીને શુભ રૂપ.
શિરનામી કરજોડીને, બોલી મધુર વચન;
શીક્ષા સ્વામી સાંભળો, પ્રીતે પ્રાણ જીવન.

सुमतीनी प्राणपती प्रत्ये शिखामण. दोहरा.

નહી સુખ સંસારમાં, લિયો જગતમાં જાન;
નામ ધર્યું એ નાશ છે, મોટમ મૂકો માન. . 1
કર્યા કરમ સૌ ભોગવો, કરશો ભરશો જેહ;
તલ ઘટે નવ જવ વધે, શાણા નહિ સંદેહ. 2
હર્ષ શોક નવ આણીયે, લખ્યા લેખ જે હોય;

અતિ દૂખ આવી અડે, તાતા થવું ન તોય. ૩
સૂખ દૂખ સરજ્યું પડે, કરી શકે શું કોય;
કરિયે કોટિ ઉપાય પણ, હરી કરે તે હોય. ૪
સુખ લીધું સંસારમાં, અંતરમાં અવિનાસ;
જનમ સફળ તે જાણવો, વેગે વૈકુંઠવાસ. ૫

ઇંદ્રવજ્રા છંદ

સેવો પ્રભુજી મહિ શુભ પ્રીતી, નીશ્ચે ધરો મોતની મંન ભીતી;
ભાવું જરૂરે નિજ દિલ જાગ્યો, જાણ્યા છતાં ઉર પ્રભૂ ન આણ્યો.
શાને કરોછો ગતિહીણ ગાથા ધ્યાને ધરોના દિન થોડુ નાથા;
જાશે તમારો જુગ આમ આખો, સ્નેહે સદા શ્રી પ્રભુ ધ્યાન રાખો

લીલા છંદ.

સ્નેહે ભજો ભાવથિ ભુદેવ તાત માત,
દૂરે કરો દીલ અને ઓધ ઉર ત્રાત;
ધારો ધણી એક અભધૂન ઓળિ ખ્યાત,
ભાવે ભણ્યો ભેદ ભગવાન વાલિ વાત.

રાગ ગરબી.

જુગ જોને વિચારી જીવડારે, આવ્યો અવનીમાં ધરી અવતાર.
નામ થાયું જગત નાસછે નકીરે. (ટેક)
અતિ ઉપાયે મનુષા આવિયોરે, ભજી ઇસ પામો ભવપાર નામ.
સેવો ઇસ દીન નીસ નેક નાયનેરે, જાયે જન્મ મરણ ભવભાર નામ.
મિથ્યા માયાને મોહ રૂપ જાણજોરે, સર્વ સ્વારથી છે સંસાર, નામ.

ફરિ દુર્લભ દેહ આ નહી મળેરે, અપ્ર આયુષ્ય ભક્ષે કાળ. નામ.
સુખ સ્નેહી સંપત સર્વ સ્વપ્નછેરે, જીવ જાણો જુઠી જંજાળ. નામ.
સુધ્ધ ચિતે સદાકાળ ઈસનેરે, ભજો ભાવઠ ભાગે ભુખ. નામં
પરિબ્રહ્મ આધાર એોધ પદ્મછેરે, દેવ શંકર સદા રહે સુખ. નામ

ગરબી,

જન્મ ધારી જીવ જગતમાં, જાવું નિશ્ચે જાણજી;
અમ્મર કોઈ અવની નથી, ક્ષણું હર્ષને વળી હાણ્ય.
પ્રભુપર પ્રેમ ધર પ્રાણીરે, અંતે કોઈ નાવે કામરે; (ટેક)
મારૂં મારૂં મીથ્યા પ્રાણી, સ્વપ્નવત સંસારજી;
સગાં સુત સંપતી સ્નેહી, કોનાં ધરને બાર. પ્રભુ૦
અવનીમાં અવતાર ધારી, પૂરણ સહ્યા પરીતાપજી;
કોડી જીવડા કામ નાવી, કોના ભાઈને બાપ. પ્રભુ૦
અંત અળગાં સૌ રહે, નહી લેસ આવે કામજી;
સર્વ જાણો સ્વારથી, લહો ઈસ અંતર નામ. પ્રભુ૦
પ્રભુ નામે પાઈ ન બેસે, જન્મ મરવું જાયજી;
ભૂખ ભાગે ભવો ભવની, સફળ ફેરો થાય. પ્રભુ૦
ચેતિ ચાલો ચીત્ત પ્રાણી, ખલક સઘળી ખેલજી;
કાયાનો નિરધાર ન મળે, મિથ્યા માયા મેલ. પ્રભુ૦
સુદ્ધ ચિત્તે સ્યામ સમરો, સરવ સરસે કાજજી;
પ્રભુ ભજતાં સુખ પુરણ, રાખે ઈશ્વર લાજ. પ્રભુ૦
ઈસ આસ્થા ઉર નીસ દીન, પરમ પદ ભવ પારજી;
સરણ રાખો સામળા, પ્રભુ ઉતારો ભવપાર. પ્રભુ૦

इंद्रविजयछंद.

કોઇક જન લિયો જગમાં નવ નેહથિ ભોગવિ આયુષ્ય આવી,
બાળ યુવાન થયો નિજ કાળ રહી પથિ જવાળ જરા ખપ નાવી;
માત અને વળિ તાત તણું સુખ સંપતિ છોરૂ નહી પણ સાથે,
દાન દયા પ્રભુ ધ્યાન ચુકયો ચિત દારૂણ દુખ રહે તુજ માથે;
આગળથી અડ બાંધ અને પ્રભુ નામ લડે શુભ જો નિજ ધારે,
કાળ ગતી કરતાં જગમાં જન આયુષ્યનો નિરધાર ન ધારે;
જે કરવું કામ સદા શુભ નામ પ્રભુ પદ હામ ધરી જન જ્યારે,
જાવું જરૂર નકી મન જાણ ચુકો ચિત કેમ અરે ઇસ ત્યારે.

राग धीराना पदनो.

પ્રભુ ભજો પ્રીતરે, રીત રૂડાં કાર્ય થશે;
પુન્ય કરો પૂરાંરે, ભટકણ ભવ ભાંગી જસે. (ટેક)
જગત તણી જીવ જુઠી બાજી, સ્વપ્નું છે સર્વ સંસાર;
કુંભ કાચો કાયા વેગે વણસસે, જીવ જતાં નથી વાર.
ચતુર ચિત ચેતારે, ખલક એલ ખાલી થશે;
પ્રભુ ભજો પ્રીતરે; રીત રૂડાં કાર્ય થશે.
છૈયાં છોરૂ સુત વીત દારા, સગાં સંબંધી જોય;
ધન દોલતને મંદીર મેઢી, મહાસુખ મહીમા હોય.
અંતે નહી આવેરે, સ્નેહી સહુ છેટાં થશે;
પ્રભુ ભજો પ્રીતરે, રીત રૂડાં કાર્ય થશે.
વિઠલ ભજતાં વાર ન કરવી, કાળ છોડે નહી કોય;
રંક કે રાજા સુરા કે સૂબા, જરા જુવાની હોય.

જાતન જીવ કરજોરે, કાયા મુકી ક્યાંહી જસે;
પ્રભુ ભજો પ્રીતરે, રીત રૂડાં કાર્ય થસે.
દાન દયા અને ધ્યાન ધર્મમાં, પર્મ ગતિ પરમેશ;
નિતીની રીતે નેહે નારાયણ, હામ હૈયાની હમેશ.
પ્રભુ પ્રેમે પુરોરે, સદા દાસ સુખ થશે;
પ્રભુ ભજો પ્રીતરે, રીત રૂડાં કાર્ય થશે.

फरी राय प्रत्ये सुमतीनो इश्वर स्मर्णन करवा सुबोध.

दोहरा.

કંથ કથું શું કથન હું, ઉગરવા શી આશ;
નેત્રે નિરખી જગત જન, પડે મોહની પાશ.
ભવસાગર ભૂલા પડે, સરસ નથિ કાંઈ સર;
ઉપાધી અવની તણી, નાથ ન આવે પાર.
તે માટે ચેતી તમે, નાથ ન ધરશો નેહ.
નીમીષ સ્વપ્ન નિશા તણું, રખે ભુલતા જેહ;
જન્મી જન્મા સૌ જસે, જશે વળી જાણનાર.
પ્રભુ ભજો જો પ્રીતથી, તો તરશો ભવપાર.

हरिगीतछंद.

સુમતી સમજાણ સરસ સમજી રાય મન રાજી થયા,
ઉપાધી અવની અવર દુર ગુણ છેહથી છેટે ગયા;
સંસાર સ્વપ્નું સમજતાં માયા કરી મમતા પરી,
સુમતી કેરા સરસ મતથી ધ્યાન હરીહરનું ધરી.

प्राणपतीनुं नीतीथी राज्य चलावबुं.

भुजंगछंद.

રૂડી રાજરીતી ધરી દીલ ભીતી, કરે કામ નીતી ન ચાલે અનીતી;
પ્રજન પેટ ધારી નહી વાત ન્યારી, મળે દાદ સારી સદા દૂખ હારી
ગણે ત્રાણ તોલે નહી સૂખ ખોલે, પ્રજા પ્રીત ડોલે ખરી વાત બોલે;
કરી દૂર માયા પ્રભૂ ગુણ ગાયા, ગણી કૂડ માયા ચિદાનંદ ચાયા.

सुमतीना सुबोधथी प्राणपतीने थएल असर कुमतीनी दासीना जोवामां आवतां. छप्पो.

કુમતી કેરી દાસ, નામ કુડી છે જેનું;
કરે રંગમાં ભંગ, શુભ સાખે નવ કેનું;
સુમતી કેરી સીખ, વિખ વરસી ઉર જ્વાળા;
નૃપ નારીનો નેહ, જોઈ જઈ બોલી બાળા;
કુમતી સુરૂપ તું કારમી, સુમતી સાથે શું કહું;
પ્રાણપતી પ્રીતી થઈ, શોક કેટલો હું સહું.

कुडीए सुमतीना सुबोधनुं यथास्थीत वर्णन करतां कुमतीने थएल असर. दोहरा.

વચન સુણી વીસ્મય થઈ, અંતર લાગી આગ;
ભાનજ ભૂલિ સુંદરી, ભુંસાયાં જોઈ ભાગ.
સચેત થઈ સામા કહે, સાંભળ કૂડી કેણ;
કારસ્થાનથી કંથને, વાંકાં કેજે વેણ.
તેડી લાવીશ તારૂણિ, પ્રાણપતીને પાસ;

બુદ્ધિબળ જોઈ ખાનગી, પામિશ મોર પચાસ.
પત્ર લખ્યો મોહપાસનો, આપ્યો કૂડી હાથ;
વિગતથી વંચાવિને, નિશ્ચે લાવજે નાથ.

कुमतीनी दासी प्राणपती पासे ढोंग मचावती आवी पोहोचे छे. प्लवंगमछंद.

કુડી કરતી કળેશ, કેશ નિજ કાઢતી;
પ્રાણપતિનિ પાસ, રૂવે રૂદે ફાટતી;
કુડો બોલી કેણ, વિચારો વેણમાં;
કુમતિ થાશે કાળ, નેહ ભરિ નેણમાં.

दोहरो.

કાગળ આપ્યો કર વિશે, લખ્યો કુમતી જેહ;
પત્ર ઉખેલી પાઠવે, નથી સમુળો સ્નેહ.

कुमतीए लखेल कागळ. राग गरबी.

નારી નેહ ધરી કહે નીજ કંથને જો,
પ્યારા પરણી મુકી ન લેશો પંથને જો;
નારી નેહ ધરી કહે નીજ કંથને જો. ટેક.
સુખ સ્નેહ વધે જોઈ તારી જાતડી જો;
નિત્ય નાથ વદન નીરખી ઠરે છાતડી જો. નારી૦
સુખે સુખી દુખે દુખી દાસ થાઊછું જો;
અંગ આભારી તો અતી મંન મુંઝાઊંછું જો. નારી૦
માત તાત ભગની ભ્રાત છોડી આપણી જો;

આવી હેતથી ગ્રહ્યો તમારો હાથજી જો. નારી૦
રિધ સિધ સુખ શાંતી શરીર તાહરૂં જો;
નીરખી નાથ વદન હરખે મંન માહરૂં જો. નારી૦
વાલા વિયોગે રૂવે છે રામા એકલી જો;
છોડી છેહ દીધો પ્યારા પ્રીત એટલી જો. નારી૦
પ્યારા તુજ વીણ ત્રણ લોક નવ ગમે જો;
સુખ સ્નેહ સગાં સંપતી દીલે દમે જો. નારી૦
સ્વામી વિના સુની અટ્ટી ખાવા ધાય છે જો;
દીલે દીલગીરી ને રૂદય રૂંધાય છે જો. નારી૦
મુને મિલકતને નાણું નજરે નવ ગમે જો;
સ્વામી સ્નેહ ચોટયું ચીત મુજ મન ભમે જો. નારી૦
મંદીર મુકી સુખ છાપરે લેશું લાવથી જો;
જમતાં કસર કરી ભાખર ખાશું ભાવથી જો. નારી૦
અંગે આભુષણ ને સુભ વસ્ત્ર સૌ તજી જો;
વાલા વિયોગે સુવાત જાય નહી રાજી જો. નારી૦
વારી વીના મીન પ્રાણ તજે પલકમાં જો;
ધીક નાથ વીના નાર દેહ ખલકમાં જો. નારી૦
ઊંઘ અંન ઉદક આજથી હરામ છે જો;
ઉરે નિશ દિન નાથ તારૂં નામ છે જો. નારી૦
સ્વામી ઠરવા તણું ઠામ દેહ તાહરી જો;
થાશે દેર તો આ દેહ નથી માહરી જો. નારી૦
પ્રાણપતી સુણી અરજ ઉર દામની જો;

લેવા ભાળ આવ્યા ભુપ નીજ કામની જો. નારી૦

લાવણી.

કુડીનો કલ્પાંત કળાહળ, કુમતી કેરો સુણતાં કાળ;
શોક વિનાના સાથે આવ્યા, ભાવે કુમતી લેવા ભાળ.
સુમતીને જઈ કહ્યું સ્વામીએ, કુમતીને કાંઈ કેણ થયું;
જઈ આવુંછું જુકને પહેલો, સગળું સૌ સુ મતી લહ્યું.
સુમતી બોલી હે સ્વામીજી, કુમતી કેરાં કુડાં કામ;
જો જાશો તો જય નહી થાશે, ચેતો તો ચેતાવું સ્યામ.
કરી પરીક્ષા કરજો પ્રીતી, કરિયે સોબત જે સારી;
પરહરીએ પરની દા નારી, અર્જ લહો ઉરમાં ધારી.

મીત્રાચાર કરવા વિશે. ત્રિભંગીછંદ.

સુણીએ શુભ શિક્ષા હોય અપેક્ષા કરી પરીક્ષા કર પ્રીતી,
મૈત્રીની રીતી ધરમની ભીતી નહી જ્યાં નિતી ગુણ ગીતી;
મીઠું મુખ બોલે તરણા તોલે છીદ્રજ ખોલે છે ખળતા,
નિત્ય નીંદા કરતા દ્વેશજ ધરતા ગર્વે ફરતા રે બળતા;
છે હીત હરામી કપટી કામી, શઠના સ્વામી જન એવા,
પ્રીત પરહરિયે દિલમાં ડરિયે સંગ ન કરિયે નર તેવા;
પરિચય વિણ કરસે પ્રીતી ધરસે અર્થ ન સરસે જો સજસે,
પાછળ પસ્તાશે ખતા ખાશે હો હો થાશે તો તજશે.

નિચ માણસની સોબતથી થતી અસર. મનહરછંદ.

પ્યારા મારા પ્રીત થકી નીચનો ન કરો નેહ;

નિચ તણી સોબતેથી નિચ કામ થાય છે;
નિચને ન હોય નેહ ભમાવિ ભુલાવે જેહ;
સગામાં કરાવી છેહ પ્રેમે વિષ પાય છે;
હેતુ એ હરામી હોય સુખથી સંતોષ નોય;
કરાવાને કલેશ કોય ચિત નિત્ય ચાય છે;
નિચ તણા નેહ થકી સુનિતીને સુખ જશે;
દુખ થશે દિલ માને લાજ લોપ થાય છે.

निंदा विशे. दोहरा.

નીંદા એ નીતી નથી, સરસ નથિ કાંઈ સાર;
માન ખંડ મોટે થશે, અપજસના અંબાર.
નુર તેજ નિતી જશે, નીંદા ભરી નીચ;
અવનિ નહી રહે આબરૂ, સુખ સંપતને સિંચ.

मश्करी विशे. हरिगीतछंद.

મશ્કરી કરતાં માન મટતાં આબરૂ અવની જશે;
જશ જુગ જાતાં આળ આપત હાંસીથી હાની થશે;
વીશ્વાસ જાસે વિશ્વમાં હાંસી થકી હલકા થશો;
શત્રુ થશે નીજ સ્નેહીયો નથી સાર કોડીનો કશો.

आवा माणसनी सोबत करवी नही. दोहरा.

કામી કપટી લાલચુ, ક્રોધી મુરખ જન;
વાંઢા વ્યસની તરકટી, ખળ ખંધા જે મન.
ચોવટિયાને ચોરટા, દાંગા દુસમન જેહ;

ગાંડા ભોડા લાંઠિયા, છેતરો આપે છેહ.
દગાખોરને ચાડિયા, જુઠા જગમાં જાણ;
સેખીખોર ખુસામતી, હરામિ કરશે હાણ.
છકેલ જનને સ્વારથી, લોભી લપટા લોક;
નિચ કુસંગી નર તણો, સ્નેહ સરવ છે ફોક.
એદી ઊધા પાપિયા, દુરગુણ દુનિયાં જાણ;
ભાવ ભરુસો નવ કરો, જ્યાં લગિ તનમાં પ્રાણ.

आवा माणसनी सोबत करवी दोहरा

દાતા શાતા સદ્ગુણિ, ડાપણ દિલ દેદાર;
સ્વભાવ શિળો સુધરમી, આવે ઉર ઇતબાર,
શુભ લક્ષણ સંતોષિને; સદ્ય વિદ્યાવંત જેહ:
અગમ બુદ્ધિ અકલ ધણી, તે સાથે કર સ્નેહ.
વિવેકી આસ્થા ઇશની, ધર્મ કર્મમાં પર્મ;
અવગુણ એક ઉરે નહી, શુદ્ધ બુધ્ધિ ને સર્મ.
નિર્દોષી નીતી ધણી, હિમતને હુંશિઆર;
સાલસ સત્ય વચન વદે, તે સાથે કર પ્યાર.

प्राणपती कुमती पासे जतां चालतां रस्तामां थएल विचार

घनाक्षरि छंद

સુણતાં સુમતી શીખ, સ્વામી તણો કહું સ્નેહ;
કથતાં કથતાં કહી, કવિથી કહ્યો ન જાય.
ચતુરાની ચાતુરીથી, ચતુર કરે ન ચુંપ;

ભામનીનું ભલપણ, ભણતામાં ભાવ થાય.
પ્રાણપતી પ્રેમથકી, પંથ પળ્યા પોતે પણ;
ચાલતાં ન ચાલે ચર્ણ, ચતુરાને ચિત ચાય.
કુડી તાણા કેણ થકી, કુમતિનો કાળ જાણી;
ભુવન પધારયા ભુપ, ભામની ભેટવા રાય.

सोरठो

કુમતી કેરૂ રૂપ, વિધી વર્ણવી નવ શકે;
મોહે મોટા ભૂપ. કાળ રૂપ એ કુમતી.

कुमतीना स्वरुपनुं वर्णन

लावणी

જોઇ કુમતી કેરૂં રૂપ, પડે નર કુપ; દેવના દેવા;
જેની સુરવર, મુનીવર; રોજ કરે છે સેવા.
શું સુંદર શરીર શોભાય, ધ્યાન નવ થાય; શેષ પણ હારે.
અસ્ત્રી અવલોકો એક, જુગો જોઈ ચારે;
ચોટલો ચતુરાં જોઇ, ભાન મત ખોઈ; પાની પગ લળતો.
છળકાઓ શેષ પાતાળ, અતી મન બળતો;
છે શુંદીર ભાલ વિશાળ, હીંગળો લાલ; સેંથે શુભ શોભે.
મોતી ગુંથેલી વેણ, મુની મન લોભે;
ચાંદલે ચોરીયાં મન, બળે છે તન; તેજ નથી માતુ.
જોઈ વદન સુધાકર શશી, તેજ હીન થાતું;
જોઈ ભમર ભ્રકુટી,નેન, પડે નહી ચેન; આંખ અણીઆળી;

કેકે ને કીર વન ગયાં, નાસીકા ભાળી;
દંતા છે દાડમ કળી, હાર સુભ મળી, વાણી રસવાળી.
સાંભળી કંઠ કોકીલા, બની ગઈ કાળી;
ચાલતી હંસ સમ ચાલ, થાય બેહાલ, કેક નર કામી.
સણગારો સજ્યા સોળ, જરા નહી ખામી.

दोहरा.

ઊદકથી અર્ણવ ભર્યો, ભરે આચમન એક;
યથા મતી કથતાં કવી, પાર ન આવે છેક;
કુમતિ આગળ કામદેવ, લાજી મુકે લાજ;
એવી અબળા આવતાં, બોલ્યાછે મહારાજ;
કુમતિ આવી કર ગ્રહ્યો, પ્રાણપતીનો પ્રીત;
નમી શીર સ્નેહે વદે, નાથ ન ઘટતી રીત;
રાજ કાજની રીતને, અળગી કરતાં આપ;
રખડાવિને રાણીયો, જોગી થઈને જાપ;
સમજુને શોભે નહી, કાયર થાશો જેગ.
અપજસ અવનીમાં વધે, કદી ન હોયે ક્ષેમ;
માટે મારા નાથજી, વૈરાગીનો વેસ;
કોરે મુકો કારમો, કસર ન રાખો લેશ;
સુખ લેવું સંસારમાં, કરિયે સારાં કામ;
આખર વખતે ઈશનું, આરાધીશું નામ;
સુમતી છે એ સાધવી, સાધુ કરવા આપ;
ફજેતી કરવા ફાંસથી, ચતુર ચઢાવા ચાપ;

કુમતીની મુલાકાત થતાં પ્રાણપતીનું પ્રેમમાં લપટાવું. સવૈયા.

રામાની રઢીયાળી બોલી, રીઝયા રાય રૂદેમાં સાર;
સુમતી કેરી સમજણ છોડી, જેના ગુણનો નાવે પાર.
મમતા માયા મીઠી લાગી, સરસ સાર દીઠો સંસાર;
કોડ થકી કુમતિને કહે છે, સરવ જગતમાં તું મુજ સાર.

પ્રાણપતીનું કુમતી પ્રત્યે મોહીત ભાષણ. રાગ ગરબી.

પ્રીયા પ્રાણથી પ્યારી છું મુજ પ્રેમદા જો,
નીરખી નયન નેહ સુખ પામું સર્વદા જો;
પ્રીયા પ્રાણથી પ્યારીછું મુજ પ્રેમદા જો. "ટેક"
તારૂ વદન નીરખી હર્ષ હઈયે થાય છે જો;
અંતર આપદાને દીલનું દુખ જાય છે જો. પ્રીયા૦
તારા તુલ્ય સુખ તરૂણી ત્રણ લોકમાં જો,
વાહાલી વિયોગે ભમું હું ભુલો શોકમાં જો. પ્રીયા૦
પ્રીય મધુર ભાષણ સુણી શાંતી થાય છે જો,
પ્રીયા વિના ખાલી મંદીર ખાવા ધાય છે જો. પ્રીયા૦
વારી મીન સ્નેહ ચાંદની ચકોરને જો,
ચાતક ચોમાસું ચાહે છે મધુર મોરને જો. પ્રીયા૦
તારો સ્નેહ જોઈ સાગર તો સુકાય છે જો,
નીરખી વદન ઉદક આહાર ઊંઘ જાય છે જો. પ્રીયા૦
ઉરે ઉદાસીને અંતરમાં આગની બળે જો,

એતો ભાગની તો ચીતથી ચીંતા ટળે જો. પ્રીપા૦
જુદા દેહ જીવ એક આત્મારામ છું જો,
દેવ શંકર દીલ વાહાલી તું વિશ્રામ છું જો. પ્રીપા૦

दोहरा.

સ્નેહ ભયો સુમતી તણો, અભાવ આવ્યો ઉર;
નજરે દીઠી નવ ગમે, પ્રીત નહી જ્યાં પુર.

स्नेहमां विखवाद थतां थती असर. राग गरबी.

પ્રીત જ્યારે પરવારીરે, દેખી દુખ લાગત ભારી. "ટેક"
અંતર આંટી ઊંડી પડશે, અભાવે આંખ નઠારીરે. દેખી૦
દેખી દુખી દીલ દીલમાંહે રાજી, ખામીની ખોળે નીત્ય ખારીરે. દેખી૦
ખચીત ખોદણી ખાંતથી કરશે, સુખે સંકટ થાય કારીરે. દેખી૦
હોંશથી હઈયે હાંસી કરે નીત્ય, અવગુણ ગાય અપારીરે. દેખી૦
નેત્રથી નીરખી દવ લાગે દીલમાં, અંગ બને આજારીરે. દેખી૦
દેવ શંકર કહે સાંતી શરીર સુખ, ભ્રાંતી જ્યારે પરવારીરે; પેખી
[પ્રેમરૂપી વહે વારી

सुमती विरुध कुमती पासे प्राणपतीनुं जवुं थयुं ते दरमीयान सुमतीनी स्थीती. दोहरा.

સુમતી સુની એકલી, રાય જતાં રહી એક;
પ્રાણપતીની પ્રીતથી, જુવે વાટ વિવેક.

झुलणा छंद.

સુમતી સુંદરી નાથની નીતીને, ઈસ આધીન જોઈ આપ ફુલી;

આવશે અબઘડી એમ વિચારતાં, સહુ જોતી રજે જાય ભુલી;
પળ પળે પહોર એમ દિવસ દશ વહિ ગયા, ભામની દેહનું ભાન ચુકિ;
સ્નેહી વીયોગના સુમતી શોષથી, આવવા રાયની આશ મુકી.

स्नेहीना वियोग विशे मनहर छंद.

સુખ નહી સ્નેહી ગયે, ચીંતા ચિત હોળી હૈયે;
વાલાનો વિયોગ ભયે, દુખી દીલ થાય છે;
દુખ વિણુ હોયે દેહ, વિયોગે શરીરે છેહ;
દિલ દમે નિત્ય નેહ, સુખ સર્વ જાય છે;
સ્નેહી ગયે શીર ઘાવ, સુની થઈ દેખી દાવ;
ભેટવાને રોજ ભાવ, ચીત મુજ ચાય છે;
દેખી દ્રષ્ટે દાખુ એમ, સ્નેહી મળે સુખ પ્રેમ;
ખુશીથી કુશળ ક્ષેમ, રાજી રૂદે થાય છે.

सुमतीनो प्राणपती प्रत्ये कहेल संदेसो

राग झीला.

પ્રીયપ્રાણ સુણો અબળા અરજી, કુમતી સંગ સ્યામ બીસાર દીયેરે ટેક

પ્રાણ લજ્યો પ્રીય તુજ પેં હમેરો, સંકટ સ્યામ ઊગારી લીયો. પ્રી.
તુજ બીન સૃષ્ટી સબહે ખાલી, જળ બીન મીન જીવ જાત રહ્યો. પ્રી
તરણાથી તરૂણી તુચ્છ ગાણુન હે, શોભત નહી સણુગાર કીયો. પ્રી.
નીસદીન નેહ દહે દિલ દારૂણ, ઊદક અંન અગરાજ કીયો. પ્રી.
નાથ નિશાકું નિંદ નહીં આવત, જબ કુમતીકો સંગ લીયો. પ્રી

ચીત ચહો નીજ જે સુખ સારૂ, અર્જ સુણી સુધા પાન પીયો. ફ્રી.

सुमतिनो सुबोध प्राणपतीए नहीं स्वीकार्यो तेथी सुमतीनुं स्वर्गमां जवुं. पदमावती छंद.

સુમતી એમ સ્નેહે, નિત્યે નેહે, રાય આવવા રાહ જોતિ;
માસિક ગત થાતાં, સ્વાગી ચાતાં, નુર નેન નીત્યે ખોતી.
જબ નાથ ન આવ્યા, ગુણ ગુમાવ્યા, જુવનીને જ્વાળા લાગી;
મંદિર કરી ખાલિ, સ્વર્ગે ચાલી; પ્રાણપતી પ્રીત્યે ત્યાગી.

कुमतीना स्नेह रुपी सागरमां प्राणपतीनुं डुबी जवुं अने ग्रहस्थाश्रम. भुजंगी छंद.

લગી કુમતીથી અની પ્રીત સારી, થયા રાય રાજી લખે જ્યપહારી
પછી માંડીયો સ્નેહ સંસાર સારો, ચઢે દેવ જેને અતિ પૂર્ણ પ્યારો.

राग विलावर.

માંડયો ગ્રહસ્થાશ્રમ ગુણવંત ઊર આનંદ વાધ્યો અનંત;
પૂત્ર પાંચ થયા ગુણવાન, લોભ મોહ છે મેરૂ સમાન.
કામ ક્રોધ છે કાળના કાળ, અહંકાર આદિ વિકાળ;
સુતા સુંદીર રૂપ નીધાન અનીતી અને ઈર્ષા સમાન.
માયા મમતા ને હીંસાછે મોટી, આદી પુત્રીઓછે કાંઈ છોટી;
પરિવારથી વાધી પ્રીત, રાય રાજી થાયે જોઈ નીત્ય.
અધીકાર આપ્યો અહંકાર, કીધો સૈન્ય તણો સરદાર;
કામદેવ થયો કામદાર, ક્રોધે કાયદા બાંધ્યા સાર.
લોભ લાંચ લાલચથી ખાપ, મોહ માયા મેળવવાને સાથ;

જુગ જીતવાને અહંકાર, ચઢયો સૈન્ય તણો નહીં પાર.
લીધા મહારથી મતના ખોટા, લીધા તોપ ગોળાને તોટા;
દળ ચાલ્યું તે દક્ષિણ દેશ, ભડ ભારે છે બળીઆ નરેશ.
નાખો પ્રાણપતીને શીષ, અહંકાર ચઢયો આણી રીશ;
કામદેવ કરેછે કુકર્મ, જેને જગત તણી નથી શર્મ.
ક્રોધ અન્યાયનો કરે ન્યાય, ન્યાયાધીશ જે નગ્ન કહેવાય;
કરે માન મોટાનાં ખંડ, રીસ રાખીને દે સહુ દંડ.
લોભ લક્ષ્મી લેવાને ધાય, પ્રજા પુરણ એમ પીડાય;
આળ અપરાધ નાખીને માથે, મોહ માયા ગ્રહણ કરે હાથે.]
રાય રાજી રૂદેમાં થાય, વપુવાસીને વેદના થાય;
કુમતી પ્રીત પાર ન આવે, સ્નેહ સાગરમાં ન સમાવે.

प्रीती विषे. राग गरबी.

પ્રીત લગી જખ પ્યારીરે, કહો કેમ જાય વિસારી. ટેક.
પ્રીતની રીતે પ્રાણજ આપે, આપત આવે જોને ભારીરે. કહો૦
સ્નેહથી જુદાં શરીર જણાયે, જીવ જુદા નહી ધારીરે કહો૦
સંકટ સ્હાય આવી ઓથ આપે, પ્રેમનું પાયે નીમ વારીરે. કહો૦
દુખે દુખી દીલ સુખ માંહે સુખીયા, નેહ તણી રીત ન્યારીરે. કહો૦

प्राणपतीना परीवारनो बुमाट अने चाल चलगत.

चोपाइ त्रण तालनी.

ઘોરકર્મથી વળીઓ ધાણ, ધર્મ ભ્રષ્ટ અનાચાર જાણ;
વપુવંતીમાં વળીઓ દાટ, પુરવાસીને થાય ઉચાટ.

અનીતીથી વાળ્યો આટો આંક, જોર જુલમે રીબાવ્યા રાંક;
જોર જાર જનોનું ફાવ્યું, અંધ આકાશ વાદળું આવ્યું.
ઈર્ષા કરીને પાપ અદેખા, એવા પ્રાણપતીને પેખ્યા;
અન્ય સુખ થતાં ઇતરાજી, હેતુ હરામી પાખંડી પાજી.
માયા મમતાએ મન હરી લીધું, ધન ધુતીને સરવસ લીધું;
નારી નેહમાં બુડીયા નાથ, સ્નેહસાગર ભીડી બાથ.
તન મન ધન ચીત ચોરી લીધાં, કામણ કુમતીએ એમ કીધાં;
ચતુરા કહે એમજ ચાલે, પાપ પુન્યના કામમાં માલે.
દયા દાન ને ધર્મ ઉથાપ્યા, સાધુ સંતને સ્નેહે સંતાપ્યા;
અહંપદવીને આપ વખાણે, અન્ય અવનીમાં કો નવ જાણે.
કુડ બોલે કપટ ચાવી ચાવી, પરનીંદા ના પુરણ ભાવી;
મીથ્યા મુખપર વાણી મધુરી, પેચ પરપંચથી કરે પુરી.
ભીતર ભાવ નહી ભગવાન, પણ અંતર અગની સમાન;
માનુની માંહી મગન રહેછે, જોઈ સંતતી સુખ લહેછે.
સુખ સ્મૃધીથી થયા રાજી, પુત્ર પ્રાક્રમથી રહ્યા ગાજી;
ધન ધાન્ય પુત્રો પરીવાર, જોઈ રાય થયા તદાકાર.
અવની આપ સમાન ન લેખે, નર અમર એમ ઉવેખે;
વડો વૈભવ માણે છે રાય, પુરા પંચ માસો એમ થાય.

सुख विशे. तोटकछंद.

સુખથી સહુ સાંત થશે તનમાં, સુખથી સહુ દુખ જશે જનમાં;
ભલિ ભાત થકી જમવું રમવું, જગ જાતર જોવું દિલે ગમવું;
બસનો વધશે તન તેજ થશે, પતની તણિ પ્રીત વળી વધશે;

સુખમાં પ્રભુ સેવન જો કરશે, ભવસાગર તે ન કદી તરશે,

प्राणपत्नीनी सजानां आचरण. दोहरो.

કુડ કપટને કળેશથી, સંપ ન વદતા વેણ;
મશકરીઓ મીઠી લગે, ત્યાં કથવું શું કેણ.

दगा विशे. प्रमाणिकाछंद.

દગો ખરો દિલે પરો, ઉરે અરે દગો હરો;
કુડૂ ન કેણ કો કહો, કૃપા કરી કુડે ડરો;
દગાથી દામ ના મળે, પતીત પ્રેમ તો ટળે;
કુટંબ સંપ ના રહે, કુડો કહેણ સો કહે;
રહે ન લાજ લોકમાં, વદો ન વેણ ફોકમાં;
મળે ન મીત્ર માનવી, દગે દિલે પિડા હવી;
દગે ઘણોજ દોષ છે, પુરો પ્રભૂજી રોશ છે;
દગો સદા દુખી કરે, સુસંપ સર્વનો હરે.

दोहरा.

રામે રાવણ રોળિયો, કૃષ્ણે કૌરવ મર્ણ;
કિચક ભીમે કાપીયો, કર્યાં કપટ આચર્ણ.
કપટે કામ સરે નહી, કપટે થાયે કલેશ;
સુખ છેહું સંપત જશે, લાજ ન રહેશે લેશ.

सोरठो.

કપટ કરે જન કોય, આવી નડશે આગળે;
દગો સગો ના હોય, જય નહી થાશે જગતમાં

असत्य विशे चोपाइ.

જુઠું બોલે જે નર જાણ, ભાર તોલ નહી પશું પ્રમાણ;
મોટપ માન મર્યાદા જાય, શુભ ગુણ સર્વે સાથ પળાય.
માન નહીં ઠરતો કો ઠામ, તરણા તુલ્ય સરે નહી કામ;
ચોન હરીહરની ભકતી ચાય, ઇશ સદા ઇનરાજી થાય.

उमास राज्य पद धारण कुमतीना परीवार साथे चाळनां दोहरा.

ખટ મામો ખાંત થકી, પુરા કરીયા પ્રીત.
અણચેંતી આવી પડી, ચિંતા વાધી ચિત્ત;

चींता विशे. उपजाती छंद.

ચીંતા થકી દેહમાં દુખ દાઝું, ચિતા વિના દુખ ના અપ આઝું;
દારીદ્ર દુખથી તન તેજ જાવે, કાયા તણું કાળજું કાળ ખાવે.
રોગો થશે ને નહીં ભોગ ભાવે, વિચાર વાયુ સહુ સુખ જાવે;
સુવાત સ્નેહે કદિના સુણાશે, ખળ બુદ્ધ સુદ્ધિ સૌ સ્નેહ જાશે.

लोज पुत्रना जुलम विशे. छपो.

પુરમાં પડયો પોકાર, લક્ષ્મિ લેવાને કાજે;
સ્નેહ થકી શાહુકાર, લોભ લુટે છે આજે.
ત્રશ્ના ન મળે ત્યાગ, લાગ લાવીને લેતા;
લોભ નહી જ્યાં થોભ, ઉંચ નીચ નવ કેતા,
ભેગું કરતા ભાવથી, પ્રજા સર્વ પ્રજાળીને;
ખરચે કે ખાવે નહી, રક્ષક રહે નિહાળીને.

लोभ कर्याथी थतुं नुकशान. राग गरबी.

લોભે લાજ લક્ષણ લોકો જશે, લક્ષણ લોકો જશે. ટેક.
મોટપ માન મર્યાદ ઘટે નીજ, અપમાન અવની થશે. લોભે.
આશાથી અંધ બને કામ અવળાં, સનમાન સ્નેહી જશે. લોભે.
વેણ વદે જુઠ વિદેશ જાયે, માન મોટાથી ખસે. લોભે.
લોભનો થોભ નહી નીજ જાતે, મરશે કે માંથું જશે. લોભે.
તરણાથી તુચ્છ કરે કામ કુડાં, ધનને કાજ ધસે. લોભે.
અંત કરે લોભ પાપનો પાગો, હાની હમેશાં થશે. લોભે.

कृपण विशे चोपाई

પઈસા રળીયો થઈને રાંક, અન જળ વિણ રહી આડે આંક;
સંકટ શોષો દેહે દૂખ, ભટક્યો ભૂમાં ભોગવી ભૂખ.
ખાધો કે નવ ખરચ્યો દામ, દ્રવ્ય તણા સંગ્રહનું કામ;
કોડી માટ કપાવે શીશ, સુત સામાપર કરતો રીસ.
કૃપણ કરે પઈસા જો લાખ, તોપણ અંતે રેછે રાખ;
ડંડે નૃપ કાં લેશે ચોર, દાન નહીં દે આપ કઠોર.
દાટ્યો દામ રહે કો ઠામ, અગની લાગે કાં નીજ ધામ;
ધનનો રક્ષક ધારો તેહ, આવ્યો એવો જાશે એહ.

मोह ममत अने अहंकारादी पुत्रोनो विजय. छपो

મોહ મમતે મત કર્યા, મોટી મેળવવા માયા;
સજી કવચ હથીયાર, ધરી હીંમતને ધાયા.
દેશ દેશનાં રાજ્ય, જુધ્ધ કરી જુકતે લીધાં;

ધર્મ ધુરંધર ધીર, પ્રીતથી પ્રાજય કીધા;
અહંકારથી અવનીમાં, દુહાઈ ફેરવી દેશમાં;
થયા નહી થાશે નહી, ખળીયા ખાળાવેશમાં.

दोहरो.

અલબત ઈંદ્રાસન તણી, વૈભવ અપરંપાર;
જૂકતે જર જામ્યું ઘણું, પશુ પુત્ર પરીવાર.

लक्ष्मी विशे. सवैया.

જગમાં જરનું જોર ઘણેરૂં, જર વશ સૌ જાણો સંસાર;
જનનું જીવતર જર છે સાચુ, માન મળે મોટે ઈતબાર.
જરથી રીઝે રાય-રૂદેમાં, જર વશ સૌ સજ્જન નર નાર;
જરથી કામ કરે જન મોટા, જરથી જન પામે ભવ પાર.
જુકતીથી જુગ જીતે જરથી, વૈભવ ઈંદ્રાસન આણે;
અનમી આવી હાથ જોડતા, જસવંતા જર જુગ જાણે.
ગાંડો ગર્થે દિલ છે ડાહ્યો, કુલીન પણ તેને કહે છે;
રાજા વશ ભાઈ દમડો ડાહ્યો, સુરા પણ સેવક રહે છે.
જંગલમાં મંગળ જર કરશે, ગુણકા ગરથે ગાન કરે;
તર્ણાનો મેરૂ રંક રાજા, જરથી જુકતે છત્ર ધરે.
ધન દેખી ધનવંતા નમશે, શ્રીમત કનકે કપટ કરે;
સગાં સ્નેહથી સાથ રહે નીજ, વપુ વેદના દ્રવ હરે.
ધરણીમાં ધનવંતા ધારે, અહંકાર નીત્ય આપ તણો;
અવની ઊજડ અવળાં કામો, દુંપદ હઈયે અતી ઘણો.

ધનવંતાને ધર્મ કમની, સર્મ સદા લાગે સારી;
દીલ દેખી દેવ શંકર કહે છે, જર ગાંઠે જીયત ભારી.

कामपुत्रनां कृत्य. छपो.

કુકર્મ કરતો કામ, નામ નવ ધરતો ભીતી;
લોપી લોકની લાજ, અતીશય કરે અનીતી;
પ્રતિવ્રતા પુર નાર, પ્રાણ પોતાના ત્યાગયા;
પ્રજા તણે પોકાર, દેશ દાવાનળ લાગયા;
પ્રતિવ્રતા પોકારથી, ધર્મરાય ધ્રુજ્યા ઘણું;
આસાથી યમ આવીયા, રાજ્યનું સત્ય સતી તણું.

व्यभिचार विशे. राग देशी.

સાંભળો સજ્જન બહુ સુખ થાયે, ઉરમાં અર્જ અમારી;
લાજ વધે ને કલેશ ઘટે દલ, શાંતી સાંપડે સારી;
પરદારાની પ્રીતી તજતાં, શાંતા સુખ સુભ થાયે;
ભવસાગરમાં ભુધર તારે, જન્મ મરણ ભય જાયે.
છોડી દ્યો પરનારી પ્રીતી, રીતી ને રંગ જાશે;
કુળમાં ખાંપણ નીરો લાગે, નીત્ય ફજેતી થાશે.
નીસા વીશે નહીં નીંદ્રા આવે, ભામનીમાં મન ભમશે;
ઉજાગરો તો અહોનીશ થાશે, મદન દેહને દમશે.
કાછડી છુટો કહેશે લંપટ, આખર એબ લગાડે;
વિશ્વે વાત વણશે મોટી, તન મન ધન બગાડે.
ભોગથી રોગ થશે દુખ દીલમાં, જાનનું જોખમ થાયે;

દાંડી પીટી દંડ કરે નૃપ, જેલમાં બેડી જડાયે.
શું સારૂં છે સામા માંહે, લેશ ન લોભા મનમાં;
ચાર દીવસનું ચટકું રહેતાં, તેજ નુર નહીં તનમાં.
સંતોષી દીલ નીજ નારીથી, પરહરવી પરનારી;
સંગ ન કરીયે સામા કેરો, વખત નાખે મારી.
ત્રપ્ત ન થાયે ભાણું ભરતાં, એઠામાં મોં ઘાલે;
વેળુ પીલે તેલ ન મળસે, ઝાંઝવે જળ નવ ભાળે.
બુડતાં બાચક ભરીયે ફીણે, તરીયે નહીં કદી તેમાં;
પાણી વલોવે લેશ માંખણનો, અસર ન આવે એમાં.
પેઉને પરહરી પાપણી નારી, પરથી પ્રીતી માંડે;
જપ તપ દાન તીર્થ યાત્રાનું, સુક્રીત સર્વે છાંડે.
સગાં સંબંધી ભગની જનની, પરદારા મન આણો;
સીયળ સાચવે બહુ સુખ થાયે, નરનારી મન જાણો;
ભીમે માર્યો કીચક કોપી, રામે રાવણ રોળ્યો;
ઇંદ્રરાજા અતી દુખ પામ્યો, ભંડાશુર ભડ બોળ્યો.
સાચે દીલે સીયળ પાળતાં, સુરનર કરશે સેવા;
વિષ અમૃતને શીંહ શીયાળી, અગની શીતળ જેવા.
મણીધર થાયે ફુલની માળા, લક્ષ્મી કરશે વાસો;
પરમેશ્વરની પ્રીતી થાશે, મોક્ષ મળે ભાઈ ખાસો.
દેવશંકર શુભ દાનત દીલમાં, પ્રભુ મારી પત રાખો;
રોધ સીધ સંપત સરવે દેતાં, ભાંગી ભટકણ નાંખો.

अती अनीतीने लीधे धर्मराजानी फोजनुं वपुवंतीमां आंवी पोहोचवुं भुजंगी छंद.

સદા કાળના કાળજે જેષ્ટ જોધા, કરે સૃષ્ટિ સૂની વડા છે વિરોધા
વપુવંતી નગ્રી તણી વાટ લીધી, રહી બારણે નગ્રમાં જાણ કીધી
સદા કામ ક્રોધી અહંકારઆદી, મહા મોહ લોભીત જે છે અનાદી
થતાં સૈન્ય ભેગાં છજાયો ભાણ છાંએ, છુટે તોપગોળાતણી વૃષ્ટિ થાએ

प्राणपती अने धर्मराजानी फोजनो संग्राम अने प्राणप्रतीनो पराजय. सवैया.

સ્નેહ સહિત સંગ્રામે લડતાં, કામ ક્રોધનો કાળ થયો;
લોભ મોહને હણીયા હાથે, અહંકાર આવતો રયો.
બંધ કરી દરવાજા બેઠા, વપુવતીમાં વિગતે રાય,
બાતેર બુરજ કરેચા છે કોટે, દસ રક્ષક દરવાન પળાય.
નેહે નવ સામત છે સુરા, પ્રાણપતીથી પુરણ પ્યાર;
સૈન્ય સકળ હથીયાર સજીને, વદે વેણ મુખ મારોમાર.
વપુવંતીને વીંટી લીધી, ઘેરો ઘાલ્યો યમરાજ:
બાતેર બુરજ તણા બહુ કટકા, દરવાજા લોપી માજ.
શીર છેદ્યાં નવ સામત કેરાં, સૈન્ય તણો કરીયો સંહાર;
પ્રાણપતીને પકડી લીધો, મોકમ વળતા દીધો માર.
શેહેર ઠેકાણે નેર કરીને, ધન પરવારો ધૂળ કર્યું;
પ્રાણ પતીને પ્રીત માથે, પાત્ર મુકીશ પાપ ભર્યું.

नासी जतां छोडे नही ते. प्रमाणिका छंद.

મુકે ન નાસતાં કદા, શરીર છાયના સદા;
મટે ન ભૂખ દૂખ જે, તજે ન ભોગ રોગતે.
ન પાપ પુણ્ય છોડશે, ત્રસાન ટેવ તોડશે;
અવગુણ ગુણ કર્મને, છુટે ન મોત ધર્મને.

पाप विशे शार्दुलाविक्रिडीत छंद

પાપે નાશ થશે સદા સુખ સહૂ, બૂદ્ધી કબૂધી થશે;
પાપે પૂન્ય જશે સહ દુખ થઈ, હાની હમેસાં થશે.
આજો આપત આવેતાં અણચિતી, પીડા અતી પામશે;
દેહે અંધ અપગ પાપ નડતાં, ભુકતે નહીં ભમશે.

प्राणपतीनुं पकडावुं अने अपराध बदल शिक्षा. छपो.

પૂર્વ જન્મનાં પુન્ય, પ્રાણ પરવારી પેઠા;
હાર્યા સઘળું હીત, હરામો પડિયો હેઠો;
યમે આવાને ગ્રહા, કેશ અતી ક્રોધ કરીને.
સખ્ત કરી શીક્ષાય, રૂદેમાં રીસ ધરીને,
અંધ અગોચર એકલો, વાટે ધાટે ઘેરીઓ;
દારૂણ દવમાં દહન દેહ, રણ વગડામાં ફેરીયો.

कवित.

પકડીને પ્રાણપતી, ધાઈ લાવ્યા ધર્મ પાસ;
યમે કીધી અર્જ, સ્વામી શુણો પ્રાણ પાપીયો;
અધર્મી અનાચારી, જુલમીને ભારી ભારી;

અધ છે અપારી, ધારી ધર્મને ઉથાપીયો;
ખાતા માંહે ખામી જોતાં, પૂરો પરિતાપ પામી;
શેવકને કહ્યું સ્વામી, પડતાળો પ્રાણીયો;
દવથી દહન કર્યો, મુગદળે માર માર્યો;
હેરગ્યો ફજેત કરી, ફાંસી દેવા આણીયો.

કરેલ ગુનાનો ફેંસલો ફાંસીની શીક્ષાનો થતાં ફાંસીના લાકડાં ઉપર પ્રાણપતીને ઉભો રાખી ઈશ્વર સ્તુતી કરવા રજા આપે છે. દોહરો.

સુમતીની શિખ સાંભરી, આરાધ્યા અવિનાશ;
પોકાર્યા પ્રભુ પ્રાણિયે, નામીને નીશ્વાસ.

રાગ ઓખાહરણનો.

પરીબ્રહ્મ પ્રભુ મહારાજ, સદા રાખો શેવકની લાજ;
કરૂણાળુ કૃપા કરો ધણી, ગોલોક ચતુરભુજ ધણી.
દીનાનાથ દયા દીલ ધરો, હરીવર સંકટ સહુ હરો;
નાથ નેહ રાખો મુજ સદા, રાખી ચર્ણે હરો આપદા.
દિનબંધુ દહન કરી દુખ, કૃપાસીંધુ સદા કરો સુખ;
મતીમંદ પરી કરો મારી, સદા સૂમતી આપોને સારી.
કરો પુર્ણ મનોરથ મારો, બાહ્ય ગ્રહી બુડ્યાને તારો;
પત્ય રાખ્યા પાંડવની સારી, ચિર પુરિયાં દ્રુપતી નારી;
સુધન્વા તાર્યો તેલ મોઝાર, નળ દમયંતી કીધી વાર;
વામન રૂપ ધરી બળી ઢાપ્યો, લંકાધીશ વીભીષણ થાપ્યો;

ધ્રુવ આપ્યું અવીચળ રાજ, દૈત મારી કર્યાં દેવ કાજ;
પ્રભુ પ્રહેલાદની પત રાખી, હીરણ્ય કશ્યપને માર્યા નાખી;
પ્રભુ ગ્રાહથી ગજ મુકાવ્યો, સુદામાનો તાંદુલ સ્નેહ ભાવ્યો;
અજામેલ હતો મહા પાપી, માંછીને મહા પદવી આપી;
પ્રભુ ઊચીષ્ટ આરોગ્યા બદરી, પર્મ ગતી પમાડી સવરી;
કમઠ રૂપ ધર્યું કરતાર, લીધો મછ તણો અવતાર;
અમરીષનો નીવાર્યો ત્રાસ, ગુનકા કર્યા વૈકુંઠ વાસ;
હરીચંદ્ર સહુ દુખ હર્યાં, કૃપા કરી કારજ સુર કર્યાં;
નમું હેતથી વાર હજાર, પરમ ગતી પ્રભુ નાવે પાર;
દિનબંધુ હું રાંકનો રાંક, ક્ષમા કરો સેવક હોય વાંક;
આવી હસ્ત ગ્રહો પ્રભુ મારો, લક્ષ ચોરાસી ઈશ ઉગારો;
પાપી અજ્ઞાની પ્રૌઢહું પૂરો, ઊરે અવગુણનો કરિ સૂરો;
સદ્ય સુમતી આપોને સારી, વહેલી વાર કરો પ્રભુ મારી;
મારી લાજછે તારે હાથ, હુંતો તુજ સરણેછું નાથ;
અપરાધ ક્ષમા કરી મારો, બાંહ્ય ગ્રહી થાપો મુને તારો;
રીધી સીધીને સંપતી સારી, ભકત ભાવના પુરીએ ધારી;
દેવ શંકરછે પ્રભુ દાસ, વર્ધમાન પુરે મુજ વાસ;
દાસ દોહીલાં દુખ નીવારો, ભવ સાગર ભુધર તારો;

राग. वेरावळ.

વારે ચઢોને વીઠલા, પ્રભુ પત મારી રાખો;
સુખ સદા આપી સામળા, પ્રભુ પોતાનો દાખો ॥ વારે૦
પરમેશ્વર પાણી ગ્રહી, કેશવ કષ્ટોને કાપો;

માહા સુખ આપી મોક્ષનું, ઉત્તમ ફળ ઇશ આપો. વારે૦
ક્રોડ ગુના કરીયા પ્રભુ, અવગુણ મુજમાં અનેકો;
મોક્ષ દાતા કરી માફ તું, અંતે આપોને ટેકો. વારે૦
સ્હાય કરી સદા શ્રી હરી, પાસ પોતાની રાખો.
આપત હરો પ્રભુ આવીને, ભાગી ભટકણ નાંખો. વારે૦
ઇશ અરજ કરૂં એટલી, હામ હેતથી પુરો;
વીપત પડે વારે ચઢી, કરો કષ્ટોનો ચુરો. વારે ચઢીને વીઠલા.
સુખ આપી ઇશ સર્વદા, સિધી મન કામ કરજો;
સ્હાય સદા કરી શામળા, દુખ દાળીદ્ર હરજો. વારે૦

राग. होमनो हरी नारायण नमवानुं मारे नीमछे ए.

નર નારાયણ નેહ ધરો તો નામથી કામજ થાયે.
દીલ દામોદર દયા કરેતો, દીલના દુખડાં જાયે. ટેક.
ઉર અજ્ઞાની અવગુણ ખુરો, મુજ મંદ મતી પાપી પૂરો.
કાપી કષ્ટ, કળેશ કરી ચુરો; નર નારાયણ નેહ ધરો તો.
જપ તપ તીરથ નથી કાંઇ કર્યાં, નથી સ્નેહથી શાસ્ત્રો શ્રવણ ધર્યાં
કુડ કપટ તણાં કાંઇ કાજ કર્યાં, નર નારાયણ નેહ ધરોતો.
નીતીની રીત નથી ચાલ્યો, નથી પુન્યમાં પઇસો કાંઇ આલ્યો;
નારાયણ નેહ નથી ધાલ્યો, નર નારાયણ નેહ ધરોતો
નથી ભાવ ધરી ભૂધર ભજ્યાં, અંતરમાં ઇશ નથી સજ્યાં;
દરશન દેવોનાં મેં તજ્યાં, નર નારાયણ નેહ ધરોતો.
ઇશ આસ્થા ઉરમાં નહી ધારી, દેવ દયા નથી દીલમાં મારી;
ષટ કરમો મુકયાં વિસારી, નર નારાયણ નેહ ધરોતો.

નારીનો નેહ મુને ભાવ્યો, ઈશ્વરપર ભાવ નહી આવ્યો;
સંતોનો સંગ નહી ફાવ્યો, નર નારાયણ નેહ ધરોતો.
અપરાધ અનેક પ્રભુ મારા, માગું મુખથી ચરણો તારાં;
સુખ દિયો સદા સેવક સારાં, નર નારાયણ નેહ ધરોતો. ૬
પ્રભુ દુર્ગુણ દીલથી દુર કરો, જાણું નહીં જુક્ત પાપ હરો;
દેવ શંકર પર પ્રભુ દયા કરો, નર નારાયણ નેહ ધરોતો.

दोधक छंद.

ઓ પ્રભુ આજ કરો મુજ કામો, છો પ્રતિપાળ ખરૂ તુજ નામો;
શુભ સદા હિતથિ સહુ હામો, પુરિ કરો મન હોય તમામો.

राग महीनानो.

કહો ઈશ હવે કહાં જાઉં, કવણ કારજ કરૂં;?
શીર સાપી રહ્યોછે કાળ, ઊદાસી અતિ ધરૂં;
ઊરે ઉપાય સુઝે ન એક, ચિંતા બળે ચિત્તમાં;
દુનિઆમાં ધરી આ દેહ, રહું કેમ રીતમાં.
પ્રભુ આશરો તારો એક, રાખો લાજ માહરી;
નથી અન્ય તણો આધાર, નિભાવો નર હરી.
સદા સંસાર રહી પ્રભુ સ્હાય; આવો અડચણ નડે;
દયા આણી કરો પ્રભુ દુર, સંકટ શીર નવ પડે.
વીશ્વાસ, વિશ્વંભર એક, નભાવોને નાથજી;
રાખો લોકડિઆમાં લાજ, હરી ગ્રહો હાથજી.
અપરાધો અળગ કરો ઈશ, આવી ઓપ આપીએ;

સદા સંકટ દુનિયાં દુખ, દીનાનાથ કાપીયે.
સુખ શાંતિ અહો નીશ ઈશ, ઉરે અવગુણ હરે;
કષ્ટ કાપી કેશવ કરૂણાય, ઊગારો આપત ખરે.
પરિબ્રહ્મ રાખો પ્રભુ પાસ, આશા ઓક્ય તાહરી;
દયા દેવ શંકર કરી દેવ, દીઓ સુખ દુખ હરી.

शिखरणी छंद.

પ્રભૂ નામે ડીધૂ રટણ રહિ રાજી ધરિ રૂદે;
ભુલ્યોછું સંસારે ગતિ ન રતિ જાણું પ્રભુ પદે;
પ્રભૂ પાયે નામી અકળ અભિરામી ભજું તુને,
સદાછું હું તારો જરૂર પ્રભુ તારો ભવ મુને;

राग गरबी.

અંત વખત પ્રભુ આવીયો, મરવું મીથ્યા ન થાયેજી;
આવીને ઈસ ઉગારીયે, પ્રભુ મારા પ્રાણ પિડાયે જી.
સુમતી સમતે સુજ્યું નહીં, કુમતીએ કાળુ કરાવ્યું જી;
નેહી હતાં તે નાસી ગયાં, પાપનું પાત્ર ભરાવ્યું જી.
અનીતી ઈશ મેં કરી અતી, પઠનાં પાર ન આવે જી;
ક્રોડ ગુના પ્રભુ મેં કરયા, હવે કોણ શોક સમાવેજી.
દુખ દેખી દીલ માહરૂં, અતી દુખ આવે ન આરો જી;
દયા દ્રષ્ટે દીન દાસના, અવગુણ હોયે હજારો જી.
છોરૂના વાંક ક્ષમા કરી, આપત ઈશ ઉગારો જી;
નાથ નજર કરી નેહની, પ્રભુ મારાં પાપ નીવારો જી;

પ્રાણપતીનો પોકાર સાંભળી સુમતીનું આવી પોહોચવું અને કરેલ ગીહાની ધર્મરાય પાસે પ્રાણપતીને માફી આપવા સુમતીની અર્જથી છુટા થવું

દોહરો.

રૂદન રાયનું સાંભળી, ઊગારવાની આશ;
સુમતી આવી સજ થઈ, પ્રાણપતીની પાસ.

ચોપાઇ ત્રણતાળની.

નથી વાર તે કાઢવા પ્રાણ, આવી સુમતી ચતુરસુજાણ;
જોયું સુમતીએ સામું જઈ, બોલ્યો હે પ્રીય હું દુખ પામું;
નથી ઉગરવાની આશ, મારી બુધી થઈ છે વિનાશ;
મારો કાળ આવી ઉભો પાસ, નારી હુંતો થયો છું નીરાશ.
ઉપદેશ તારો નહી ધાર્યો, હુંતો સંસાર સઘળો હાર્યો;
મેં તો માની નહી તારી શીખ, ભુંડી રાંડે મગાવી ભીખ.
હવે આમાંથી જો તું ઉગારે, નહીં ભુલું હું પ્રીયા જમારે;
શુણી પ્રાણપતીની વાણી, નક્કી નાથને નિરદોશ જાણી.
ધાઈ આવી તે ધર્મની પાસ, પ્રભુ આશ પૂરો નિજ દાસ;
પ્રાણપતી એ છે મુજ પતી, કુમતીએ કરી કુડી મતી.
આશ રાખું મુકો આ વાર, ઈશ આરાધે વાર હજાર;
નહીં અનીતીએ કાંઈ ચાલે, પ્રભુ પ્રીતથી ભગનમાં મ્હાલે.
જોઈ સુમતી ધર્મ સનેહ, પ્રાણપતીની રાખો છે દેહ;
છોડયો ચેતાવી સુમતી સાથ, રખે ભુલી જતો જુગનાથ.

સત્ય સુનીતી પંથ સંચરવા, દયા દાન ધરમ ધ્યાન ધરવા;
ચાલી સુમતી લેઈને કંથ, મૃત્યુલોક તણો લેઈ પંથ.
આવી આશ્રમ સુંદીર કીધો, વપુવનીમાં વિશ્રામ લીધો;
પામ્યા સુખ અતી નર નાર, પ્રાણપતીના પ્રાણ આધાર.
સદા સુમતીને ઉપદેશ, હર્ષે હોંશ રાખીને હમેશ;
ચાલી કામ કરે છે સુનીત; સુમતી ધરતી નીત્ય પ્રીત.
કરે ભકુતી રહી સંસાર, તેના ભાગ્ય તણો નહી પાર;

ગ્રહસ્થાશ્રમ ચલાવતાં પ્રભુનું સ્મર્ણન કરવું. રાગ નીલાંબર.

સુણો સ્નેહથી સૌ નર નારી, આવ્યા અવનીમાં અવતાર ધારી;
ધન્ય ધન્ય સફળ અવતાર, તેના પુન્ય તણો નહી પાર.
સુખ સ્વર્ગથી છે અહીં સારૂં, લેશ મહીમા તેનો વિસ્તારૂં;
સુખ સંસાર પાર ન આવે, દેવ દાનવો ગુણ બહુ ગાવે.
મોટા મૂની મૃત્યુલોક ઇચ્છે, કહો ન્યુનપના તેમને શી છે;
વૈભવ વૈકુંઠથી પણ ચડતો, એક મૃત્યુ તણો ભય નડતો.
બાકી સુખ છે આડો આંક, ઈંદ્રાદીક આગે સહુ રાંક;
મેડી મંદીર મોલ અટારી, સુવા સેજ પલંગ પધારી.
ઘોડા હસ્તી ને છે સુખપાલ, સ્વર્ગ પાતાળમાં નહી તાલ;
ભલી ભાતનાં ભોજન જમવાં, રૂડી રચના કરી છે રમવા.
વાજાં વિધ વિધનાં વળી વાગે, દેવ દાનવનાં દીલ જાગે;
રતી રંભા કે અપછરા જાણી, એવી નારી નરોને પ્રમાણી;
સજી સોળ આભુષણ અંગે, ભરજોબન ઉર ઉમંગે.
માનુની વદે વાણી મધુરી, સુખ પામ્યા જાણે સ્વર્ગપુરી;

પશુ શસ્ત્રને પાત્ર અપાર, ધન ધાન્ય પુત્રો પરિવાર;
સગાં કુટંબી ત્રાતીને ગામ, જાણે અવિચળ પામ્યા ધામ.
કહો સુખ આથી કયું સારૂં, માટે જીવતર કરવું ખારૂં
દેહ આ થકી દેવ પમાશે, પાપ પૂર્વ જન્મનાં જાશે.
તિર્ય સૃષ્ટીનાં સર્વછે આંહી, નહીં સ્વર્ગ કે પાતાળ માંહીં;
રહી સંસાર ઈશ ઉપાશે, યમ કીંકરથી નવ ત્રાસે.
રહી આવની ઉપાધીમાં જેહ, ઘરબાર ચલાવતા નેહ;
સત્ય સુનીતી ભકતીને સાચું, સુખ મળવામાં લેશ ન કાચું
ધ્યાન ધર્મમાં બુદ્ધિ ધરે છે, ભવસાગર સૈજે તરે છે;
એક ચીત્તે ચીદાનંદ ચાયે, તેનાં જન્મ મરણ ભય જાયે.
પ્રભુ પ્રેરણાથી વૈરાગ્ય, લીધો સંસાર કીધો ત્યાગ.
એવા હોય નથી નીપજ્યા, પણ જોગી થયા કરી કજીયા.
એહી થઈ છોડયાં ઘરબાર, એવા નરનો ન આવે પાર;
કરી ક્રોધ થયા વૈરાગી, કોઈ નીજ અસ્ત્રીને ત્યાગી.
કોઇ ઘરબારથી કંટાળી, નિજ અમુલ્ય દેહ વટાળી;
ભાવે વીભુતી ચોળે છે અંગે, કરે ક્રૂર કૃત્યો એક ઢંગે.
છોડી પત્ની અને માત તાત, સેવે ઈશ સદા સાક્ષાત;
પણ ભકતી ફૂળે નહીં એની, ડગી વૃતી નહી દ્રઢ જેની.
કામ આજ્ઞા ઓલંઘીને કરવું, મહા મુસ્કેલ છે કામ સરવું;
નર સારૂ પ્રભુ કરી નારી, તેને મુકવી કેમ વિસારી.
માત તાત તણી શેવ ચુકી, નવ જાવું પરિવાર મુકી;
પ્રભુ રાજી નીરંતર રહેવું, પડે સંકટ તે સર્વે સ્હેવું.

સ્નેહે સંસાર સારો ચલાવો, શુભ સુખ તણો લેહ લાવો;
ધરી અંતરમાં અવીનાસી, મજા મોજ કરો નીત્ય ખાસી.
રીધી સીધીને સંપતી સારી, દેશે દેવ શંકર મન ધારી.

પ્રાણપતીનો સુમતી સાથે ગ્રહસ્થાશ્રમ ચલાવવો. દોહરા

નર નારી નિત્ય નેહથી, રૂડું કરતાં રાજ;
વપુવંતી વસ્તી વધી, અવનીમાં અધિરાજ.
સામગ્રી સૌ સેહેરની, શોભાનો નહી પાર;
જ્યાં જેવું તેવું કરી, ઠીક રમ્યાં સૌ ઠાર,
ઇશ્વરને આરાધતાં, ગ્રહસ્થાશ્રમનાં કામ;
નેહ ધરી નિત્યે કરે, હેત રાખી હામ.
વર્ષ એમ વીતી ગયાં, સુખ દીવસ સંસાર;
સુમતાના સંતાનથી, પ્રેમ તણો નહી પાર.

સુમતીનો પરીવાર. છપો.

નિતીથી નવ નીધ, સીધિને શાંતી ભાળી;
કિર્તિ ભકતી દયા, બહુ ગુણવંતી બાળી;
વિવેક વિદ્યાવંત, સ્નેહ સંતોષી સુરા;
ધર્મ ધુરંધર ધીર, પ્રેમ પરમારથ પુરા;
દાતારાદી દીકરા, પરમ લિન પરમેશમાં;
નિત્ય કર્મો નિત્યે કરે, ખળીયા બાળાવેશમાં;

પરીવારના આચરણ. ભુજંગીછંદ.

વિવેકે વડી લાજ લોકો વધારી, દિસે માનને ખાનને શેવ સારી

દયા દીલ આણી દિયે દાન દાતા, દરીદ્રી દિનો જયકો દાન પાતા.
વપૂવંતિ વીદ્યા કરે કામ નીતી, નહીં નૂન્ય જાદે ન ચાલે અનીતી;
કરે ઉપકારો તણા અન્ય કામો, હરે દુખ દાળીદ્ર હેતે તમામો.

नीरधननुं जीवतर. दोहरा.

જીવે જગમાં જર વીના, જીવત એળે જાણ;
રીધ વિના રાંડો કહે, પામર પશુ પ્રમાણ.
ધન વીણ લેખે ધુળ સમ, તર્ણાવત નહીં તોલ;
ગર્થ વિના ગાંડો કહે, બોલે અવળા બોલ.

छपो.

ગર્થ ગાંઠ નહી જેહ, દુખ દાવાનળ દેહે;
ધન વિણ ડહાપણ ધુળ, નારી પરણે કેમ નેહે;
અર્થ સરે નહીં એક, સગાં પણ છેટાં થાવે;
લોપે લાજ ઊર કલેશ, ગર્થ વિણ ગુણ નીજ જાપે;
અહો નીસ ચીંતા ઊર રહે, દવ ચીંતા દીલ ધકુ દમે;
અન જળ નીંદ્રા નવ ગમે, ઉદાશ અવની મન ભમે.

जाचवा विशे. चोपाइ.

જગમાં જાચે જે નર જાણ, ભાર તોલ નહી પશુ પ્રમાણ;
જોગ ભોગ ભાવે નવ થાય, માન સાન સુખ સર્વે જાય.
જન્મ ધર્યો ધરણીમાં ધીક, ભુંડી સોથી ભારે ભીખ;
ભલું મોત જે માગે ભીખ, ખાલી બાપડો આપે શીખ.
કાયર સુર સુમ દાતા કહે, નીચ ઊંચ કહી ભીખજ લહે;

ગુણહીણાને કરે ગુણવાન, ભીખ માગવીરે ભગવાન.

पुत्र पुत्रीओना आचरण.

भुजंगीछंद.

કરે કામ સંતોષ સત્યે સદાયે, વસૂલાતમાં નૈવ દૂભે કદાયે;
ક્ષમાવંત રક્ષા કરે રાજધાની, નથી રાખતા લેશ ભીતી કશાની.
રહી ધર્મ ધર્માસને ધીર ભારી, કરે ન્યાય નીત્યે પ્રજા પ્રીત ધારી;
દયા દાનને ધર્મમાં ધ્યાન રાખી, કરે કામ આરાધના ઇષ્ટ સાખી.
સુનીતી અને કીર્તિથી રાજ કીધુ, સદા સત્યને શાંતિથી કામ સીધ્યું;
ચલાવે રૂડી રીતથી રાજ નીતી, પ્રજા સૌ ધરે પ્રેમથી નીત્ય પ્રીતી.

दातार विषे. छपो.

દાતા દેશે દાન, માન મહીપતથી પાવે;
શુભ કીર્તિ સંસાર, ખચિત ખાંપણ કુળ જાયે;
સૌ માં શૂરો કોઈ, લક્ષ્મી લાખ્ખે કો દાતા;
ધનને ધુળ સમ ગણે, જાચકો જર બહુ પાતા;
વધે ખ્યાત બહુ વિશ્વમાં, પ્રતાપવંત પાયે નમે;
દેવ શંકર સુખ સર્વદા, ગુણ દાતા ગોવિંદ ગમે.

संतोष विषे. दोहरा.

સંતોષે સઘળું મળે, આદર ભાવ અપાર;
માન મળે મન ભાવતું, સભા કરે સતકાર.
સ્નેહ વધે જન સર્વનો, મળે મિત્ર મહા મુખ્ય;
માને મોટા મહીપતિ, નહી સંતોષિ તુલ્ય.

જ્યાં જ્યાં જાયે જશ વધે, નહી કોઇ વાતે ન્યુન;
અર્થ સરે સર્વે સદા, સંતોષે છે પુન્ય.
અવની વધશે આબરૂ, સંપત સો સુખ સાજ;
સંતોષી શુભ દાનતે, રાખે ઇશ્વર લાજ.

નીરદોષી વિશે. છપો.

નિરદોષીને ગેહ, સ્નેહ સૌકોથી થાયે;
દગો નહી જે હાલ, દુખ સો દુર પળાયે;
મહિપતિ દેશે માન, લોકમાં લજ્જા વધશે;
વિશ્વ વિશે વિશ્વાશ, થાઇ ધુરીંધર કરશે.
બહુ પાપ રહીત પઇસો મળે, અવસર કાંઇ અટકે નહીં;
દેવ શંકર નીરદોષીને, ઇશ સાથ આપત નહીં.

વિદ્યા વિશે. છપો.

વિદ્યા વિશ્વ વિશે વિખ્યાત, મોટે માન મળે બલિ ભાત;
લાજ વધે લોકોમાં ઘણી, રિધ સિધ પામે વીદ્યા ધણી.
વીદ્યા વશ સર્વે જન જાણ, વીદ્યા વણ તે પશુ પ્રમાણ;
વીદ્યાથી જગમાં જસ વધે, કીર્તિ કાયમ ખમણી ખધે.
ભાગ લાગ નહીં વિદ્યા ભણો, સુખ ખજાનો વિદ્યા મણો;
નૃપતી વિદ્યા નામે શીશ, શુભ કીર્તીને માન મહીસ.
રાજ ચોર અગ્ની ભય નહીં, પૂરણ પ્રિત જશો જો. કહીં;
સદગુણ વિદ્યા સર્વે સ્નેહ, વિદ્યાથી શોભે નીજ દેહ.
વિદ્યા આગળ ધન છે ધૂળ, વિદ્યા વીવેકનું છે મુળ;
કપર કામ મુરખ મન મણો, પંડિત રત્ન પુરો મન ભણો.

विवेक विशे. भुजंगीछंद.

વિવેકે વડું વીશ્વમાં માન પામે, વિવેકે સદા સૂખ સંતાપ વામે;
વિવેકે વધે લાજને લોક પ્રીતી, નહી તૂલ્ય સંસારમાં અન્ય રીતી.

सत्य विशे गरूडे चडी आवजो गीरधारी ए राग.

સદા સત્ય વેણ વદજો વિચારી, સત્યે સુખ સદા નર નારી;
સદા સત્ય વેણ વદજો વિચારી. ટેક.
સત્યે શાંપડે સંપતી સારી, દુખ દેહ નહી દીલ ભારી;
સત્યે સ્નેહ વધે સુખકારી, સદા સત્ય વેણ વદજો વીચારી;
મુખ વદજો મધુરી વાણી, સત્યે આફત ઊર ન આણી;
સત્યે ઓથ છે સારીંગ પાણી, સદા સત્ય વેણ વદજો વીચારી;
સત્યે સુનીતી આબરૂ અવની, જશ કીર્તિ જુગે જુગ નવની;
ભાંગે ભાવઠ ભુધર ભવની, સદા સત્ય વેણ વદજો વિચારી;
સત્યે સંસાર સઘળો ચાલે, મન માનતા મગનમાં માલે;
આપત આવે હરી હાથ ઝાલે, સદા સત્ય વેણ વદજો વિચારી;
સત્યે શ્રીહરી સંકટ કાપે, પાપ પૂર્વ જનમનાં ઉથાપે;
સત્યે મોક્ષ ગતી ઇશ આપે, સદા સત્યવેણ વદજો વિચારી;

शांति तथा भक्ति विषे. वसंततिलकाछंद.

શાંતી થકી સરસ સુખ સર્વત્ર થાયે;
શાંતી થકી સરવ કામ સરે સદાયે;
ભક્તી પ્રભુનિ ભજતા ભવ ભાર જાયે;
પૂજો પ્રભૂ પરમ આશ પુરે સદાયે.

पुन्य विशे. सवैया बत्रीसा.

પુન્ય થકી નકી પાપ જતાં શુભ ગુણ સદા ભલિ ભાતજ આવે.
લક્ષ્મિમનેલાજ વધે વડી વિશ્વને ભક્તિ ભલી ભગવાનજ ભાવે;
શાંતિને સુખને સુંદિર કાંન્તિથી ભ્રાંતિ વિનાનો વપુ નિજ કાવે;
આ જુગ આશ પ્રભુ કરે પુરીને સ્વર્ગમાં સુજસ સાથ તે જાવે.

दया विशे. भुजंगीछंद.

દયા દ્રષ્ટિથી ઈશ આરોગ્ય રાખે, મળે લાભ લક્ષ્મી સદા સુખ ચાખે;
દયાથી પ્રભૂજી રહે નીત્ય રાજી, ઘણાં વર્ષ જીવે રહે ગૂણ ગાજી.

सुपात्र परीवारथी राय अने राणी तथा नग्रवासीने थता सुखनी प्राप्ती. छपो.

પ્રેમથી પરીવાર, દંપતી દિલ સુખ પામે;
પુત્ર પુત્રીના ધર્મ, નેત્ર નીરખ્યો દુખ વામે;
આપ આપના કર્મ, નીત્ય નેહે સંભાળે;
રહે સુનીતી સર્વ, પ્રજા પૂત્રો સમ પાળે;
વપુવંતી નગ્રી વિશે, વસ્તી વર્ણ અઢારને;
શાંતી સુખ સંપત ઘણી, ધન્ય ધર્યો અવતારને.

प्रजानो प्यार अने रायनो इतबार. मत्तगयंदछंद.

પૂરણ પ્રીત ધરી પુરવાસિ, સદા પ્રભુ સેવધિ નેહ ધરે છે;
અન્ય ઉપાધિ ધરે નવ અંતર, આકિન ઈશપિ કામ કરે છે;
જીવ દયા પ્રતિપાળ પરાક્રમિ, રાય તણો પરિતાપ પડે છે;
કાવડુ જૂલમ જાર લબાડ, જુઠા ખળનો નિત્ય ઘાટ ઘડે છે.

रायनी वर्तणुक. मालिनीछंद.

પરમ પદ પ્રભુથી નીતિમાં નિત્ય ચાલે;
સરસ હરષ રાખી મગનમાં રોજ માલે;
તન દુખ નિજ ટાળી દંપતી દીન લે છે;
અગણિત ગુણ આપે ઇશ ધ્યાને ધરે છે.

नीती विशे. सारंगी छंद.

નેહેથી નીતીથી નીધી, રીધી સો સીધી થાશે;
જો વીચારી નીર્ખે તારા, ભાવેથી ગૂણો ગાશે;
નીહાળી નેત્રેથી જોતાં, નીતી છે રીતી સારી;
પામે પૂત્રો સોળે સોભા, મોક્ષે જાવાની બારી.

प्राणपतीनुं दीगवीजय राज्य अने गुनेगारने शीक्षा तथा राज्य छोडी वानप्रस्थ अवस्था पाळवा विशे. राग ढाळ.

પ્રાણપતી એમ પ્રેમથી, કરે રાજ્ય સર્વે સાથ;
સુમતી સેવા નેહથી, નીત્ય નીત્ય કરતી નાથ;
પૂરણ પ્રભુ પરતાપથી, પરીવાર પરમ નીધાન;
ધ્યાન હરી હરનું ધરી, સૌને દીયે સનમાન;
વિપ્ર વિદ્યાવંતને, પ્રેમે થકી નીજ પાસ;
વિદ્યા વીનોદો નીત્ય કરે, અતંર ધરી ઊલ્લાસ;
શાસ્ત્ર કેરી સલાહ લેઇને, નૃપતી કરતા ન્યાય;
પ્રજા પ્રીતે પાળતા, નવ નૃપ અધિક ગણાય;

સંત સાધૂ સ્નેહથી, સંતોષ પામ્યા સુખ;
દરિદ્રી દુખ કાપિયાં, ભિક્ષૂક ભાગી ભુખ;
નિરાશ્રીતને આસરો, અપૂર્ણ ઉતેજન;
ધરી પ્રીત પરમારથ કરે, દિલ દયા રાખી મન;
હરામીને હેતથી, છે સખત શીક્ષા એહ;
જન કરે જારી જન્મ હારી, દંડ દે નીજ દેહ;
નાસીકાને કર્ણ ખંડન, માથુ મુંડન થાય;
ગર્ધવ ચઢાવી ગામથી, અતિ દુર પંથ પળાય;
ચીત ચોર લુંટે લોકને, અને કરે અઘટીત કામ;
એ હરામીના હસ્ત છેદી, કરે ભાલે ડામ;
પાપી જનોના પ્રાણ લે કાં, કરે અર્ણવ પાર;
કપટ કાર્યે કઈકનાં, લુટી લીયાં ઘરબાર;
જુલમ કો નર કરે નેહે, બાંધી મારે માર;
કેદ કેરી કરે શીક્ષા, વહે નીત્યે ભાર;
આપી થાપણ ઓળવે, જુઠા બનાવે લેખ;
સુવારી સરીયાનમાં, છાતીમાં મારે મેખ;
પ્રતીજ્ઞા જુઠી કરી, શાક્ષી ન આપે સત્ય;
બાંધી મારે બાર ફટકા, નવે માસે નત્ય;
વેણ સાચુ નવ વદે, નીંદા કરે નર નાર;
ખુસામતીઆ ચાડીયા, લાંઠીયા લોંડ ગુમાર;
ગર્વિષ્ટ ગુણહીણ ગેહથી, બુધ્ધિ વીના બહુ વેશ;
ભમાવી ભોળવે ભાવે, ભુલી જાય મહેશ;

ઉપર તણો જોઈ વેશ એવો, થાય એ શિક્ષાયઃ
હર એક વર્ષો દ્વાદશો, ભોગવે સખ્ત સજાય;
લોભીનું ધન લુંટી લેઈને, આપે દાન અધીક;
શુદ્ર પાસે સંપતી, નવ થવા દેતા ઠીક;
પ્રાણપતી નીત્ય પ્રીતથી, કરે રાજ રૂડી રીત;
નહીં આધી વ્યાધી આપદા, છે પરમ સુખ પુનીત;
નગ્રવાસી નેહથી, મુખ વદે જય જય કાર;
શાંતી સુનેહે પાળતા, નીજ ધર્મ સૌ નરનાર;
વર્ષ શત વીતી ગયાં, સુમતી બોલી સ્યામઃ
નાથ રહેવું નવ ઘટે, વન ચલીયે વિશ્રામ;
એકાંત સ્થળ જઈ ઈશને, આરાધવાની આશ;
મુકતી પદારથ પામવા, વૈકુંઠ થાવા વાસ;
ચાલો જઈએ ચોંપથી, સાંભળી સત્ય વચન;
રાય મન રાજી થયા, તવ વિચાર્યું નીજ મન;
પુત્ર પાસે તેડીને, બેસારી બોલ્યા વાત;
એકાંત સ્થળ જઈ ઈશને, આરાધવા સાક્ષાત;
સુમતી સંગે આવશે, તમે રહી કરજો કાજ;
સમજુને શી સીખ દેવી, ધર્મના ધીરાજ;
શીખામણ દેઈ દંપતી નીકળ્યાં વનની વાટ;
ત્રવેણી કેરા તટ પરે, જઈ રચ્યો રમણીક ઘાટ.

સાર્દૂલવિક્રીડિત છંદ.

બાંધી છે પન કોટડી તટ પરે, દર્ભો તણી દીપતી;

નીત્યે સ્નાન કરી મહા સુખ લહે, આનંદ વાધે અતી,
નેહેથી ફળ ફૂલ ભક્ષણ કરી, શેવે સદા શ્રીપતી;
ધ્યાનેથી ધરિ પ્રીત નીત્ય પ્રભુની, સેવા કરે દંપતી.

सुमतीनुं स्वामीसेवन. किरिट छंद.

સૂમતિ નેહ થકી નિજ નાથની, શેવ કરે દિલ દૂખ વિડારણ;
પાળિ સદા પતિવ્રત ન લોપતિ, લેશ ન ખોલ સદા સુખ કારણ
પ્રાણથિ પ્રેમ અધીક અથાક, ધર્યું ચિત નાથ સદા નિજ તારણ.
લેહ લગી મમ છો પ્રભુસ્યામ, નમી તમ પાય ભજું ભવ તારણ

स्त्रीनो पती प्रते धर्म. हरीगीत छंद.

નિજ સ્વામી કેરી શેવ ચુકી, સાધુ શેવે શું થયું;
તજી પતી તપ તિરથ કર્યાં, આજ્ઞા વિના એળે ગયું.
પીતુ માતનિ સેવા સજી, નિજ સ્વામી શેવા નવ કરી;
જપ દાન ભકતો ધ્યાન, વ્રતમાં વાટ ઉંહી છે ખરી.

तपश्चर्या. वैतालीय छंद.

સુમતી હરષે અતી ઘણી, સજતી શેવ સદા પતી તણી;
તપ આદર આપથી કર્યો, પરિતાપો તનનો પરો કર્યો.
ધરી ધ્યાન પ્રભૂ ભજે સદા, અવની આપત ના પડે કદા;
ભજતાં ભગવાન ભાવથી, હરતાં કામ અપાર લાવથી.

आश्रमना मुनीजनो अने तेमनुं सेवन करवुं. त्रीभंगी छंद

તટપર મુનિ મોટા, છે કંઇ છોટા, જુક્તે જોટા, ઠાર ઠરે;
નિત્ય તપ આદરતા, સેવા કરતા, ભવ દુખ હરતા, ધ્યાન ધરે

છે અકળ અકામી, ન મળે ખામી, નિશ્ચળ નામી, મુની એવા.
નીત્યે નરનારી, સૌની સારી, દુખ વીડારી, લે શેવા.

दंपतीनी स्थीती. कुसुम विचित्रा छंद.

કરિ પરિશ્રમે નિત્ય નિજ કાયા, પરમ કરે સેવન રૂષિરાયા;
નિસ દિન નેહે પ્રભુ સમરે છે, મુનિજન હૈયે હરષ ધરે છે.

मुनीजनोनुं कृपालु थवुं. रुचिरा छंद.

મુનિજન મોટી મેહેર કરીને, પ્રાણપતિ લીધો પાસે;
બેસારીને બોધ કરે છે, વીશ્વંભર ભજ વિશ્વાસે.
અન્ય ઉપાધી અંતર અળગી, ઈસ ઉપાસે નિત્ય આપે;
શ્રી હરી સમરણ નિશ્ચે સાચે, સદા શોક સંકટ કાપે.

प्राणपतीनी अर्ज. शीर्षा छंद.

માગું ગૂરૂ હું આપે, ઉપાધી સૌ ઉથાપે;
મોક્ષે જવાનો રસ્તો, જે લાગે નીશ્ચે સસ્તો.
આપો મુને એ સારૂં, ભા ભારૂં જાયે મારૂં.
ગુરૂ બોલ્યા જે વાણી, સ્નેહેથી સૂણે પ્રાણી.

प्राणपतीने उपदेश. अनुकुलाछंद.

પ્રાણપતી સંગ પ્રિતથિ બોલે, અંતર ભેદી દિલ નિજ ખોલે;
એમ પ્રભૂની અરજ કરે છે, પ્રેમથિ પ્રાણી સમજ ધરે છે.

इश्वर स्तुती.

हरिगीतछंद.

સંસાર સાગર મધન દુર્લભ, પાર તરિ કેમ પામિયે;

મોજાં અતિ મોહ જ્વાળનાં, વિશ્નુ વિના કેમ વામિયે.
પ્રભુ નાવ નારાયણ તણે, પાણિ ગ્રહિ પોહોચાડશે;
પરિબ્રહ્મ પુરણ પ્રેમથી, અવતાર અટન મટાડશે.
નથી આપણુ કો અવનિમાં, સ્વારથી સૌ સંસાર છે;
ભુધર તણી ભક્તિ કરો, સારમાં સૌથી સાર છે.
અવસાન વેળા અતો દારૂણ, પર્મ ગતિયે પમાડશે;
પરિબ્રહ્મ પુરણ પ્રેમથી, અવતાર અટન મટાડશે.
જગત જનની મોહ જ્વાળા, જરૂર મીથ્યા જાણવી;
અહોનીસ અંતર આપણે, અખંડ મુર્તિ આણવી.
આદિ અનાદિ એક છે તે, ભવની ભાવઠ કાઢશે;
પરિબ્રહ્મ પુરણ પ્રેમથી, અવતાર અટન મટાડશે.
અજ્ઞાનતા અળગી કરી, અભિમાન ઉરમાંથી તજો;
આજ્ઞામાં રાખી ઇંદ્રિઓને, પુર્ણ પદવી પ્રભુ ભજો.
સંકટ શોષિ કરો સ્મર્ણન, સાયુજ્ય મુક્તિ આપશે;
પરિબ્રહ્મ પુરણ પ્રેમથી, અવતાર અટન મટાડશે.
ઇશ્વર અનાદિ એકછે, ભિન્ન ભિન્ન નહી ભુલોકમાં;
મત અતિ જૂદા જન તણા, તે જાગે સર્વ લોકમાં.
ત્રીવીધીના તાપથી, ભક્તોનાં ભવ દુખ કાપશે;
પરિબ્રહ્મ પુરણ પ્રેમથી, અવતાર અટન મટાડશે.
આસ્તા રાખી એક ઉપર, સત્યથી સાધો સદા;
નહી દામ ખર્ચે દાકડો, આ જન્મ ભુલે જો કદા.
દેવશંકર દાસ હું તાહરો, ભાવથી ભવ દુખ કાપજે;

પ્રભુ સંકટ શોષ સર્વદા, તુજ અભય પદવી આપજે.

बेमो बाइ बुमतो तारोरे ए राग.

પ્રભુ ભજો પ્રીતથી પ્રાણીરે, જાવું જીવ નિશ્ચે જાણી. ટેક.
કોટી ઉપાયે કરૂણા કરીને, આપ્યો મનુષ અવતાર;
લાલચમાં લપટાઈ ગયો જીવ, જાણ્યા ન જુગદાધાર. પ્રભુ૦
મોહ માયા મમતાએ ભરેલા, મદ મચ્છર અભિમાન;
કામને ક્રોધ કુટિલતા કુડિયે, ભુલી ગયા ભગવાન. પ્રભુ૦
રિધી સિધીને સંપતિ સુખમાં, પુરણ છે પરિવાર;
સુત વિત દારામાં સર્વે ગયું, તુજ આયુષ્ય એળે યાર. પ્રભુ૦
પળ એક પાછી ન આવશે પ્રાણી, જાળવવી કરો યત્ન;
મુલ્ય માણી મહા મોંઘો મળ્યો દેહ, રાંક કરે હાથ રત્ન. પ્રભુ૦
સંસાર સ્વપ્ન જુઠી જાળ જાણો, આણો અંતર અવિનાશ;
નિત્યે નારાયણ નીતીથી ભજતાં, આવે નહી ગર્ભવાશ. પ્રભુ૦
માયાને મમતા મીથ્યા સમજવી, માલ મતા ઘરબાર;
સ્વારથ કેરાં સોખતી સરવે, પુત્રો અને પરિવાર. પ્રભુ૦
પુન્ય પર્મારથ દાન દયાથી, રાજી રહે ઘનસ્યામ;
પુરણ ધ્યાન પરિબ્રહ્મ ધરતાં, આપે અવિચળ ધામ. પ્રભુ૦
રિધી સીધી ને સંપતી સારી, સુખ અતી શ્રીકાર;
ઉત્તમ કુળ દેવશંકર આપો, ઈશ સદા આધાર. પ્રભુ૦

राग माळव.

અવનીમાં અવતાર ધર્યો તો, નિશ્ચે થાવું નાશરે;

કાંઈ રંક રાજા કોઈ પશુ પ્રાણી, કોઈ દાસી કાંઈ દાસરે.
અવનીમાં અવતાર ધર્યો તો, નિશ્ચે થાવું નાશરે. ટેક.
કુમળી કાયા બાળક કેરી, જેમ જેમ જોબન થાયરે;
વપુ તણો તવ વાનજ બદલે, સુંદીર શરીર શોભાયરે. અ૦
કામ ક્રોધ મદ મચ્છર માયા, કરશે વપુમાં વાસરે;
નર નારીને નેહજ થાયે, રિધ સિધમાં રહે આસરે. અ૦
બાળ બચ્ચા ને છૈયાં છોરૂ, પ્રભુ નામ નહી પ્યારૂરે;
જોબન જુવતીમાં વહી જાશે, એળે આયુષ તારૂંરે. અ૦
વૃધાવસ્થા વપુ બગડશે, થરથર કાયા ધ્રુજેરે;
અંગે અપંગો કાને બેહેરો, આંખે નહી કાંઈ સુજેરે. અ૦
માલ મત્તાને મંદિર મેડી, પૂત્ર અને પરીવારરે;
સગાં સહોદર સાથ ને આવે, નહીં આવે તુજ નારરે. અ૦
અંતે સરવસ લેશે લુટી, લક્ષ્મી હશે જો લાખરે;
પુન્ય પાપ પાસે તુજ રહેતાં, બાળી કરશે ખાખરે. અ૦
સઘળી બાજી સ્વારથ કેરી, સ્વારથ સરે દુર રહેશેરે;
દેવશંકર નીજ દીલથી દાખે, ગરજે કાકા કહેશેરે. અ૦
કૃપાળુ ભજતાં કોડી ન બેસે, ભજ મન વારંવારરે;
યમકીંકરનું જોર ન ચાલે, ઉતરશો ભવ પારરે. અ૦

राग धोळ.

હું ધરી દુનિયામાં પ્રાણી, પ્રાણ જશે પળ માંહીજી;
સુત વિત દારા સગાં સહોદર, રિધ સિધ રહેશે કાંહીજી.
મંદીર મેડી મમતા મોટી; ધનને કાજે ધાવુંજી;

કાયાનો નીરધાર નથી નીજ, જન્મા ત્યાંથી જાવુંજી.
નર તન પામી નેહથી ભજવા, ઉર ઈશ અવીનાસીજી;
સાચે દિલે સમરણ કરતાં, ભાંગે ભવ ચોરાસીજી.
વિકાર તનથી કરી વેગળા, પાપ પાસથી ડરીએજી;
દેવશંકર શુભ દાનત દીલમાં, ભવસાગર ભવ તરીએજી.

चाबखा.

શાણા સમજ જીવડા સાર, અંતે જાવું જમને દ્વાર. ટેક.
પુન્ય પુરાંથી પામીયો પ્રાણી, મુલ્ય મહા મનુસાઈ;
જાણીશ તોતો જુક્તી ઘણીછે, માણોસ મહાસુખ ભાઈ. શાણા૦
દાન દયા અને ધ્યાન ધરમમાં, નિતીની રીત રાખે નીત;
સદગુણ સર્વે સારા સજીશ તો, પ્રભુ ધરે તુજ પ્રીત. શાણા૦
મોહ માયામાં માન ઘણેરૂં, ભુલી ગયો ભગવાન;
દાન દયામાં દીલ ન રાખ્યું, ભામનીમાં ગયું ભાન. શાણા૦
અધર્મમાં તો અત્યંત રાજી, મદ મચ્છર અભિમાન;
અનીતીના તો ઓઘ કર્યા તેથી, રખડવું રહ્યું રાન. શાણા૦
કૃત કરેલાં ભોગવે જાવે, સુકૃતથી સુખ થાયે;
દુકૃતથી દુખ પામવું એમાં, સંસય શું સમજાયે. શાણા૦
સુત વિત ઘોડું ધન દારા એ, મુકાવશે નહી માર;
પુરણ સુખ છે પ્રભુ ભજ્યામાં, પામો પદારથ ચાર. શાણા૦

राग गरबी.

જાવું જરૂર જીવ જાણજે, એક દીન જાવું જરૂર જીવ જાણજે; ટેક

માસ છમાસ કે વર્ષંજ વીતે, પચાસ પચાસ પરમાણ જે. એક.
સંસાર સુખ સંપુરાણુ લેઈને, મોજ મજા મન માણજે; એક.
નિતીની રીત રહી નીસ દીને, ઉપાધી અંતર નાણજે. એક.
દુરગુણ દિલના દુર કરીને, અંતર ઈશ નીત્ય આણજે; એક.
દેવ શંકર દિલ લક્ષ લગાડી, ગોવીંદ ગુણ તું વખાણજે. એક.

राग गरबी.

તારૂં એળે આયુષ વહી જાયે, કાળ કપટથી કાળજુ ખાય;
ચતુર નર ચેતોરે ભાઈ. ટેક.
અગણિત ઉપાયે અવનીમાં આવ્યો, લક્ષ ચોરાસી મુઝાઈ;
ઈશ્વરનું કદી નામ ન લીધું, ફોકટ ફેરો ખાઈ. ચતુર૦
મીથ્યા મારૂં મન કરી માન્યું, નહીં સાથ આવે એક પાઈ;
માયા મોહ મમતાને મુકી, શ્રી હરી ભજો સુખ દાઈ. ચતુર૦
કુડી કાયા કામ ને આવે, પ્રાણ જશે પળ માંઈ;
સાગર સરીતા સેહેર કે જંગલ, મેડી કે મંદીર માંઈ. ચતુર૦
કાયાનો નીરધાર નહીં જે, અમુક અવની કાંઈ;
પાંચ પચીસ કે પચાસ રહીને, ચાલવું છોડી સગાઈ. ચતુર૦
પુણ્ય પુરાં ને સંચીત સારે, મહા દેહ માન્યો મનુસાઈ;
સુત વીતદારા સગાં સહોદર, માત પીતાને ભાઈ. ચતુર૦
અવસાન વેળા અળગાં કરવાં, અહોનીશ એ દુખદાઈ;
ઈશ સ્મરણ નીત્ય આરાધો, શ્રીહરી સુધા પ્યાલો પાઈ. ચતુર૦
ભવ દુખ ભટકણ ભવનાં ભાગે, વળી મજેરે વધાઈ;
નટવર સાથે નેહજ ધરતાં, ભવમાં ભલીરે ભલાઈ. ચતુર૦

પ્રપંચ પરહરી પ્રભુ ભજો તમે, નરનારી ચતુરાઈ;
આદ્ય નિરંજન અંતર ભજતાં,ભવભય ભટકણ નાઈ. ચતુર૦
દેવ શંકર સુખ સંપત આપો, શેવક છો સુખદાઈ;
વસમી વખતે વાર કરી પ્રભુ, પાર ઉતારે મુજ ધાઈ. ચતુર૦

राग पद.

નીસ દીન ઈષ્ટ ઉપાસે જીવ, તુજને મળે મહા પદ શીવ. ટેક
દેહ ધરી દુનીયામાં પ્રાણી, સત્ય સદા વદ વાણી.
અધર્મથી નીત્ય અળગા રહેતાં, ભેટે સારીંગ પ્રાણી નીસ૦
મદ માયા મમતાને મુકી, ભાવથી ભુધર ભજીયે;
કામ વિકારો કરી વેગળા, દુરગુણ દીલથી તજીયે, નીસ૦
અંતર ઉર ધરી અવીનાસી, નીસ દીન રટણા રટવી;
શ્રીહરી કેરૂ સમરણ સાચું, અવર નિંદા ઉર નટવી. નીસ૦
અસુર સવારે અને અગોચર, રક્ષણ રામજી કરતા.
કણ કીડીને મણ કુંજરને; ભૂમાં સો જન ભરતા. નીસ૦
ચૌદ લોકની ચીતમાં ચીંતા, ચિદાનંદ મહારાજ;
જે જેવું પ્રભુ આપી તેવું, સાર્યા શેવક કાજ. નીસ૦
તુજ વીણ તર્ણાવત નહીં ખાલી, જગપતી જગમાં વાસો;
અઘટીત કામો કરે અછાનાં, જાણે જુકતે તમાસો. નીસ૦
કાચી કાયા કુડી માયા, કારમી છોડી સગાઈ;
નામ ધર્યું તે નિશ્ચે જાશે, પાસ ન રહેશે પાઈ. નીસ૦
અનેક અવગુણ એ પ્રભુ મારા, દિન દયા દિલ જાણી;
માફ કરી મહારાજ ગુના મુજ, પ્રીતથી પકડો પાણી. નીસ૦

પ્રભુ નામથી પાર પમાયે, જન્મ મરણ ભય જાયે;
સુખ સદા દેવ શંકર દીલમાં, મનવાંછીત ફળ થાયે. નીસ૦

राग देशी.

નર નારી શાણા રાણા નૃપ, સુખા શાહજો સમજો;
અમલદાર આંધી નવ રાખો, દિન જનો નવ દમજો;
સંચીત સારાં પુર્વ જન્મનાં, સુખ પામ્યા છો સારૂં.
હુંપદને હલકાઈ કરેથી, શેય નહી થાય તમારૂં;
હલકી કોમના હોય આંધળા, નાહક દુખ દે દાડી.
આડી અવળી બોલી બોલે, જાણે પીધી તાડી;
કામ ક્રોધથી દીનને દંડો, દયા ન દીલમાં રાખો.
ચાર દીવશનું ચટકું ચાખે, જન્મ બગડશે આખો;
માયા મમતા મનમાં મોટી, લક્ષ્મીમાં લોભાણા.
અંતે પ્રાણી પાઈ નહીં પાશે, માથે મુકશે પાણા;
જોબન જઈને જરા આવશે, કાળ ઝડપશે કાયા.
સગાં કુટંબી છેટાં થાશે, નહી આવે તુજ માયા;
આંખે અંધો પગે પાંગળો, મુખથી ચુસે લાળ;
ગતી હીણ થાશો ગુણવંતા, બુધિ જેવી બાળ.
પીંડ માંહેથી પ્રાણ કાઢવો, દારૂણ દુખ છે દેવ;
એ વેળાતો અતી દોહલી, સમરો શ્યામ સદેવ.
કઠણ સમો અવસાન અરે, એ વખતે વળી વિમાસો;
કૃર કરેલાં કર્મ થકી તમે, શોક મુકી પસ્તાસો.
યમ કીંકર ગ્રહી જીવ ચાલશે, ઉપાય કરશો લાખ;

મસાણુ માંહી મોટે ભડકે, બાળી કરશે ખાખ.
જન્મા માંથી નીશ્ચ જાવું, નાસ નામનો થાશે;
નિતી કીર્તિ ભક્તો કાયમ, સદા કાળ સોભાશે.
શ્રી હરી સમરો સુખ શુભ થાશે, જન્મ મરણ ભય જાશે;
દેવશંકર શુભ દાનત દીલમાં, મન માન્યું મુજ થાશે.

લલિતછંદ,

અવનિ આવિને જીવ જાણરે, જરૂર નામની થાય હાણરે;
જનમ જે ધર્યા જીવ જાયરે, અમર દેહ આ કો ન થાયરે.
જગત જાણવી મોહની નદી, પરમ પામિયા પાર ના કદી;
વગર ચિંતવ્યું તેડું આવશે, જરૂર જીવડા સી ગતી થશે.
ખચિત જાળિયું ખાખ થાયરે, પલક એકમાં પ્રાણ જાયરે;
સમર શ્રી હરી સ્નેહથી સદા, દુખ દરીદ્રતા ના પિડે કદા.
કપટ ક્રોધને કાઢજો પરો, મમત મોહને હેતથી હરો.
જરૂર જીવતો જાણજો જશે, સરવ સંપતી સ્વર્ગની હશે;
તદપિ તે નહી સાથ આવશે, કરમ ધર્મતા ધર્મ ફાવશે.
પુરણ પ્રીતથી શ્રી પ્રભુ ભજો, મન વિકારને તુર્તતા તજો;
અચળ આસરો એક ઇશ છે, રટણ ઇશનું દીન નીશ છે.
સમર શ્રી પ્રભુ સુખ થાયરે, જન્મ મર્ણની જ્વાળ જાયરે;
પ્રગટ પૂર્ણમા દેહ દીવડો, મરણ જ્વાળથી જીવ થા ખડો.
પરમ ઇશથી પાર પામવું જગતનાથને શીશ નામવું;
ભક્ત ભાવથી લાજ રાખીને, અચળ આસરો દાસ આપિને.
પુરણ પ્રેમથી પાસ રાખજે, સરવ સંપતી સુખ આપજે;

અચળ છે ખરી ઓથ તાહરી, સકળ ધારણા પુર માહરી.

રાગ મેવાડો.

જગમાં જીવ જનમીરે, જન્મા ત્યાંથો ચાલવુંરે;
નક્કી નથી આ દેહનો નીરધાર,
નામ ધરયું ત્યાંથીરે નીશ્ચે જાવું છે મરીરે;
પ્રભુ ભજો પ્રેમથી વારંવાર,
જગમાં જીવ જનમીરે જન્મા ત્યાંથી ચાલવુંરે. ટેક.
કાચી કુડી કાયારે કુંભ કુંભારનોરે,
વણસી જાતાં ને લાગે કાંઈ વાર;
પાણીનો પરપોટોરે પળમાં વહી જશેરે,
નારાયણ નામે તરો ભવપાર. જગમાં૦
પંચ ભૂત પ્રપંચનું બનીયું પુતળુંરે,
માયા મોહ મમતાને વળી કામ;
મદ મોહ લોભરે ક્રોધ અહંકારછેરે,
નવ લીધું નેહે નારાયણ નામ. જગમાં૦
રમવાને જમવામાંરે બાળાપણ વહી ગયુંરે,
યુવાનીમાં યુવતી સાથે કાઢયા દીન;
સુખ સઘળું લેવારે પૈસો ધુતો પારકોરે,
મજા જોઈ મનમાં થયો અતી લીન. જગમાં૦
વૃધપણે વાધીરે માયા મન બહુ થઈરે,
ચોંટયું તારૂં બાળ બચ્ચામાં ચીત;
પ્રેમે ના પ્રણામ્યોરે તું પરિબ્રહ્મનેરે,

જવ કરી નટવર સાથે પ્રીત. જગમાં૦
મંદીરને મેડીરે મોલ અટારીપુરે,
મહાસુખ રીધ સીધનો નહી પાર;
મનુષ્યાદેહ મોંઘોરે મહા મુલે નહી મળેરે,
એળ ખોઈ આયુષ લીધો શીર ભાર. જગમાં૦
અંતકાળ આવેરે એક દીન ચાલવુંરે,
સર્વે છોડી એકલાં જાવું અનાથ;
ભાઈને ભોજાઈરે માત તાત નહી મળેરે,
છૈયાં છોરૂ સુત વિત દારા નહી સાથ. જગમાં૦
આધી વ્યાધી મુકીરે ભજો શ્રીબ્રહ્મનેરે,
કુડી કાયા કાંઈએ નહીં આવે કામ;
દીલ નહી રાખોરે દગો ઘણો દોપછેરે,
સુધ ચીત્તે સમરો શ્રીઘનસ્યામ. જગમાં૦
ઊરે અવગુણરે નહી એક રાખવોરે,
સદા સુભ ચાલવું સારી ચાલ;
નીચ સંગ ન કરવોરે, મર્તામદ પરહરોરે,
ગુરૂગમ ગૃહી ભજોને ગોપાળ. જગમાં૦
સદા ભજો સ્નેહેરે પ્રભુ પત રાખશેરે;
હળે તારા ત્રીવીધી કેરા તાપ;
હું છું તારે ચરણેરે સરણે રાખો સામળારે,
સદા સુખ દેવશંકર પ્રભુ આપ. જગમાં૦

राग गरबी.

જનમ મરણ જુગનાથ વીના જાશે નહીરે,
હરી કરે તે દિન ભરેલું હોયે;
નાશ નામનો મીથ્યા કોય કરે નહીરે,
ક્રોડ ઉપાયે જોવું હોય તો જોયરે. જનમ૦
માયાનો રચિયો છે મિથ્યા માંડવોરે,
નિમિષ માત્રમાં નિશ્ચે થાશે નાશરે;
કાચી કાયા કાચો કુંભ કુંભારનોરે,
પ્રપંચ પુરો પ્રૌઢો છે આ પાસરે. જનમ૦
જુઠી જંજાળ જગતની નિશ્ચે જાણવીરે,
પાણીના પરપોટા સમ પરમાણરે;
કાયાનો નીરધાર નથી જાણો નક્કીરે,
પળમાં જનમી પળમાં થાયે હાણરે. જનમ૦
આકાશે વાદળીયું રંગ કરે ઘણારે,
જરા જુવાની બાળપણાના ખેલરે;
પળ ગઈ પાછી ફેર કદી નવ પામીયેરે,
પ્રભુ વિના પરપંચી પડદા મેલરે. જનમ૦
નીસ દીન નેહે નારાયણ નેહે ભજોરે,
કરી કપુપી દુર સહુ દુખ જાયરે;
પ્રભુ ભકતીથી પુરણ પદ પ્રેમે મળેરે,
જનમ મરણની જંજાળ સમુળી જાયરે. જનમ૦
હરીહર સ્મર્ણન સુખ અતી સંસારમાંરે,

પરમ કૃપાળું પુરે મનની હામરે;
મોહ્યા પદારથ પ્રીતે પુરણ પામશોરે,
અખંડ અવની અમર રહેશે નામરે. જનમ૦

झुलणाछंद.

પુરૂષને પ્રેમહા ઉઠી પરભાતમાં, શ્રીહરી નાથની શેવ કરવી;
ધ્યાન હરિહર ધરી મુકી માયા પરી, સ્નેહથી છાકટી ટેવ હરવી;
પ્રેમથી પુજીયે નિત્ય પરિબ્રહ્મને, ઉર અજ્ઞાનતા અલગ થાયે;
શ્રીહરિ સમરતાં સુધ્ધ ચિત થાય છે, દુર્ગુણો દિલના દુર જાયે.
દીલ દયા ધરો કામ કુડે કરો, ઇષ્ટ આરાધના ઉર ધરિયેં;
પાપ પરવારીયે ધર્મ નિમ ધારિયેં, ઇશની ભાવથી ભકતી કરીયે.
નાર નિંદા અને નાણું જોઇ પારકું, ત્યાગ તુરત કરો તુચ્છ જાણી;
આશ ઇશ્વર વિના આળપંપાળછે, મારૂં નિરપા ગણો ધુળ ધાણી.
નસિબમાં નિર્મુ તે નાશ નહીં કો થશે, ભોગવો ભાવથિ દુખ નાણો;
સુખ શાંતી થયે દુખ દેખા દિયે, લક્ષ્મીનો લેશ નહી ક્લેશ આણો.
કોય કોનું નથી સર્વછે સ્વારથિ, આવે અવસાન નહીં દેહ તારો;
શામાને છોકરાં રિધ સિધ કાંઇ રહે, ઇશના નામથિ આવે આરો.
દેહ દુર્લભ ઘણો મુલ મહા નહી મળે, આવ્યો અવસાર કદિ ફેર નાવે;
શ્રીહરિ નામથિ સેજ સાગર તરે, લખવસા લક્ષ ચોરાશી જાવે.
ઓ પ્રભુ આ સમે આશ પુર મહારી, ભાવથી ભકતી દે તારી શેવા;
દાસનો દાસ હું દેવ શંકર કહે, ભવ ભય ભંજીદે દેવ દેવા.

राग संदेसानो.

નારાયણનું નામ લહોને માનવી,

નિરમળ રૂડું નારાયણનું નામ જો;
દુખ દિલ કાપી સુખ સહુને આપશે,
અંત વખત પ્રભુ આવે છે અતી કામજો. નારા૦
દેહ ધરી દુનિયામાં શું સુખ પામિયો,
મારૂં તારૂં મીથ્યા કરીવું જાણજો
સગાં કુટંબી સર્વે મુકી ચાલવું,
તજી નીજ તનને નિશ્ચે જાશે પ્રાણજો. નારાયણ૦
નાહી આવે કો સાથે સમજો મનમાં,
સ્વારથી સઘળો મિથ્યા છે સંસારજો;
ફોકટ દેહ ધરી ફરવું નહી ફેલમાં,
નારાયણ નામેથી પામે પારજો, નારાયણ૦
અધમ ઉધારણ મોક્ષ તણા દાનારને,
ભજવું ભાવે ભાવઠ ભાગે દુખજો;
અંતકાળનો બેલી ઈશ્વર એક છે,
સદા શેવકને આપે છે બહુ સુખજો. નારાયણ૦
છૈયા છોરૂ નારી નહીં કો આપણાં,
કોના ભાઈને કોનાં છે ઘરબારજો;
સગાં કુટંબી સર્વે જાણો સ્વારથી,
સંસારી સુખ ચટકું દીવશ ચારજો. નારાયણ૦
રીધી સીધી સંપત સારી આપશે,
સહાય સમરો હેતે વાર હજારજો;
ક્ષમા દેવ શંકર શેવકપર રાખીને,

બાંહ્ય ગ્રહી પ્રભુ ઉતારો ભવ પારજો. નારાયણ૦

कार्फी.

ચતુર નર ચેતારે, સુખ દુખ સરજ્યું પડે;
હર્ષ શોક નવ ધરવોરે, અત્યંત દુખ આવી અડે. ચતુરનર. ટેક
નસીબ યોગે નવનીધ થાયે, નસીબ યોગે નહીં દામ;
કો વેળા સેવક સો સામટા, કો વેળા પર કામ.
કો વેળા ગજ ઘોડારે, છત્ર ચમર છાંયા પડે. ચતુ૦
કો વેળા ખટરસ ભોજન જમાયે, કો વેળા કષ્ટે કુર;
કો વેળા કાયા હોય નીરોગી, કો વેળા રોગ ભરપુર.
કો વેળા લાખો લેણુંરે, કો વેળા રણ આવી નડે. ચતુ૦
કો વેળા સુવા સેજ પલંગો, અતર અરગજા ફુલ;
કો વેળા પાયે પંથ ચાલવું, આબોટાણ અવની ધુળ.
કો વેળા કાસદું કરવુંરે, કો વેળા નોબત ગડગડે. ચતુ૦
કો વેળા લાખ કરોડની દોલત, આપે સદાવ્રત સીખ;
કંગાળ થઈને યાચના કરતા, ઘર ઘર માગે ભીખ.
કો દીન માન મોટુંરે, કો દીન ખાસડાં શીર પડે. ચતુ૦
સમા સમાની છાંયડી છે ભાઈ, સુખ દુખ અપરંપાર;
પુણ્ય પાપ બે સાથે રહે ત્યાં, શો કરવો અહંકાર.
પુણ્ય પરવારેરે, આપત્ત કાળ આવી પડે. ચતુ૦
મારૂં મારૂં મન નહીં કરવું, તારૂં તન નહીં જાણ્ય;
અકળ ગતી છે ઈશ્વર કેરી, ક્ષણમાં હર્ષને હાણ્ય.
પ્રભુ પત રાખીરે, વીપત પડે વારે ચડે. ચતુ૦

सवैया.

ઈશનું ધ્યાનને જ્ઞાન ચુકિ, જપ દાન કર્યાં તે કર્યાં ન કર્યાં છે;
ઈશ વિના અન્ય દેવ તણાં વ્રત, ધ્યાન ધર્યાં તે ધર્યાં ન ધર્યાંછે.
ઈશ ચુકિ ગુરૂ માત પિતા પતિ, ધ્યાન કદાપિ ધર્યું ન ધર્યું છે;
આકિન અંતર ઈશ વિના, તપ તિર્થ કર્યું તે કર્યું ન કર્યું છે.

पद.

જન જાણીને જન જાણીને, જન્મા ત્યાંથી જાવું નહીં રેવું અહીં
ઉર આણીને ઉર આણીને, જન્મ મરણ જુગનાથ વિના જાશે નહીં.
અવતાર ધરી અવની આવ્યા, બાળક પણ ખેલ કરી ફાવ્યા;
તમે રમ્યા જમ્યા જનુની ભાવ્યા, જન જાણીને જન જાણીને. જ૦
જોબન જુવતી સંગ વહી જાશે, મમતા માયા મન બહુ થાશે;
નારાયણ નામ ન લેવાશે, જન જાણીને જન જાણીને જ૦
છૈયાં છોરૂ સુત વીત દારા, મનમાં જપતો મારાં મારાં;
અંતે નહીં એતો કોઈ તારાં, જન જાણીને જન જાણીને. જ૦
ઘર ધંધામાં ઘડપણ આવ્યું, નારાયણ નામ ન લેવાયું;
યમ દુત તણું જોરજ ફાવ્યું, જન જાણીને જન જાણીને. જ૦

पद.

ઉઠ અભાગીયા ઉઠ અભાગીયા, જો જાગીને ઉમર જાયે તારી;
તુજ આવરદા તુજ આવરદા, કાળ કરે છે ભક્ષણ ભાવે ભારી.
અભીલાષા સૌ અંતર રહેશે, અતી દોહલી વેળા દુખ સહેશે;
યમ અચેત જીવ જરૂર લેશે, ઉઠ અભાગીયા ઉઠ અભાગીયા.
દુખ દારૂણ રોગ પશે તનમાં, પસ્તાશો પોક મુકી મનમાં

તુજ રખડવું રહેશે રણમાં, ઉઠ અભાગીયા ઉઠ અભાગીયા.
નર દેહ નહીં આવે વળતો, રખે કુમાર્ગે જઈને ભળતો;
અવતાર સકળ રહેશે બળતો, ઉઠ અભાગીયા ઉઠ અભાગીયા.
નિતીને ભક્તીથી શેવા, કરો દેવ તણા જે છે દેવા;
દેવશંકર મોક્ષ મળે મેવા, ઉઠ અભાગીયા ઉઠ અભાગીયા.

રાગ ગરબો.

પ્રીત સુતો કેમ પ્રાગીયા જો, શીર સાંખી રહ્યો છે કાળ જો;
આંધી તે કેમ આંખે વળી જો, ચીત ચેતી ચતુર સંભાળ જો.
પ્રીત પ્રભુને સંભારીયે જો. ટેક.
પાછી ન પળ એક પામશો જો, લાખ કોટી કરોને ઉપાય જો;
આવો અવસર આવે નહીં જો, રખે આયુષ્ય એળે જાય જો. પ્રી૦
બાળ યુવાન કાળ નહી ગણે જો, અલ્પ આયુષ્યને શી વાર જો;
જોતાં જોતાંમાં તો જસે જો, ભજો પ્રભુ આવે ભવપાર જો. પ્રીત૦
જ્વાળા જગત જુઠી બધી જો, જીવ જન્મી પડે મોહપાસ જો;
નાવ નારાયણના વીના જો, નહીં ઉગરવાની આસ જો. પ્રીત૦
મોહ મમતા માયા મળી જો, લોભ ક્રોધ અને અહંકાર જો;
કુડી બુદ્ધી વળી કામથી જો, અધ ઓઘ થયા અંધાર જો. પ્રીત૦
ત્રશ્ણાનો ત્યાગ આવે નહી જો, અતી ભ્રાંતીને ઇર્ષા છે ઉર જો;
સંપતી સૌ આવી મળી જો, જોર જુવાનીનું ભરપુર જો. પ્રીત૦
ડાહ્યો થાયે સૌ દેખતાં જો, વળી નીંદે તે નરને નાર જો;
આપ વખાણે અતી ઘણું જો, શઠ સામા તણે વસ સાર જો. પ્રીત૦
આવી આવી ખાલે ચોગણું જો, એના અવગુણનો નહીં પાર જો;

હેતુ હરામી અનીથયા જો, ગુણહીણા એ જનના શુંગાર જો. પ્રીત૦
જોતા જુવાની તો જશે જો, જેમ પીપળ પાન ખરંત જો;
જોબન જઈ જરા આવશે જો, જેમ આકાશે વાદળાં કરંત જો. પ્રી૦
કાચો તે કુંભ કાયા તણો જો, વેગે વણસતાં સી વાર જો;
એક બાજીગરનો ખરો જો, નહી તેનો નથી નીરધાર જો. પ્રીત૦
સ્વપના તે જેવું શરીર છે જો, પાણી પોટો જરૂર જીવ જાણુ જો:
આકનાં તુર ઉડી જશે જો, નથી પળનું કાંઈ પરમાણ જો. પ્રીત૦
જોબન જઈ જરા આવશે જો, શીર કાળા મટી સ્વેત કેશ જો;
શકતી નહીરે સરીરમાં જો, વરૂા વિકાળ થાશે વેશ જો. પ્રીત૦
હાથ પગનો હીંડે નહી જો, આંખે અંધને મુખથી લાળ જો;
દારીદ્રતા દીલમાં વધે જો, બુધી બનશે જેવી બાળ જો. પ્રીત૦
અનેક રોગ આવી મળે જો, ખાન પાન ભોજન મન થાય જો;
ત્વચા ગળેને નાસી કા ઝરે જો, કોણ કાને નહી સંભળાય જો. પ્રીત૦
દારૂણ દુખ અની અંતનું જો, પીડ મુકીને કાઢવો પ્રાણ જો;
એતો વખત અતીવક્ર છે જો, જીવ જતુંને જગનાથ જાણજો. પ્રી૦
શુભ ગુણને નીતી વિના જો, દયા દાન પરમારથ પુન્ય જો;
ઈશ શેવા ઉર જે નહીં જો, ધરયો જન્મ જનુની શુન્ય જો. પ્રીત૦
દેવ વિના દેરૂં જુવો જો, ગોળ વિના મોળા કંસાર જો;
માતા વિના સુની સુતા જો, ઘરસુત્ર વિના પરીવાર જો. પ્રીત૦
રાકા વિના રજની જુવો જો, માન ખંડ થયો મહીપત જો;
વારી વિના મીન જાણવું જો, નર વિના નારીની ગત્ય જો. પ્રીત૦
પ્રાણ વીના જેવો પીંડ છે જો, શુભ ગુણ વીના આ શરીર જો

જન્મ ગયો જંજાળમાં જો, શું નાયો થઉ તટ નીર જો. પ્રીત૦
સાચા વિના સીધી નથી જો, કરો ક્રોડ તીરથ વ્રત દાન જો;
ભાવે પ્રભુને ભજ્યા વિના જો, દુખ દારૂણુ દે ભગવાન જો. પ્રીત૦
ઢોંગ મચાવે ધુનવા જો, ગુણ ગાયેને ચીનમાં છે ચોર જો;
પુજે પાખંડ પ્રીત કરી જો, નર નારી ઘણાં એ નઠોર જો. પ્રીત૦
કળયુગને કલ્પે કરી જો, સુખ પામે પ્રથમ શઠ ચોર જો;
લુચા લખાડ લવશે ઘણું જો, અંત અત્યંત દુખ અઘોરજો. પ્રી.
મદ મોહ લોભ ક્રોધ કામને જો, ઊર ઈર્ષાને ચેની કર ચુર જો;
હરી હર હેતથી ભજો જો, કરો વીકાર દેહના દુર જો. પ્રી.
માત તાત સુત ભ્રાત ભામની જો, સર્વ સંપતીને ઘર બાર જો;
અંત એ કોઈ તારાં નથી જો, ઈશ આરાધો વાર હજાર જો. પ્રી.
જાવું જરૂર જન્મા થકી જો, કરો યુકતીથી યત્ન અપાર જો;
નામ ધર્યું એ નાસછે જો, થાર ડરવાનું નથી આ હાર જો. પ્રી.
મોંઘો મનુષ્યા નહીં મળે જો, ક્ષણે ક્ષણે પ્રભુ ધર ધ્યાન જો;
લક્ષ ચોરાસી લોપનાં જો, સુખ સંપત ને સનમાન જો. પ્રી.
સુણે શીખે ગાય પ્રીતથી જો, દેવ શંકર સદા સુખ થાયજો;
સહાય કરે નીત્ય શ્રીહરી જો, તેના જન્મ મરણ ભય જાયજો. પ્રી.

गुरु आज्ञाथी समाधीए स्वास रुंधन करी इश्वर स्वरूप अंतर धरी करेल स्तुती. दोहरा.

પુરણ ગુરૂ પ્રતાપથી, અધિક અધિક ઉપદેશ;
શ્રવણ કર્યાં સ્નેહે કરી, કસર ન રાખી લેશ.
શિશ નમાવી નેહથી, પછી કરી પ્રણામ;

પ્રાણપતી પ્રીત થકી, પદ્દ વેણ વીશ્રામ.
ગુરૂ જ્ઞાન ઉપદેશથી, વધ્યો અધિક વૈરાગ;
આધી વ્યાધી આપદા, તુર્ત કર્યા છે ત્યાગ.
સુબોધ લેઇને સંચર્યા અઘોર વનમાં આપ;
ચિદાનંદ ચિત રાખીને, જપતાં જપતાં જાપ.
રૂંધી સ્વાશ સમાધીએ, ધર્યું ઈશનું ધ્યાન;
અર્જ કરે ચિત એકથી, ભુલી સઘળું ભાન.

ઇશ્વરની પ્રાર્થના.

ત્રિભંગીછંદ.

સ્નેહે સંસારી, સુણિએ પ્યારી, વિપત વિડારી, મન મારી;
સમજણ સુભકારી, લ્યો ઉરધારી, હેત વધારી, નર નારી;
ભજવા ભય હારી, પાહિ મોરારિ, છે સુખકારિ, બલિહારી;
અઘ ઓઘ ઉગારી, સુખ ભંડારી, અવધિ અપારી, ઉપકારી. ૧
જય નિરવિકારી, નિરઆકારી, ભાવીક ભારી, જગધારી;
જય જય અસુરારી, મંગળકારી, મતી અમારી, કર સારી;
લીલા પ્રભુ તારી, સૃષ્ટિ સારી, વદું વિચારી, વિસ્તારી;
સરિતા મય વારી, જંગલ ભારી, જંતુ અપારી, છે કારી. ૨
સમુદર શુભ ખારા, પરવત પારા, વૃક્ષ અપારા, નવં આરા;
અગણીત નભ તારા, શોભે સારા, ગ્રહ ગુણ ન્યારા, પ્રભુ પ્યારા;
શશી સુર્ય પ્રકારા, તેજ અપારા, જન મન હારા, ગુણ ગારા;
ધરણીધર ધારા, જે નર બારા, દુખના વારા, ભય ભારા. ૩

અજ અવની અપારા, પવનો પારા, જળની ધારા, એ તારા.
સુત વિત સુખધારા, જનને પ્યારા, કરિયાં ર.ા।, નર હારા. ૩
રૂતુ રમણિક રાખેં, ખાઃ મુખ ભાખો, હિનગં હાખો, ચિત ચાખો,
ક્ષણ પળ હિન આખો, ગસિક ચાખો, વરસે પાખો, જુગ આખો ૪
સ્નેહે સંભાળો, શિન શિયાળો, ઉનાગુ ઉનાળો, એ ભાળો;
જળ વૃષ્ટિવાળો, ગુણિજના ગાળો, હિત સંચાળો, નર ન્યાળો.
ખળતા નવ ખાળો, આપત આળો, ભ્રાંતે ખાળો, દુખ ટાળો.
પ્રિત્યે વૃત પાળો, તન દુખ ટાળો, આપ નિજબળ સુખ ભાળો. ૫
તનના પ્રભુ તાપો, વિપત વિલાપો, જન મન વ્યાપો, મા આપો.
સુમતિ સદા આપો, અગણિત પાપો, દુષ્ટ કાપો, પ્રભુ કાપો.
નિજ દાસ નિભાવો, શોપ સમાવો, અગ્નિ વરમાવો, રસ પાવો.
ફરિ જોગ ન આવો, મળસે ફાવો, જગપતિ ગાવો, લ્યો લાવો. ૬
શાન્તી સુખ દાતા, વિશ્વ વિધાતા, ચિત્ત શુભ ચાતા, છો ત્રાતા.
પ્રિત્યે પીતુ માતા, જગ વિખ્યાતા, મુકિત દાતા, ગુણ ત્રાતા.
સરણાગત સ્વામી, કરૂણાધામી, અગણિત નામી, નહિં ખામી.
જય વિશ્વ વિરામી, અંતર યામી, અગર અકામી, ગુણ ગામી. ૭
અગણિત મુજ દોષો, કન્ય નવ જોશો; રતી ન રોશો અફશોશો.
સંકટ પ્રભુ શોષો, નાહીં વગોશો, દિલ દુખ ખોશો, જસ જોશો.
પ્રભુ ગુણની ગીતી, ભગવત ભીતી, નીત્યે નીતી, જગ જીતી.
ભકતી ભય નીતી, ધર્મની રીતી, પ્રભુ પદ પ્રીતી, એ નીતી. ૮
જન ઊર અજ્ઞાની, નિયમ ન માની, અતિ અભિમાની, એ હાની.
બગલા મય ધ્યાની, છળતા છાની, ત્રણા તાની છે ફાની.

ઈશ્વર કૃત્ય એના, નિયમો જેના, સમ કો છે ના, જે તેના.
ભજશે જન જેના, કુશળ કરેના, હિત હોયેના પ્રેમ વિના. ૯
ભિન્ન ભિન્ન મત મોટા, વળિયા ગોટા, ડાપણ દોટા, મત ખોટા.
દ્રવ્ય વસ્તુ તોટા, ઈશ્વર ઓટા, જુક્તે જોટા, પરપોટા.
ધરાણીધર ધારૂં, સમરણ તારૂં, દુખ હરનારૂં, પ્રભુ પ્યારૂં.
સુસ્તવન ઉચારૂં, સુખ દેનારૂં, મંગળ મારૂં, કર સારૂં. ૧૦
અવગુણ પ્રભુ મારા, ન મળે આરા, વળી વધારા, નવ પારા.
માફી કર મારા, ગુના અપારા, સરણે તારા, છું ધારા.
દેવશંકર સારિ, ઓધ્ય અપારી, પ્રભુ તમારી, સુખકારી.
પ્રભુ અરજ ઉચ્ચારી, ઉર લે ધારી, સંપત સારી, દે ભારી. ૧૧

तोटकछंद.

જય અંતર યામિ દયાળું ખરા, ધરિ ધ્યાન સહું ચિત નીત્ય હરા;
જય ઈશ તને નમું શીશ સદા, દિલ દૂખ પ્રભૂ નવ થાય કદા.
ઉપકારિ મુને ઉપકાર કરો, સુમતી દઈ શેવક સ્નેહ ધરો;
પ્રભુ પાલણ પોષણ પ્રીત કરે, અધિકાર અનોપમ કાજ સરે.
નથિ મૂર્તિ નથી અવતાર પ્રભૂ, અપની કરતા હરનાર વિભૂ;
વણ હાથ ગ્રહે વણ પાય ચરે, નથિ કાન કદી પણ વાત ધરે.
નિરખે વણ નેત્રથિ વિશ્વ બધી, અવસો વણ સંચરતા અવધી;
નવ પામિ શકે જન પાર કદી, વદતાં ગુણ વેદ શકે ન વદી.
વપુ નાવ રૂપી જગ સીંધુ લહો, શુભ ધર્મ પ્રભૂ પદ પ્રીત રહો;
વિષયો રૂપ કંટક પંથ ચડે, ભવસાગર નાવ ન પાર પડે.
પદ પંકજ સેવન સદ્ય કરૂં, જુગનાથ કૃપા થકિ પાર તરૂં;

પ્રભુ આશ સદા તુજ એક ધરૂં, પર આશ દયા થકિ દૂર કરૂં.
અવિનાશિ અહો ઉર અર્જ લહો, રળિયાત રહો સુખ શાંતિ ચહો;
જગ તાત તમે જગ માત તમે, જગ ભ્રાત તમે સત્ય સ્નેહ તમે.
તમ ચર્ણ અમે નકિ શીશ નમે, મન મગન રમે જન જુક્ત જમે;
નવ દૂખ કદા અઘ થાય અદા, તન તૃપ્ત તદા સુખ શાંતિ સદા.
નિમ જે ન ગમે ભમતા ભરમે, ડમડોલ ડગે દિલ દૂખ દમે;
ખરિ ખામિ ખમે ભવ કૂપ ભમે, વણ નાથ કયમે નવ શોશ સમે.
અવગૂણ ખરો પ્રભુ કાઢિ પરો, દિલ દૂખ હરો સદ્ય સૂખ કરો;
ઈશ ધ્યાન ધરો દિલ દોષ ડરો, હિક હાર ઠરો ભવ પાર તરો.
વિનતી વદતાં, ગુણતા ગાણતાં, મનથી મથતાં કથતાં કથતાં.
નવ પાર લહું કહિ શુંય કહું, ચિત માંહિ ચહું નિત્ય રાજી રહું.
નિજ દાસ તણા અપરાધ અતી, પ્રભુ માફ કરી શુભ આપ મતી.
નવ રાંક પરે રિસ રાખ રતી, ભજુ ભાવથિ શ્રી જુગનાથ પતી.

लावणी.

શંકર શાંભ સદા શીવ શંભુ, ત્રીલોક તારણ જય જગદીશ;
મોક્ષ દાતા પ્રભુ જય જગ તાતા, અધમ ઉધ્ધારણ જય ભવ ઈશ.
અંતરયામી આદ્ય નીરંજંન, અકાળ મૃત્યુઓ હરતા.
સાયુજ્ય દાતા વ્યાપક સર્વે, અખીલ વીશ્વ આપેં કરતાં;
પાપ વિનાશન પતિત પાવન, સત્ય સનાતન દીન બંધુ.
પરમબ્રહ્મ પ્રભુ પર ઊપકારી, સાત્વીક ગુણ છો સુખ સીંધુ;
અગમ અચિંત્યને અજર અનાદી, પતીતોદ્ધારક ભય હારી.
જગતવંદને વિશ્વ વિધાતા, અલખ લખાતા બલીહારી;

નીઃસંગ ન્યાયે નીર્વિકારી, મંગળ મય સૃષ્ટિ પાતા.
સર્વાધ્યક્ષને સૃષ્ટિ નીયંતા, વરિષ્ટ વરદાયક ભ્રાતા;
સચ્ચિદાનન શુધ્ધ મુકત ક્ષમામય ભકત વત્સલ ભાવિક ભારી.
અનાદ્યંત છો તત્વ ત્રોલોકી, દયા સિંધુ સાત્વીક ધારી;
ભવજળ તારણ ભકત નીવારણ, અનાથ બંધુ આકાસી.
દોહલી વેલા દુખ વિમોચન, કરૂણા સિંધુ અવિનાશી;
પરમાત્મા પ્રભુ પાહી મોરારી, પતિતપાવન પર્મ અનુપ.
નર્ક નિવારણ નામ અનેકો, અખંડને વળી અકળ સ્વરૂપ;
નીર આકારી જય ગીરધારી, સારંગ પ્રાણી સુખ દાતા.
કાળ કષ્ટ હરે કૃપા સિંધુ, સકળ જગત શાંતી ચાતા;
વિશ્વ પીતા ભકતો જન ત્રાતા, દેવ દેવના જય દેવા.
સરજનહાર પ્રભુ સકળ ભુવનના, ધરાધીષર તુજ દે શેવા;
જગત ઉધ્ધારણ દુષ્ટ સંહારણ, ચૌદ લોકના હે સ્વામી.
કોટી બ્રહ્માંડમાં કર્તા હર્તા, વીશ્વનાથ તું બહુ નામી;
પ્રભુ આધાર મોટો તુજ અમછે, નોધારા આધાર ખરે.
અગણીત અવગુણ પરા કરો પ્રભુ, વ્યાપક અવની ઈશ અરે.
અજ્ઞાની ઉર અતી ઘણોછું, પ્રભુ પાર કેમ હું પામું
ઇશ ઓઘ અવગુણ તણા છે, કૃપા કરીને જો સામું.
અતી આશરો છે મુજ તારો, સદા ભકતી તારી આપો;
દેવ શંકર પ્રભુ દયા ધરી, સહાય કરીને સંકટ કાપો.

ભુજંગછંદ.

કરી મેર મોટી દયા દીલ ભાવી, દિધો જન્મ સંસારમાં સ્નેહ લાવી;

હવે ભાવથી શ્રી હરી નામ ભાખો, પરીબ્રહ્મ મારી પ્રભુ લાજ રાખો.
પ્રભુ સેવ ચુકી મહા મોહ પામ્યો, કદી ઈશને પ્રેમથી ના પ્રણામ્યો;
જશે જુગ એળે અરે જન્મ આખો, પરીબ્રહ્મ મારી પ્રભુ લાજ રાખો.
નહી લેશ તારી કરી સેવ સારી, નભાવો પ્રભુ હેતથી હોંશ ધારી;
ચિદાનંદ નેહે રૂડી રીત રાખો, પરીબ્રહ્મ મારી પ્રભુ લાજ રાખો.
મતીમંદનો દુખ દુરે વિડારી, કરૂ સેવ નિત્યે સહુ દુખ હારી;
ધરી પ્રેમ પૂરો પ્રભુ પ્રેમ દાખો, પરીબ્રહ્મ મારી પ્રભુ લાજ રાખો.
પ્રભુ પ્રાર્થના મેં નહીં લેશ કીધી, ધર્યું ચીત માયા અને રીધ સીધી;
અહો ઈશ દુખો સદા કાપી નાખો, પરીબ્રહ્મ મારી પ્રભુ લાજ રાખો.
કરો દુર ચીંતા હરો દુખ મારૂ, સદા સ્નેહથી હું વદું ચીતમારૂં;
દલી દાસ દુખો ગ્રહી બાંહ્ય રાખો, પરીબ્રહ્મ મારી પ્રભુ લાજ રાખો.
સુનીતી અને પ્રીતથી ભકતી તારી, સુખી સંપતીને સદા ખ્યાત સારી
કરો કામ સીધી અમારો અભાખો, પરીબ્રહ્મ મારી પ્રભુ લાજ રાખો.
દયા દીન બંધુ પ્રતીપાળ પૂરા, કરોડો ગુનાના કરો પાપ ચુરા;
ભજો ઈશને ચીતથી સ્વાદ ચાખો, પરીબ્રહ્મ મારી પ્રભુ લાજ રાખો.

होरी.

પ્રભુ મારાં પાપ નીવારો, ભુધર ભવ સાગર તારો. ટેક.
જગતની માંહી જન્મ ધરીને, એળે ખોયો જનમારો, હરી હરી૰
નારાયણનું નામ ન લીધું, અઘ ઓઘનો બાંધ્યો ભારો;
ધીઃક ધીઃક જન્મ હમારો, પ્રભુ મારા પાપ નિવારો.
સંસાર રૂપીયો સાગર તરવો, તે મધ્યે તુજ નામ આરો. હરી૰
હરી ગુણ ગાયા ન હેતથી હઈડે, ડુબ્યા તણો આવ્યો વારો;

મુકે કેમ સમુદર ખ્યારો, પ્રભુ મારાં પાપ નીવારો.
મોહ જંજાળની મોટી છે માયા, માલ મત્તા ઘરબારો, હરી૦
આ મારી સ્ત્રી અને આ મારાં છોરૂ, સગાં કુટંબ પરીવારો;
કેમ કરી થાઉ હું ન્યારો, પ્રભુ મારાં પાપ નીવારો.
ત્રણા નોતિ ત્યાગ ન આવે, મોહ સમે નહીં મારો, હરી૦
કામ થયા ગયા લાગને ઇંદ્રી, ગણુનાં આવે નહીં આરો;
એવો તુજ પરતાપ ખ્યારો, પ્રભુ મારાં પાપ નીવારો
હર્ષ ન આવે હરી ગુણ ગાતાં, લાગે નારી નેહ ખ્યારો. હરી૦
ઉતાવળો આશા ગેત કરૂં છું, માંથે નથી મોત ડારો;
દુકત દુર કરી માજ તારો, પ્રભુ મારાં પાપ નીવારો.
કાર્મીને ક્રોધીને મોહીને લાગ્યા, અવગુણ ઓગ અપારો. હરી૦
મદ મરછર અહંકાર અતી છે, કેમ કરી થાય છુટકારો;
નથી ઉગર્યાનો આરો, પ્રભુ મારાં પાપ નીવારો.
ઉરમાં અરજ ઇશ ધરજો અમારી, લખ ચોરાની ઉધારા. હરી૦
કાલાવાલા કરૂ કાંઇએ ન જાણું, દેવશંકર દીન દાસ તારો;
સંકટ શોષી પાર ઉતારો, પ્રભુ મારાં પાપ નીવારો.

તોટકછંદ.

પ્રભુ આ જખતે શુભિયે અરજી, દુરતો કરિયે દુખડાં હરજી;
સુખ સંપતિ સ્નેહથિ આપ સદા, દહિ દુખ દરીદ્ર પિડે ન કદા.
અરિનો કરનારજ નાસ અરે, ધરિ પ્રેમ કરો સુખ શાંતિ ખરે;
પ્રભુ માંગલ્ય મા સુખ આપ મુને, નમુ નેહથી ઇશ સહાય તુને.

ગરબી.

ઓથ્ય આધાર ઈશ તાહરો, નેક નાથ ગોથ આધાર ઈશ તાહરો. ટેક
સંસાર સુખ આપી મુજને સારૂંરે, ગુનો ક્ષમા કરો માહરો. નેક.
અનેક અવગુણ મુજમાં મોટારે, દયા લાવીને નિત્ય દાહરો. નેક.
કરૂણા કરી કણેશ કષ્ટોને કાપાર, હસ્તગ્રહો હરા માહરો. નેક.
દયા કરો દેવ શંકર સારારે, ત્રીલોકચ થાપ મુને તાહરા. નેક.

ભુજંગી છંદ.

પ્રભૂ વીશ્વમાં વ્યાપ્ત છોરે વિલાસી, કરૂં સ્તુતી તોંસા હૈયે હુલાસી;
ભુમી વારિ વાયૂ રવી ચંદ્ર તારા, નદી ટેકરાને સમુદ્રાદ ખારા.
તળાવો ગુફાને ગિરી આદિ ઝાડો, પશુ પાંખી જંતુ જુવો જાત ધાડો;
ખગે વાદળાંને ખનીજે જમીમાં, ભર્યાં ભોજનો ખામિ ભાળો ન તેમાં.
બનો કર્યાં માનવી માટ પૂરા, નહીં ન્યુનતા લેશ રાખી અધૂરો;
કરે છાંય વૃક્ષો ફળો ફૂલ આપે, સુગંધી થકી વાયગા સુખ થાપે.
સદા સીંધુથી અંજલી અર્ક થાય, રૂડાં રત્નો સાગરામાં સમાવે;
મળી મેઘને દુંદભી નાદ ગાય, શશી સૂર્યથી ભૂ પ્રકાશીત થાયે.
શિયાળો ઉનાળો અને એમ વૃષ્ટી, નકી નીમ બાંધી સજી ઇશ સૃષ્ટી
પુરા સૂખની પ્રાપ્તિ લેવાનું જાણી, મનૂષ્યોપરે મેર પૂરી પ્રમાણી.
વડા વૈભવો ભોગ ભૂકતીથિ આપ્યા, પુરાં સંચિતે તો પતી પૂર થાપ્યા
નકી પૂન્ય કીધા મહા સૂખ માણો, અરે માનવી ઉર નીચે પ્રમાણો;
પિતા માત જે તાત સંસાર કાજે, અરે અંત તેતો નહીં સાથ આવે.
હવે જો ચહો સૂખની પ્રાપ્તિ લેવા, ભજો ભાવથી નીત્ય દેવાધિ દેવા

નહીં ગંગ સ્નાને નહીં પાણી પાને, નહીં વ્રત દાને વિના ઈશ ધ્યાને
નહી પાર પામો કરો તિર્થ કોટી, પ્રભૂ શેવના વિણ છે વાત ખોટી.

नाराच छंद.

દયાળુ દીનના તું નાથ, ભકિત તારિ ભાવથી;
કરૂં સદા રહું સુખી, લહું હું લાભ લાવથી.
કૃપાળુ નાથ કોડ વાંક, મુજ માફ કીજીએ;
હમેસ હોંશ પૂરિ મારિ, સુખ શૂભ દીજીએ.

राग सोरठनी ठुमरी

ભવજળ પાર ઉતારો, ઈશ આવી આપતથી ઉગારોરે. ટેક.
અર્ણવનો કેમ આવે આરો, પ્રભુ પાર કેમ પામુંરે;
નાથ નીતીનું નાવ દીધોતો, સંકટ સઘળાં વામુરે. ભવ.
મમત મોહના મોજાં મોટાં, ભય લાગે છે ભારેરે;
ક્ષમા ચઢે સઢ સા વા વાયતો, આવી પોહોચે આરેરે. ભવ.
નાવીક જોઈએ ભકતી નારાયણ, અડચણ એક ન આવેરે;
લખ ચોરાશી જોજન સાગર, ફીરનો ફેર મટ જાવેરે. ભવ.
સાંતીથી નીત્ય સ્મર્ણન કરતાં, નીતીથી નિત્ય ચાલેરે;
પ્રભુ પ્રેમથી પાર ઉતારી, અવીચળ પદવી આલેરે. ભવ.

मोतीदाम छंद.

પ્રભૂ સુણિયે અરજી નિજ દાસ, કરૂં વિનતી વિગતેથિ વિલાસ;
ચહું ચિત હું ચરણો તુજ આશ, દયા દિન દાસ સદા અવિનાશ.
ભાણી ગુણ ભેદ થવું ગુણ ગ્નાન, હરીહરનું ધરવું નિત્ય ધ્યાન;

અહો ભગવાન. સદા સનમાન, કૃપા કરિ ધ્યાંન દિયો ધન્ય ધાન્ય.
મતી તજી મંદ પરા કરિ ફંદ,ગતી ગુણ નંદ ભજું સુખ કંદ;
તજાવિ કુછંદ સજાવી સુછંદ, સહાય મુકંદ ટળે ભવ ફંદ.

ભુજંગી છંદ

સદા શાંતિ દાતા વડા વીશ્વધાતા, પ્રભૂ માત તાતા સદા સૂખ ચાતા;
કૃપાધાર આ કષ્ટથી કો ઉગારે, દિનાનાથ તારા વિના કોણ તારે.
તમે સ્વેતુ છો સદા સંસાર તારો, દયા દ્રષ્ટીથી દાસને ના વિસારો;
નહીં દેવ દૂજો ચઢે મારિવારે, દિનાનાથ તારા વિના કોણ તારે.
નિરાકાર નેહે નમું વીશ્વ તાતા, સદાકાળ સાનીધ્ય છો મુકિત દાતા;
વિના તંન તાપો કહો કો નિવારે, દિનાનાથ તારા વિના કોણ તારે.
અહો ઈશ આજે અભે દાન આપો, ત્રિવીધી તણા તાપહે તાત કાપો;
તમેછો કૃપાળુ ભરૂંસો છે મારે, દિનાનાથ તારા વિના કોણ તારે.
કૃપાળૂ નહી છોરૂનાં કાર્ય જોશો, દયા દીલ લાવી કરો દૂર દોષો;
નહીં રાંકનો રોશ રાખો લગારે, દિનાનાથ તારા વિના કોણ તારે.
હરો પાપને તાપ સંતાપ જાપે, કરો મેર તો કોટિ કલ્યાણ થાપે;
નમું વીશ્વ આધારને વાર વારે, દિનાનાથ તારા વિના કોણ તારે.
નમું નીર્વિકારી સહૂ દૂખ હારી, અતિ ઊપકારી અનાદ્યંત ધારી;
અતિ પ્રાણથી પ્યારછે ઈસ મારે, દિના નાથ તારા વિના કોણ તારે.
પ્રણામી 'કરૂં પ્રીતથી નીત્ય સેવા, ધરે ધ્યાન જોગી સ્વરો દેવ દેવા;
ચઢો ચોંપથી વીશ્વનાનાથ વારે, દિનાનાથ તારા વિના કોણ તારે.

ભુજંગીછંદ.

દયા દ્રષ્ટિથી સૃષ્ટિનાં કષ્ટ કાપો, સદા સૂખ સીધી મુને આપ આપો;

ભજું ઈશ ભાવે મળે મિષ્ટ મેવા, દયાસીંધુ દેવા કરૂં તારિ સેવા.
નથી સાર સંસારમાં સેવ તારી, કહો શું કથું છે મતી મૂઢ મારી;
ધરે ધ્યાન જોગી મહાદેવ જેવા, દયાસીંધુ દેવા કરૂં તારિ સેવા.
પ્રણામી પ્રતી દીન હું પાય લાગું, સદાકાળ ચર્ણો તણા સેવ માગું
સ્તુતી ગીત ગાતાં ધરે હીત હેવા, દયાસીંધુ દેવા કરૂં તારિ સેવા.
ક્ષમા સર્વ પાપો કરો માફ મારાં, મતી મંદ કાપો કરૂં કાર્ય સારાં;
ભજું ઈશને હું ભલો લાભ લેવા, દયાસીંધુ દેવા કરૂ તારિ સેવા.
કરોછો ધરોછો ભરો સૃષ્ટિ ભાવે, ભજું હું ત્રિવીધી તણા તાપ જાવે;
અચિંત્ય અગાધી ભજું ઈશ એવા, દયા સીંધુ દેવા કરૂં તારિ સેવા.;
પ્રતીપાળ પૂરા વિભુ વીશ્વસ્વામી, અખંડાવિનાશી સદા શીશ નામી
દયા દાનને યાગછે જાષ એવા, દયાસીંધુ દેવા કરૂં તારિ સેવા.
પ્રભૂ કાળની ભીતિ છે શીર ભારે, કહો ઈશ તારા વિના કો નિવારે;
નથી ભીતિ તારી કહો એહ કેવા, દયાસીંધુ દેવા કરૂં તારિ સેવા.
અતી ઊપકારી નહીં તુલ્ય તારી, કહું શું કથી છે મતી અલ્પ મારી;
નિશા દીન રક્ષા કરો દેવ દેવા, દયાસીંધુ દેવા કરૂં તારિ સેવા.

आरती,

જય જગ તારણ જય જય નારાયણ, પ્રભુ જય જય નારાયણ;
જગ તાતા સુખ દાતા ત્રીભોવન તું તારણ, જય હરી હર મહાદેવ.
પરી બ્રહ્મ પરમેશ્વર ઈશ્વર આકાસી, પ્રભુ ઈશ્વર આકાસી;
જગ કરતા દુખ હરતા અખંડ અવિનાસી, જય હરીહર મહાદેવ.
અખીલ ભુવના ઈશ અચ્યુત આનંદા, પ્રભુ અચ્યુત આનંદા;
બહુ નામી નહીં ખામી જય નરહર નંદા, જય હરી હર મહાદેવ.

આકાસે અવનીમાં અગણીત તુજ લીલા, અગણીત તુજ લીલા;
ભેદ ન ભણતાં પામે મુની મોટા મહીલા, જય હરી હર મહાદેવ.
દેવ દનુજને ઇશ્વર સાયુજ્ય સુખ દાતા, પ્રભુ સાયુજ સુખદાતા;
અધમ ઊધ્ધારણ તારણ, તું પ્રભુ પીતુ માતા જય હરી હર મહાદેવ.
સકળ સૃષ્ટીના ઈસ નહીં કાંઈ તુજ છાનું, પ્રભુ નહીં કાંઈ;
નર્ક નીવારણ નામી દ્યો અવીચળ ખાનું, જય હરી હર મહાદેવ.
ભુલોક ભવ નવ ખંડ હરી હર દુખ હરતા, પ્રભુ હરી હર દુખ;
ભવન ભાર ઉતારણ ત્રીલોક તું કરતા, જય હરી હર મહાદેવ.
સુકૃત સુખી આપો દુકૃત દુર કરજો, પ્રભુ દુકૃત દુર કરજો;
કષ્ટ સુખી કાપી દરીદ્ર દુખ હરજો, જય હરી હર મહાદેવ.
સ્વર્ગ મૃત્યુ પાતાળ વાસ સકળ તેરા, પ્રભુ વાસ સકળ તેરા;
લક્ષ ચોરાસી ફેરા અળસાવો મેરા, જય હરી હર માહાદેવ.
ગાય શીખે નર નારી સદગુણ શુભ આવે, પ્રભુ સદગુણ શુભ આવે;
દયા કરો દેવ શંકર જન્મ મરણ જાવે, જય હરી હર માહાદેવ.

ईश्वर क्रुपाथी प्राणपतीनो मोक्ष.

सार्दूलवीक्रीडित छंद.

જાણ્યું શેવક છે ખરો નિજ તણો, નારાયણે નેહથી
વેમાને ચઢિ લાવવા અનુચરો, આજ્ઞા કરી એહથી;
આવી પૂષ્પ વિમાન પ્રાણપતિની, પાસે રહ્યું છે ખડું;
વૈકુંઠે લઈ ચાલિયા પલકમાં, જ્યાં માન પામ્યા વડું.

दोहरा.

જન્મ મરણ જુગતે ગયું, પ્રાણપતીનું પ્રીત;

તેજે તેજ મળી ગયું, હરિયે કીધું હીત.
જનમી જનને જગતમાં. સજે સુનીતી ધર્મ;
અંતરમાં નિત્ય ઈશનું, સમરણ કરશો પર્મ.
ભાવેથી ભગવાંનનું, આકિન રાખે એક;
સંપત સીધી સર્વદા, પ્રભુનીભાવે ટેક.
જન્મચરિત્ર છે જીવનું, કરે ભોગવે તેહ;
સુખ પુણ્યે દુખ પાપથી, લેશ નથી સંદેહ.
આસ્તિક બુધ્ધિ આપથી, ધરી ધરો પ્રભુ ધ્યાન;
દૈવ દેવશંકર દિયે, નોતમ ફળ નીત્યાન.

समाप्त.

परचुरण विषय.

विषय भाग २ जो.

शक्ति स्तुती. राग सोरठनी ठुमरी.

વાઘેસ્વરી વરી મુજ માજી, વળો માત મુજ વારેરે;
ઊત્તમ ફળ અંબા મુજ આપો, આવ્યો તુજ આધારેરે. ટેક.
અંબા આશ સદા એક તારી, દીલમાં દુજી ન ભાળુંરે;
જગત જનેતા માત માહરી, ઊરમાં નીસ દીન આણુંરે. વાઘે૦
ભોળી ભવાની ભકતી તમારી; અર્જ કરૂં મુજ આપોરે;

દિન દાસનાં દુખ દહીને, સંકટ સઘળાં કાપોરે. વાઘે૦
કામી ક્રોધી કપટી કુડો, ક્રોડ ગુના કરનારોરે;
સદા શકતી તુજ સહાય થકી મા, શેવક કેવાણો સારોરે. વાઘે૦
તું પીતુ માતા ભગની ભ્રાતા, ભાવ ભરૂસો તમારોરે;
અનેક અવગુણ મુજમાં માજી, ગુનો માફ કર મારોરે. વાઘે૦
સીધ લક્ષ્મી તમે સર્વે વ્યાપક, ઉરમાં નહીં અજાણ્યુંરે;
અઘટીત કામો બને અછાનાં, પ્રેમે માત પ્રમાણ્યુંરે. વાઘે૦
જળ થળ ખગમાં વાસ વિશ્વરી, બ્રહ્માંડમાં માત ભર્તારે;
પશુ પક્ષિ નર નાર સર્વદા, કાત્યાયની છો કર્તારે. વાઘે૦
ભકતોને મા ભવ સુખ આપો, રીધ સીધ સુખ અપારરે;
દયા કરો દેવી દેવશંકર, બુદ્ધી બળ બહુ વારરે. વાઘે૦

હોરી.

અંબીકા આશરો છે તમારો. ટેક.
શંભુ સૂતા સિધ લક્ષ્મી સદા માજી, આદ્ય શક્તિ અવિધારો;
ચંડી ચામુંડા તું જગત જનુની, સૈલ સુતા સીંધુ તારો;
સરવ દૂખ દુરે વીડારો, અંબીકા આશરો છે તમારો.
ત્રીભોવન પોષીણી શંકર તોષીણી, મહીષાસુર માજી માર્યો;
ચંડ મુંડ ચાંચડવત ચોળી, સુરવર શોષ નિવાર્યો;
શેવકને અરણવ ઊગાર્યો, અંબીકા આશરો છે તમારો.
દનુજનરોષની ભવ ભય મોચની, અસુરનો આણીયો આરો;
કત પીધું રકતબીજને મારી, મધુકેટભ માજીએ માર્યો;
ડાસુર ભડને વીડાર્યો, અંબીકા આશરો છે તમારો.

વિશ્વ વિશે વીશ્વેશ્વરી વાસો, અગણીત ગુણ અપારો;
ઇંદ્ર અમર નીત્ય સુ સ્તુતી કરતા, ગુણ ગાય સ્નેહથી સારો;
કીનર કરે ત્રત્ય હજારો, અંબીકા આસરો છે તમારો.]
પંચ કેશો પ્રભુએ ઉતરાવ્યા, પરતાપ માજીનો પ્યારો;
દેવશંકર સદા શુભ સુખ આપી, અરજ અંબા અવી ધારો;]
સંકટ શોધી પાર ઉતારો, અ બીકા આસરો છે તમારો.

सखी पम्त्रे ते पंथे चाल्यारे ए राग.

અબા મારી આશ પુરોને માડીરે. ટેક.
જન જનુની જગત એક જાણુંરે, અન્ય આધાર ઉર ન અણુંરે;
પરમેશ્વરી પ્રેમે વખાણુ, અંબા મારી આશ પુરોને માડીરે.
સુખ આપો સદા માજી સારૂંરે, કલેશ કષ્ટ કાપોને અમારૂંરે;
હુતો રટણ કરૂં છું તમ હું. અંબા૦
છઇએ છોરૂ અંબા આઈ તમારારે, ગુના માફ કરોને હમારારે;
સદા શુભ ગુણ આપોને સારા. અંબા૦
આદ્ય શકતી તણો અવતારરે, કરચો દુષ્ટ તણો સંહારરે;
શુખ આપો શેવક અતી સાર. અંબા૦
ચીત ચીંતાને ઉરપરીતાપોરે, દિન દુખ પીડા દીલ કાપોરે;
રીધી સીધી સદા માજી આપો. અંબા૦
દેવશંકર દીલ સુખ દાઈરે, સદા આશરો તારો છે આઈરે;
મુને ઉત્તમ ફળ આપો માઈ. અંબા૦

राग गरबी.

હુંતો દરશન જાઉં દાડી દાડીરે, મળવા મુજ માડી.

મારે અંબાનીરખવાની આડીરે, મળવા મુજ માડી. ટેક.
આથમણે ગોખ માતા અંબા બીરાજેરે,
હાંરે એતા દાંતા ડુંગરમાંહીં ગાજેરે. મળવા૦
મુરતી મનોહર મહા રૂપ રંભારે,
હાંરે શોભે શહસ્ત્ર સુરજ જાણે થંભારે. મળવા૦
વાઘ વાહન બાળા શુંદરી બીરાજેરે,
હાંરે માણી મુગટ સોનાનો શીર છાજેરે. મળવા૦
વીશ્વ વિલોચની વસ્યાં શુભ વાડીરે,
હાંરે ત્યાંતો ઝુકી રહી છે ઝાઝી ઝાડીરે. મળવા૦
જાગતી જ્યોત જગત માંહી જાણું રે,
હાંરે માજી પરચાથી પારખું પ્રમાણુંરે. મળવા૦
દાસ સદા સુખ દેઈ દુખ કાપ્યાંરે,
હાંરે માએ ભકતોને મુખ માગ્યાં આપ્યાંરે. મળવા૦
શેવક કામ સદા સીધ કરતાંરે,
હાંરે માજી ધાન્યને ધન ધ્યાન ધરતાંરે. મળવા૦
અખીલ ભુવન અંબા આસરો અમારેરે,
હાંરે હુંતો સરણે આવ્યો છું તમારેરે. મળવા૦
દેવશંકર સુખ દયા ધરીનેરે;
હાંરે અંબા આવ્યો છું આશ કરીનેરે. મળવા૦

राग पद.

માજી માજી માજીરે, હુંતો મળવાને જાઉછું માજી.
રૂદેમાં થઈ અની રાજીરે હુંતો મળવાને જાઉછું માજી. ટેક.

મુરતી મનોહર મા છબી નીરખી, સુર્ય શશી છબી લાજીરે. હુંતો૦
તું જગ દાતાને તું પીતુ માતા, એમ સરવ શોર છાજીરે. હુંતો૦
સંસાર શકતીએ ખેલ રચાવ્યો, બાળાનીએ તો સખ બાજીરે. હુંતો.
આસ્થા અંબાની સુખ સદા છે, શું કરે કુરાન કાજીરે. હુંતો૦
નેહથી અંબા ટેક નીભાવી, ત્રીપુરી મતી આપો તાજીરે. હુંતો૦
ત્રીલોક તનયા દાસ સદા તુજ, વાહન ચડવા વાજીરે. હુંતો૦
માજી મનોરથ પ્રેમથી પુરો, દેવશંકર નીલ રાજીરે. હુંતો૦

બૌચરાજી માતાની ઉતપત્તી વીગેરેનો ગરબો.

પ્રથમ પ્રભુને પ્રણામ હેતે હાથ જોડી હું નમુરે;
શંભુ સુત કરો સહાય, ગુણ ગાઈને રૂદે રમુંરે;
સરસ્વતી ધરો સ્નેહ, વિઘન કાઢે વારે ચડીરે;
એથ ધારી કરૂં અર્જ, અંબા આશા પુરો આ ઘડીરે;
ગુણ ગાવ થવું જ્ઞાન, ધ્યાન બૌચરાજી માતનુંરે;
અતી મતી મારી અલ્પ, સ્વરૂપ શું જાણું સાક્ષાતનુંરે:
મયા ખુપી મુજ જ્ઞાન, ધરૂં ધ્યાન માત બોચરારે;
સદા સુર આપી સુખ, કરી ચુર અસુર સૌ ચર્યારે;
છોડી ચેતાગીરી સદ્ય, ચારૂ ચુંવાળે આવી પરસ્યાંરે;
પરચો આપી પ્રત્યક્ષ, સમીપ શંખલપુર જઈ વસ્યાંરે;
જગત માત વાત ખ્યાત, તેજ ત્રણ લોક નવ સમેરે;
સ્વરૂપ સુર્ય પામે અસ્ત, બ્રહ્મા વેદ ભણતાં ભમેરે.
આયુધ ગદા શંખ ચક્ર, ત્રીશુળ બરછી ને છે અસીરે;
અસુર આ આવ્યા હામ, મામે રકત પીધાં હસીરે;

કરયો કુકડો વાહન, બાળી બીરાજે ગોખમાંરે.
ભોળી ભાવ ધરે ભકત, માજી સદા રહે શોખમાંરે
શેવક કામ કરે સદ્ય, અદ્ય જગતું જ્યોત જાગતીરે.
પુરે ભકતોના ભાવ, માજી મુખ માગ્યાં આપતીરે;
લળી લળી લાગું પાય, માજી કૃપા મુજ કીજીયેરે.
આપો સુખ કાપો દુખ, રીષ સીદદાસ દીજીયેરે;
માત ચર્ણુ નામું શીશ, પાય લાગું પરમેશ્વરીરે.
ચારૂ ચુંવાળનો ભુપ. લાજ રાખી ત્રીપુરેસ્વરારે;
વર્જો સોળંકી છે નામ, ગામ એકસોને આઠ છેરે;
વર્જો વ્રષ વયે થયો, પેટ પુત્ર રાણી માઠ છેરે.
થયો જન્મ પુત્રી પેટ, નેટ પુત્ર પ્રેર્યુ પુરમાંરે;
વેંચી સાકરો વધાઇ, પુત્રી રાખે પુરૂષ નુરમાંરે.
પુર પાટણે પળાઇ, સ્નેહે સગાઇ સારી કરીરે;
ચતુર ચાવડા કહેવાય, કન્યા કુંવર વેરે ધરીરે.
નારી સાથે પરણી નાર, મર્મ કોઇએ ન આણીયોરે;
ભર્મ ભામનીને થયો, મર્દ નહીં મેરી જાણીયોરે.
ગઇ પીયર મોઝાર, ભર્મ ભાંગી કરી વારતારે;
મેરી પરણી નહીં મર્દ, ખરી મેરી મર્દ ધારતારે;
સ્વસુર તેડયો જમાઇ, પડી ભ્રાંત એ છે ભામનીરે.
તરૂણી તેજમાલ નામ, ગ્રહ્યો હસ્ત સ્વસુર સામની;
પડી બુમ ચડયું સૈન્ય, હાહાકાર અતી થયોરે
લાલ ઘોડી મંગાઇ, તેજમાલ નાશી ગયોરે;

આવી વર્ખડીને સ્થળ, તન તપ્યું તાપ લાગીયોરે.
અબળા જાત એકાએક, જગ્યા જોઈ ભ્રમ ભાગીયોરે;
હતું ખાબકું ખચીત, એક કુતરી આવી પડીરે.
નારી રૂપ બદલાઈ, નર રૂપ થઈ તે ઘડીરે;
તેજમાલ લાલ લેઈ નવરાવી બહુ નેહથીરે.
મટી ઘોડી થયો અસ્વ, વપુવાન ફર્યા દેહથીરે;
સ્નાન કર્યું તેના માંહ્ય, નીજ વપુવાન ફેરવ્યોરે.
મેરી મટી થયો મર્દ, માએ પરચો નીજ પ્રેરવ્યોરે;
અસ્ત્રી રૂપ થયું અસ્ત, મુછ દાઢી મુખે થઈરે.
ત્રીશુલ કર્યું તેજમાલ, અરૂણ ઉગ્યો નીશા ગઈરે;
તેડવા તરૂણીને જાય, પાટણ પુરમાં પ્રેમે ભર્યારે.
ચતુર ચાવડા પસ્તાય, આપો માફી ગુના બહુ કર્યારે;
અતી સુખ તેજમાલ, માએ દીધું મન ભાવતુંરે.
શેવક સીધ કર્યા કાજ, ફળ સુભ આપ્યું ફાવતુંરે;
ખાડા ખાબડાનું થાય, માન સરોવર મા તણુંરે
કર્યું વર્ખડીને સ્થળ, આદ્ય સ્થાનક અંબાત ણુંરે.
દીવ્ય દીપ દેવળ થાય. કળશ કનક તણાં ધર્યારે;
બાળા સુંદરી છે બાઈ, આઈ આવી આસન કર્યારે.
એક આવ્યો અસુર સુર, સ્થાંનક ઉખાડીયાંરે;
કરી મુર્તી માત્ર ખંડ, દેવ દાનવો નસાડિયારે.
કર્યા બ્રાહ્મણો ભૃષ્ટ, નષ્ટ કર્મ મનાવવારે,
અસુર આવ્યા આ ઠામ, હિંદુ ધર્મ લોપાવવારે,

કરે કુકડા કલોલ, માને પારે મરઘાં ઘણાંરે.
અસુરે આવી કર્યાં ભક્ષ, મુઢ જાણે શું મા તણારે;
ઘડી ચાર રહી રાત, પારે કુકડો પોકારીયોરે;
કર્યા ભક્ષ કુકડાય, તેણે સાદ સામો મારીયોરે;
અસુર અતી અકળાય, પેટ ફાડી પાખ્યા કુકડાંરે;
ગળી ગયો નીજ ગર્વ, અસુર આખ્યા મા હુકડારે;
માફી માગી નીજ મુઢ, બર્દ રાખ્યું માત બેચરારે;
મલેચ થયા માજી દાસ, ધર્મ લોપન છોડયો ધરારે;
જગત માત ખરે ખ્યાત, બાળી બેચરા બીરાજતીરે;
નવ ખંડ નીજ નામ, ચારૂ સુંવાળમાં છાજતીરે;
અંધકાર અંધ આંખ, અંધ આવી માને નમ્યારે;
દીવ્ય ચક્ષ પામ્યા દ્રષ્ટ, શોપ સરવે તેના સમ્યારે;
બેરાં બોબડાં જે જન, શોક ટાળી સારાં કર્યારે;
જન્મ ખોડ પત કોડ, કાઢયાં કામો શેવક સર્યારે;
માની આસ્થા રાખી ઊર, પુર પારણાં બંધાવીયાંરે;
પુત્ર નહી પામ્યા પુત્ર, વરશુત્ર સંપડાવીયાંરે;
ભવાનીના હશે ભક્ત, સંપત સુખ સીધી સર્વદારે;
કાપો કષ્ટ કરૂણાય, વિઘન વારે ચઢો સદારે;
બાળી બેચરાજી બાઈ, માઈ મોટો તુજ આશરોરે;
નથી અન્યનો આધાર, ભોળી ભરૂસો ભાવે ધરોરે;
રીધી સીધી આપો આઈ, માજી મહાસુખ દીજીએરે;
અંબા પુરો મારો આશ, દયા દાસપર કીજીએરે;

લીલા લેહેર કરો લાભ, ગાય સુણે શીખે જે નરોરે;
મંગળ કરો મુજ માત, દેવશંકર દયા કરોરે.

વાઘેશ્વરીની સ્તુતી. લાવણી.

માજી ગુણ ગાવા થઈ મરજી, અરજી અંબા ઉર ધરીએ;
વાહાલાં વાઘેશ્વરી બીરાજે, જ્ઞાન ગુણ ગાવા કરીયે;
માહા માયા શક્તીને સીધી, સદા કુમારી મારી માત;
વાઘેસ્વરી વળો મુજ વારે, સરવ જગત વ્યાપક સાક્ષાત;
વાઘ તણુ વાહન બીરાજે, મહા મંગળ મય મુર્તિ માત;
ભક્તાને મા ભવ સુખ આપે, શત્રુની સદા સાધે ઘાત;
જગ કરતાં ને દુખ હરતાં મા, અખીલ વિશ્વ ઉતારણ ભાર;
વાઘેશ્વરી વડી મુજ માજી, સદા સુખ આપો સત વાર;
ગુણ ગાઊં ગાજી થઈને રાજી, છો મુજ માજી મેહેર કરો;
દીલ દયાળી કરૂણાવાળી, ભકતી ભાળી ભાવ ધરો;
જગત જનેતા સો સુખ દેતા, જનમ ન લેતા જે જાણે;
વિશ્વ વિશે વિશ્વાસ વિશ્વરી, અહોનીશ ઉરમાં આણે;
રટણ તમારૂં સુખ દે સારૂં, સ્તુતી ઊચારૂં ધ્યાન ધરો;
મુખથી ભાખું ગુણ ગતી ચાખું, રૂદયે રાખું રીઝ કરી;
પાયે લાગું સુખ શુભ માગું, દુર્મતી ત્યાગું દયા કરો;
વિશ્વ વિલાસી અખીલ નીવાસી, કોટીક કાશી કષ્ટ હરો;
અરજ અમારી સ્તુતી તુમારી, કરો કુમારી કૃપા ઘણી;
દયા દાસની દીલમાં ધારી, સુખ દ્યો શત્રુ સર્વ હણી;
છઈએ છોરૂ સદા તમારાં, હમેશ હમારાં હીત ધરો;

માહાસુખ આપો મુખ્ય માગ્યું મા, લીલા લેહેરને લાભ કરો;
હરીવદની હેતેથી હોંશે, હઇડા કેરી પુરો હામ;
અહોનીશ ઉત્તમ ફળ મુજ આપી, કરોને મારાં સર્વે કામ;
અંબા પુરો આશ અમારી, સદા શકતી મુજ સહાય રહો;
વિધન વારે વેલાં આવી, હરીદ્રતા દીન દુખ દહો;
મન માન્યું માજી મુજ કરીયે, હરોયે ભીડ ને ધરીયે પ્રીત;
દીનદાસ પર દયા કરીને, પ્રસન થઇ દરસન દ્યો નીત્ય;
ભોળી તુજ ભકતી દ્યો ભાવે, લાવે તુજ લીલા ગાઊ;
જગત જ્યોત જય જય જગ જનુની, વારંવાર વારી જાઉં;
એક ઇશ્વરી ઓથ તમારી, આસ શદા ઉરમાં આણું;
ખરે ખ્યાન છો માત હમારી, વિના કો ન જગમાં જાણું.
મહા મંગળ સુખ મેહેર કરીને, પુરણ પ્રેમે કરજો કાજ;
દયા દીલ દેવી દેવશંકર, લક્ષ્મી લીલા આપો આજ.

क्षेमशंकर महादेवनी स्तुती. लावणी.

વર્ધમાનમાં વાસ કરયો પ્રભુ, બ્રહ્મ વાસમાં ભાવ ધરી;
ઇષ્ટ અરજ ઉરમાં અવીધારી, પુરણ પ્રેમે કૃપા ધારી.
ભાવ ભરૂંશો છે તુજ ભારી, રાખો લાજ ગરીબનવાજ;
ક્ષેમ શંકર પ્રભુ ખરો ભરૂંસો, સદા ક્ષેમ રાખો મહારાજ.
દીનદાશ પર દયા ધરીને, કૃપા કરી પ્રભુ કષ્ટ હર્યાં;
ભોળે ભાવે ભકુતી કરતાં, શેવકના સદ્ય કામ સર્યાં.
અનાથ બંધુ કૃપા સીંધુ, સર્વ જગતના છો શીરતાજ;
ક્ષેમ શંકર પ્રભુ ખરો ભરૂંસો, સદા ક્ષેમ રાખો મહારાજ.

દીલમાં ધારો દાસ તમારો, પુરણ પ્યારો કૃપા કરો;
માફ કરો માહારાજ ગુના મુજ, હેતથી હર્ષે હર્ષ ધરો.
ભોળા ભાવ ધરીને મારી, અમ્મર રાખો અવની લાજ;
ક્ષેમ શંકર પ્રભુ પ્યારો ભજશો, સદા ક્ષેમ રાખો મહારાજ.
પાપ પ્રજાળી દુખડાં ટાળી, ભલા ભાળી બાંય ગ્રહો;
રીધી સીધી ધનને બુધી, આપી શેવક સુખ ચહો.
દેવ દયા દેવશંકરનાં પ્રભુ, પુરણ પ્રેમે કરજો કાજ.
ક્ષેમ શંકર પ્રભુ પ્યારો ભજસો, સદા ક્ષેમ રાખો મહારાજ.

राग परज,

શંકર ભજો સૌ સ્નેહથી. ટેક.
મોટા મુની કરે સેવ પાવો દેવન કે દેવરે. શંકર
માયા કરી માહાદેવજી, સજી સૃષ્ટી શીવ સર્વરે;
નીગમ નીરંજન નાથ છો, શેષ પામે નહી પર્વરે. શંકર૦
ગૌર વરણ ગુરૂ દેવજી, જોગી જટાધારી જંગરે;
જુકતે બીરાજે જાન્હવી, ભુત પ્રીત ભર્યો સંગરે. શંકર૦
વેણા ધારી વિષ રાખીચું, કંઠે કરી કંઠ માળરે;
ભુષણ ભોરીંગ ભોળે સજાં, અર્ધ ચંદ્ર છે કપાળરે. શંકર૦
ભસ્મ લગાવી હર ભાવથી, ત્રણ નેત્ર ત્રીપુરારરે;
ડાક ડમરૂ શ્રંગી સજ્યાં, રૂંઢ માળ રૂદે સારરે. શંકર૦
ઉમીયાં તે આસન બીરાજતાં, અર્ધ અંગ મહાદેવરે;
વાઘ અંબર ગજ ચર્મ છે, વિશ્નુ શેષ કરે શેવરે. શંકર૦
કૈલાશપતી કરૂણા કરી, ક્રોડ જુગના કરતારરે;

નંદી ઉપર નેહે કરી, આવી થયા અસ્વારરે. શંકર૦
સુંદર છબી જોઈ સ્યામની, દેવ દેખે વૈમાનરે;
વિશ્નુ વિરંચીને વિષરી, ભુલી ગયા નિજ ભાનરે. શંકર૦
શંકર સદા આનંદમાં, ગાન તાન ગીત થાયરે;
મહા મંગળ મહાદેવજી; ગુણ નિજ દાસ ગાયરે. શંકર૦
સહાય કરો શેવક સદા, નવ નીધ રીધ સીધરે;
ખુદા ખાવા બદ રાખીએ, લાજ લક્ષ્મી પ્રસીધરે. શંકર૦
હામ પુરો હેતે કરી, ઈષ્ટ એક છો આધારરે;
દેવ શંકર દયા કરો, સુખ આપો શ્રીકારરે. શંકર૦

उद्यम करम विषे. दोहरा.

ઉદ્યોગે અવની પતી, ઉદ્યોગે ધનવાન;
અમલદાર ઉદ્યોગથી, શુણ્યા છે નહીં કાન.
મુવા તુલ્ય મેહેનત કરે, નિત્ય નિત્યને નિત્ય;
ઉદ્યોગીને એટલું, ખાવા મળે ખચીત.
આ ઉપરથી એટલું, કર્મ વિના ઉદ્યોગ;
ઉત્તમ ફળ આપે નહીં. જુવો જોઈને જોગ.
નસિબ એકલું ને ફળે, બેસિ રહે નીજ ઘેર;
કર્માધિન ઊદ્યોગ લેઈ, પામો સુખ શુભ પેર.
મહિપત બેસિ મોહલમાં, કરે ન ઉદ્યમ લેશ;
કુહાડિ લઈ કોળી જુવો, ઊદ્યમ કરે હમેશ.
સદ ભાગે ઊદ્યમ સરસ, મળશે જગમાં માન;
વિના કર્મ ઊદ્યોગથી, જગમાં જાયે જાન.

સત્કર્મો કરવા થકી, સંચિત સારાં થાય;
સંચિત કર્મ સરસ થયે, મહા પદ પર્મ પમાય.
ધર્મ કર્મમાં પર્મ જે, ધરે બ્રહ્મનું ધ્યાન;
દેવ દેવ શંકર દિયે, ઉત્તમ ફળ નિર્વાન.

संप विषे भुजंगी छंद.

સજો સંપ શાણા અતી સૂખકારી, વિના સંપ દ્રષ્ટે જુઓ દૂખ ભારી;
નહીં સંપછે જ્યાં જુઓ હાલ તેના, દુખે દેખિ ડૂબ્યા ગ્રહો હાથ તેના.
વિના સંપ શ્રષ્ટી તણું રાજ્ય ખોયું, વિના એકતા ગ્રાસને ગામ ખોયું;
વધ્યું વીશ્વમાં વેરને ઝેર ઝાઝું, અદેખા અતી આળસુ દેખિ દાઝું.
વધી જાતિમાં જ્ઞાતિઓ બીન સંપે, કરે કલેસ રોજે નહીં કોપ જંપે;
ગયું તત્વ સૌ જ્ઞાતિનું એમ આજે, થયું માન મોંઘું ગતી ગૂણ લાજે
કુટંબે અને ભાઈથી સંપ નાહીં, સગાંથી વધે નીત્યછે કલેશ જ્યાંહી
કરી પાય કીર્તી અને દ્રવ્ય જાયે, વધે ચીત ચીંતા ગતી હીણ થાયે.
વિના સંપ આ વીશ્વમાં જે વસેછે, નથી સૂખ સારૂં દુખોમાં ધસેછે;
અરે એક હાથે ન તાળી પડેરે, વિના સંપ મોટા ન વારે ચડેરે.
સજો બુધિ સારી કબૂધી વિડારી, નરો સાથ નારી લહો કીર્તિ ભારી;
કરો સ્નેહથી સંપ સૌ સાથ સારો, અરે માનવી આવિયો આજ વારો,
અસી સંપ રૂપી ગ્રહી હાથ માંહી, જડામૂળ કાઢો નડે કો દિ નાંહીં;
સજો સંપ સ્નેહે સદા મીત્ર મારા; પ્રભૂ પ્રેમથી કોડ પૂરે તમારા;
સજો સંપને સૂખનાં બીજ ચાખો, સદા શ્રેષ્ટતા ઈશ આનંદ રાખો;
અરી અસ્ત પામે શત્રૂ દૂખ જાયે, નવે નીધ ને રીધ ને સીધ થાયે.

अव्रदीच ब्राह्मण विशे लावणी.

અનંત યુગથી ઉદીચ્યોની, ઉતપત્તી અવની આવે;

જગ જીતેંદ્રી શીધ સામર્થી, પ્રેમે પદ પુરાણ પાવે.
બળ બુધ્ધ વિધ્ધતા વિવેકી, નેકી ટેકી સત્ય સદૈવ;
કર્મ ધર્મમાં પર્મ પવિતર, અસત્ય ઈર્ષા ઉરમાં નૈવ.
આદરમાન અતી અવનીમાં, નૃપતી નેહે રાખે પાસ;
અરે ઉદિચ્યો કઠણ કાળથી, વિશ્વ વિશે વણસ્યો વિશ્વાસ.
કળયુગ કુડે કોપ કરીને, વિપ્ર વપુમાં વાસ કર્યો;
કર્મ ધર્મ પુરાણ પરવારી, મહા પાપમાં પાપ ધર્યો.
ઉઠો ઉદિચ્યો ધર્મ લોપાયો, ધર્મ તમારો ક્યાંહાં ગયો;
કેમ સોડ્ય તમે સુતા તાણી, દેશ બધામાં ઘોર ભયો.
નેહ લાગ્યો કેમ નિંદ્રા સાથે, વર્ષ હજારો વહી ગયાં;
સાવધ થઈ તમે છોડો નીંદ્રા, શાસ્ત્ર તમારાં ક્યાંહાં ગયાં.
બની બાવરા શું બેઠા છો, થાઓ ઉદ્યોગી અતી ઘણા;
ચતુર ચપળતા ચીતમાં રાખો, કષ્ટ પડ્યામાં નથી મણા.
ઉઘાડો તમે આંખ તમારી, આપણી પ્રાચીન જે વિદ્યા;
શીખ્યા અશુર પરધર્મિ લોકો, થાય દેશમાં બહુ નિંદ્યા.
મુલકમાંથી માન ગયું અને, તેજ ગયું સૌ તમમાંથી;
હાસ્ય કરે સહુ હલકા પડીયા, શું દાખું હવે મનમાંથી.
મુકી અડાણે વિદ્યા આપાણી, ક્ષેત્ર લેઈ કોઈ ખેત કરે;
અટન કરતા અગણીત બ્રાહ્મણ, ભીક્ષ માગીને પેટ ભરે.
કંઈક કાસદાં કરે કોઈનાં, કંઈક કરે કામો નીચાં;
કંઈક નીચની કરે નોકરી, કહો કેમ લોચન મીચાં.
અદેખા અને અતી આળસુ, કેમ આપણે બની રહ્યા;
કેમ અકલ આપણથી નાઠી, શા અવગુણ આપણે લહ્યા.

અરે આપણે ધર્મ લોપીયો, કર્મ કદી કાંઈ કર્યા નહી;
અસભ્યતાનો અવગુણ મોટો, માન મર્યાદા રહ્યા નહી.
તે માટે નીજ બ્રાહ્મણ ભાઈઓ, ધર્મ કુળને સંભાળો;
અવસ્ય લાગે અવગુણ કરતા, દયા લાવી ચીત તે ટાળો.
નીજ બાળકને બાળપણામાં, અધ્યન આપો વિદ્યાનું;
બાળપણામાં લગ્નનો ધારો, કેહેવું છે એ નીંદ્યાનું.
સજો સુધારો સ્વજ્ઞાતીનો, છોડો જે અવળા ચાલો;
વરો કરો નહી ઘર વેચીને, ઠાઠ રચો નહી કાંઈ ઠાલો.
ઉપજ આપણી સંભાળીને, કામ સદા ઘરનાં કરજો.
દયા દીલ આણી દેવશંકર, ચતુર ચેતીને ચીત્ત ધરજો.

क्षत्री विषे चावखा

ક્ષત્રી સુર ગયું નાશીરે, હલવા લોક કરે હાંશી. ટેક.
પ્રાક્રમ પુર્વજ જુઓ વિચારી, સંગ્રામમાં શીશ આપે;
શંત્રૂઓ સાથે સ્નેહથી લડતાં, રીપુનું દળ રણ કાપે. ક્ષ.
પોતા તણાં પુર પરવશ પડીયાં, સાશન સૌ કરી આપ્યાં;
રાંકડીયા રજપુત બન્યા તમે, જીવતાં શીર સૌ કાપ્યાં. ક્ષ.
દાતા શાતાને સદ્ગુણી શુરા, ખુપી રીધી બળ ભારે;
દીલના ડાહ્યા દુર ગયા હવે, અનાથ રહિયા અત્યારે. ક્ષ.
નેહ ધરી નીત્ય નીશા કરીને, ચકચુરથી ચીત ડોલે;
પ્રીત અફીણ વીષ પાન કરીને, બબે બદામ વાત બોલે. ક્ષ.
જોધા જોરાવર વેશ વ્રકોદર, કતાંત સરખી કાયા;
બલકમાં બરી બામી પડી હવે, જનુતીએ નથી જાયા. ક્ષ.
આપ નહીં નીજ કાય વિશે, અને દુર્બલ દામણા દીશે;

ડોળ દેખી કોપ દોકડો ન ધીરે, ઈકું દેખીને દાંત પીસે. ક્ષ.
સમજણનો તો છાંટો ન મળે, બળહીણ બુધીએ બુરા;
અભક્ષાભક્ષ ને અફીણીયા, તમે વ્યસને વાધ્યા પુરા; ક્ષ.
કુટંબમાં રોજ કલેશ કરીને, ફરિયાદ ફોકટ માંડે;
મીથ્યા મમતમાં માન ધરીને, માલમતા નીજ છાંડે. ક્ષ.
રાંકડા કેમ રજપુત બન્યા તમે, પુર્વજ પાણી ખોયું;
બાપ દાદાની મેળવેલી મિલકત, પરવારી પાનીચું ધોયું. ક્ષ.
સર્વે જનોને શીશ નમાવી, બાપજી કહી બોલાવે;
સીંહ હતા તે થયા સીપાળી, કોઈ ઈતબાર વલાવે. ક્ષ.
શાસ્ત્રો પરે નહીં સ્નેહ જણાવે, ગઢવી ગીત રહે રાજી;
કામી ને એદી કાળજા વગરના, કેક કુડાને કેક પાજી. ક્ષ.
સગાં સંગાતે સંપ કરો તમે, અવગુણ ઉર નહીં રાખો;
દીલના ડાહ્યા શુધ્ધ બુધી શુરા, સદ્‌ગુણ સર્વે ચાખો, ક્ષ.
હીમત રાખો હૈયા વિશે નીજ, ગયો ગરાશ પાછો વાળો;
પ્રાક્રમી પ્રૌઢા પૃથ્વી થઈને, નીતીની રીત નીત્ય ચાલો. ક્ષ.

वैश्य विशे. आज अविनाशी ए राग.

વૈશ્ય વેપારી વેવારીયા થઈ મીથ્યા વદવી વાણી;
દીલ ડાહ્યાછો સમજુ થઈને શું કહું અંતર આણી. ટેક.
તમે ધરણીમા બહુ ધર્મિષ્ઠો, સદા કામ કાજે બહુ કરમીષ્ઠો;
તમે સુખી સંતોષી ને સર્મિષ્ઠો. વૈશ્ય વેપારી.
છો નાણાવટમાં નીત્ય નેકી, ગુણસાગર ગંભીર વીવેકી;
વિદ્યાવંતને વિશ્વમાં છો ટેકી, વૈશ્ય વેપારી.
તમે જીવ દયા પ્રતીપાળ સદા, પણ સત્ય ભાષણ મુખ નોપ કદા;

લા લેઈને દેવુ કરોછો અદા, વૈશ્ય વેપારી;
તમે કુડ તણા નીત્ય કાજ કરો, દોષ દૈવ થકી દીલમાં ન ડરો.
સગાં સ્નેહી સરમ મનમાં ન ધરો, વૈશ્ય વેપારી;
વૈશ્ય વિશ્વ થકી વહેવાર ગયો, લાજ લોપ થઈ અવિશ્વાસ થયો;
કુડી દાંડીને કાટલે ફેર ભયો, વૈશ્ય વેપારી.
ધન ધુતવા રાજી રોજ રહો, દગે દામ મેળવવા ચીત ચહો;
પેચ પ્રપંચે પ્રૌઢ વેપાર લહો, વૈશ્ય વેપારી.
હેતુ હરામનું લેઈ નીત્ય ખાઓ, પડે ભીડ ત્યારે ભાગી જાઓ;
રાથી રૂઓને રંક ઉપર ધાઓ, વૈશ્ય વેપારી.
હેતુ થઈ તમે હારદ નવ આપો, સાધી સ્વારથ સ્નેહીનું શીર કાપો;
ઊંડી આગલી તાપણી નીત્ય તાપો, વૈશ્ય વેપારી.
ડાહ્યા દુર્ગુણ દીલથી દુર કરો, કુડ કપટ તણાં તમે કાજ હરો;
પુન્ય પરમારથપર પ્રીત ધરો, વૈશ્ય વેપારી.

स्त्रीओने शीखामण. राग रामग्री.

શામા શીયળ પાળો સ્નેહથી, રાખી પુરણ પ્રીત;
સુખ છે સદા શુભ શીયળમાં, હઈયે ધરી કહું હીત.
પીઉ વીના પરનર જાણવા, સરવે ભ્રાત ને તાત;
ચીત ચુકી લાજ લોપતાં, થાય વીપરીત વાત. શામા૦
પર ઘેર કદી નવ પેસીયે, નહીં નીચનો સંગ;
પરશું હસી નવ બોલીયે, સદા સમરો શ્રીરંગ. શામા૦
અસુર અગોચર એકલાં, જાતાં જોખમ થાય;
નર સાથે નયણ ન જોડીયે, પતીવ્રતપણું જાય. શામા૦
વિપરીત વાત વચન કહે, ડરી નાસવું દુર;

સરસ શરીર હોય શોભતું, નવ જોઇએ જરૂર. શામા૦
દુષ્ટ દુર્બલ અને નીર્ગુણી, કરૂપ કુબડો હોય;
શામા શીયલ થકી નવ ચળો, અધીક ઈંદ્રથી તોય. શામા૦
પ્રાણ વસે પરવશપણે, ચુકીએ નહીં ચીત;
વ્યસની સાથે વાત નવ કરો, ચાલો નીતીથી નીત્ય. શામા૦
વસ્તુ કો આપે વિષય પણે, ગ્રહીયે નહીં હાથ;
અણસારે પણ નવ બેસીયે, પરપુરૂષની સાથ. શામા૦
ચંચળ ચાલ ન ચાલીયે, હસી નવ કરીયે વાત;
તાળી ન લેઇયે પરસ્પરે, જોઇ કુળ કેરી જાત. શામા૦
પરનર પાણી પાયે નહીં, નહીં આવે એ કામ;
લાજ જશે સહુ લોકમાં, બોળે બાપનું નામ. શામા૦
સમજુ સકળ નેહે નારીયો, સુણી વીનતી કાન;
કામી લુચ્યા જન લાલચુ, તજો સંગ નાદાન. શામા૦
રામે સીતા વન પરહર્યાં, નળે દમયંતી નાર;
સતીઓયે સત છોડયું નહીં, કષ્ટ પડીયાં અપાર. શામા૦
દુર્લભ દેહ આ નહીં મળે, માપી મન રાખો ટેક;
નીત્યે પતીવ્રત પાળીયે, ચોખ્ખું ચીત રાખી નેક. શામા૦
જુગમાં સતી સોળ થઇ ગઇ, રહ્યાં અમર નામ;
શીયળ સાચે દીલ પાળતાં, પુરે પ્રભુ નીજ હામ. શામા૦
દીલ દેવ.શંકર સુખ સદા, સરે શીયળથી કામ;
પરમ પ્રભુ પદ પામનાં, અંતે અવીચળ ધામ. શામા૦

काठीयावाडना देशी राजाओने मानपत्र. भुजंगीछंद.

અહો કાઠિયાવાડના દેશી રાજા, શિખ્યા સર્વ વીદ્યા રહીદેશ માજા

કળા કોટિ કૌસલ્ય વાકેફગારી, કરો ન્યાય નીત્યે નથી વાત ન્યારી.
અરે ખુબ ઇંગ્રેજની સાથ પ્રીતી, ચલાવો રૂડી રીતથી રાજનીતી;
અતી શ્રેષ્ટતા આબરૂ ઈંડિયામાં, પ્રજા પ્રીત ધારે ન ખામી કશામાં;
નથી ચોર ચાડી નથી જોર જારી, નથી અન્ય એકે ન અન્યાયકારી;
અનાથો અધૂરા અતિ શ્રેષ્ટ જામે, વડુ વીદ્વતા વાન તો માન પામે;
સલા સંપ શાંતી થકી સૂખ થાયે, અરી અસ્ત પામી સહૂ દૂખ જાયે;
કરો નીત્ય નીતી રહી રાજ સારૂં, સદા શ્રીપ્રભૂજી કરે શ્રે તમારૂં.

हिंदुस्थानना पूर्वना राजा अने अर्वाचीन स्थीतीनो मुकावलो. लावणी.

બ્રહ્મ ક્ષત્રી ને વૈસ્ય વિગેરે, હીંદુસ્થળ મુળ હીંદુસ્થાન;
ક્ષત્રી સુરા બુદ્ધિ પુરા, નહી અધુરા જુગમાં માન;
રામ કૃષ્ણ કૌરવ ને પાંડવ, ચંદ્ર સુર્ય વંસી રાજા;
વીક્રમ શાલીવાહન સુરા, ભોજ ભરૂ રાખી માજા;
જન જોરાવર પ્રૌઢ પ્રાક્રમી, શ્રેષ્ટ સુરા સર્વોત્તમ રાય;
પરદુખ ભંજન જન મન રંજન, ગાંજ્યા ગુણીયલ કોનવ જાય;
દયા દાનને ધર્મ ધુરધર, ન્યાય નીપુણ વિદ્યા ભરપુર;
અખંડીત ઈંદ્રાસન દ્રવ અવની, નવં હીંદુ રામ છે કો નુર;
દુહાઈ દેશમાં એક આપની, અન્ય નથી એકે ભીતી;
નેકી ટેકી અને વીવેકી, દયા ધર્મ સાત્વીક નીતી;
એ આદ્યે પ્રાક્રમી પુર્વજો, હીંદુસ્થાન હતા હીંદુ; .
એ ભુમી આ આર્ય તણીછે, અરે ગયા ક્યાં એ ઈંદુ;
ભુજંગ જાતાં ભુમીં ઉપર, રહ્યા લીસોટા એ જાણો;
એજ સ્થળો અને એજ વંશાના, અનાથ ઉર આજે આણો;
હીંદુ રાજા ગઈ ગુણ માજા, નીજ ગાદી પરહાથ ગઈ;

મુસંલમાન આવીને મચીયા, લુટી લક્ષ્મી સૌ લાજ લઇ;
રાંક રજપુતો રણ નવ જીત્યા, ખરા ક્ષત્રીની ખોટ પડી;
જૈનધર્મના મતના મહીપત, નરહીંસા અડચણો નડી;
વેર ઝેર તો વધીયાં ઝાઝાં, જુલમી જનનું જોર થયું;
રૈયત રાજા રગડી ઝાઝા, તત્વ ન તાજા કોપ રહ્યું;
આપ આપના ધર્મ ઉવેખે, આર્ય જનો ફળ એ પામ્યા;
પૃથ્વી ગઇ પરદેશી હાથે, જુકતેથી નવ કો જામ્યા;
ખામી પડતાં થયા ખંડીયા, હરી લીયાં હીમતને હીત;
દીન દીન પ્રત્યે નીજ દેશોથી, જતું રહે જુકતેથી વીત;
કંચન ભુમી કાંકરની થઇ, અરે થયા આપે કંગાલ;
હીકમતથી ધન હરીયું હેતે, નર નારી નીરખો નીર્માલ;
હવે ચહો હીત જો નીજ હીંદુ, હીમત ધારી હુનર લહો;
ફરી ગણો ચાખો ફળ ફાવી, રાત દીવશ રજોયાત રહો;
કુશળ કળા કૌસીલ્ય કોટીધા, ચતુર ચેતજો ચીતમાં સાર;
દેત દેવશંકર સુખ સીધી, ઉત્તમ ફળ આપો નીરધાર.

हरिगीतछंद.

શાણા વિવેકી સુજ્ઞ જનને, અરજ છે મુજ એટલી;
આ અલ્પ મતિએ આદરેલા, ગ્રંથમાં ભુલ જેટલી;
વિદ્યા તણું નથી જ્ઞાન વધતું, રચો છે મુજ યા મતી;
કરિ મહેર માફિ રાખશો, નવ રોશ રાખો કો રતી.

दोहरा.

કરવું તે તો કઠિણ છે, કરિ જુઓ કેમ થાય;
નાહક જે નાદાન છે, છીદ્ર ખોળવા ચાય.
સમજુ સાર ગ્રહણ કરિ, વાહાલપ ધરો વિશેષ;
દોષ મુરખ ખોટો દિયે, ધરૂં ન શંકા લેશ.

લી. રાવળ દેવશંકર રામચંદ્ર. ગ્રંથ કરતા.

સમાપ્ત.